
હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક
શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૨૦-૪-૨૦૨૬, સોમવાર
વર્ષ: ૧૫, અંક : ૩૭
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia




### નામ 'આમ આદમી', કામ 'ખાસ આદમી' જેવું

# આમ આદમી પાર્ટીએ આંગડિયા મારફત કરોડો રૂપિયા ગુજરાતમાં ઠાલવ્યા: ક્રાઈમ બ્રાંચનો સપાટો

## દિલ્હી ટુ સુરત હવાલા કનેક્શન: સત્યેન્દ્ર જૈનના પૂર્વ પીએ આકાશ મિશ્રાની ધરપકડ, આંગડિયા પેઢી મારફતે કરોડોનું ટ્રાન્ઝેક્શન



આકાશ મિશ્રા અને અજય તિવારી આંગડિયા પેઢીમાં રૂપિયા લેવા જતા હોવાના સીસીટીવી ફૂટેજ પોલીસે કબજે કર્યા

રાજનીતિમાં જે દેખાય છે તે હોતું નથી અને જે હોય છે તે ક્યારેય દેખાતું નથી. 'આમ આદમી'ના નામે શાસન અને વ્યવસ્થા બદલવાની વાતો કરતી આમ આદમી પાર્ટી અત્યારે સુરતમાં એક મોટા વિવાદના વમળમાં ફસાઈ છે. જે પક્ષ પારદર્શિતા અને પ્રમાણિકતાના દાવા કરતો હતો, તેના જ તાર હવે કરોડો રૂપિયાના કથિત હવાલા રેકેટ સાથે જોડાયેલા જોવા મળી રહ્યા છે. દિલ્હીથી વાયા આંગડિયા સુરત સુધી પહોંચતા આ રૂપિયાના વ્યવહારોએ અનેક સવાલો ઉભા કર્યા છે. જ્યારે પક્ષના જ પૂર્વ પીએ સ્તરના વ્યક્તિઓની સંડોવણી બહાર આવે, ત્યારે સ્વાભાવિક રીતે જ જનતાના મનમાં એક વાત ચોક્કસ ઉઠે છે કે આ પાર્ટીનું નામ આમ આદમી છે પણ કામ તો કોઈ ખાસ આદમી જેવું જ છે!

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા સુરતમાં રાજકીય ગરમાવો તેજ બન્યો છે. દિલ્હીથી આમ આદમી પાર્ટી માટે આવતા ફંડિંગના મામલે સુરત ક્રાઈમ બ્રાન્ચે એક મોટા હવાલા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં દિલ્હીના પૂર્વ કેબિનેટ મંત્રી સત્યેન્દ્ર જૈનના ખાસ ગણાતા પૂર્વ પીએ આકાશ મિશ્રાની અટકાયત કરી પૂછપરછ હાથ ધરવામાં આવી છે.ડીસીપી ક્રાઈમ ભાવેશ રોજીયાના જણાવ્યા અનુસાર, ઉમરા પોલીસને મળેલી બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચ તપાસમાં જોડાઈ હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, દિલ્હીથી હિમાંશુ પાહુજા નામની વ્યક્તિ હવાલા મારફતે સુરત પૈસા મોકલતી હતી. છેલ્લા ૫ થી ૬ મહિનામાં સુરતની અલગ-અલગ ૫ આંગડિયા પેઢીઓ મારફતે ₹૧.૨૫ કરોડથી વધુની રકમ મોકલવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

ક્રાઈમ બ્રાન્ચે આંગડિયા પેઢીના સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે, જેમાં આકાશ મિશ્રા અને અજય તિવારી નામના વ્યક્તિઓ રૂપિયા લેવા જતા નજરે પડે છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આઠ થી દસ લોકો આ નેટવર્કમાં સામેલ હોવાની આશંકા છે.રૂપિયા મોકલનાર હિમાંશુ પાહુજા અગાઉ કોંગ્રેસમાં હતો અને હાલ 'આપ'નો સક્રિય કાર્યકર છે.પૈસા લેવા આવનાર આકાશ મિશ્રા 'આપ'ના સિનિયર નેતાનો પૂર્વ પીએ રહી ચૂક્યો છે.

### ગોપાલ ઈટાલિયા સાથે દિલ્હીથી હવાલા નેટવર્ક સંભાળનાર હિમાંશુ પાહુજા



હિમાંશુ પાહુજા અગાઉ કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલો હતો, જે હાલમાં આમ આદમી પાર્ટીના સક્રિય કાર્યકર તરીકે કાર્યરત છે. મળતી માહિતી મુજબ, તે દિલ્હીથી હવાલા મારફતે સુરત પૈસા મોકલવાનું મુખ્ય નેટવર્ક સંભાળતો હતો.

સુરતના આ કૌભાંડની સાથોસાથ રાજકોટના રાજકીય વર્તુળોમાં પણ ગણગણાટ શરૂ થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોર્પોરેશનની ટિકિટ મેળવવા માટે ઉમેદવારોએ એક-એક કરોડ રૂપિયા ખર્ચવા પડી રહ્યા હોવાની ચર્ચા છે. સવાલ એ ઉભો થાય છે કે, જે પદ પર રહીને 'માનવ સેવા' કરવાની હોય, તે મેળવવા માટે કરોડો રૂપિયા કેમ ખર્ચવામાં આવે છે? લોકોમાં એવી પણ વાતો છે કે, ચૂંટણી લડતી વખતે સાયકલ પર ફરતા ઉમેદવારો જીત્યાના ગણતરીના વર્ષોમાં સીધા હેલિકોપ્ટરમાં ઉડતા થઈ જાય છે. આ જ બતાવે છે કે સત્તા પર આવ્યા પછી સેવાની આડમાં કેવી રીતે 'મેવા' ખાવામાં આવે છે.

ચૂંટણી પંચે ઉમેદવારો માટે પ્રચારના ખર્ચની મર્યાદા નક્કી કરી છે, પરંતુ વાસ્તવિકતા કાંઈક અલગ જ છે. કરોડો રૂપિયાના પ્રચાર, લલચાવતી જાહેરાતો અને ભવ્ય આયોજનો સામે પંચની લિમિટ તો માત્ર 'ચટણી' સમાન લાગે છે. રાજકોટમાં તો હદ ત્યાં થઈ કે એક ધનાઢ્ય ઉમેદવારે જાહેરમાં એલાન કર્યું કે તે પોતાના સાથી ઉમેદવારનો તમામ ખર્ચ પોતે ઉપાડશે! આ પ્રકારના ખુલ્લા પ્રદર્શનો લોકશાહી સામે સવાલ ઉભા કરે છે.

જે આમ આદમી પાર્ટી ભ્રષ્ટાચારને નાબૂદ કરવાના શપથ લઈને રાજનીતિમાં આવી હતી, તે જ પાર્ટીના નેતાઓ હવે હવાલા રેકેટમાં ફસાયા છે. જે લોકો બીજાને ભ્રષ્ટાચારી કહેતા હતા, તેઓ જ હવે કરોડોના શંકાસ્પદ ફંડિંગમાં ઘેરાયા છે. માત્ર 'આપ' જ નહીં, પરંતુ ઘણી પાર્ટીઓ હવે લોકસેવાને બદલે જેની પાસે 'પૈસાનું જોર' હોય તેને જ ટિકિટ આપતી થઈ ગઈ છે.

# કામચલાઉ શરત નહીં કાયમી ઉકેલ આવ્યે જ યુદ્ધ સમાપ્ત થશે: ઈરાન

## ટ્રમ્પની ધમકીઓ સામે ઝૂકવાને બદલે તેહરાને બાંયો ચડાવી: હોર્મુઝની નાકાબંધી હટાવવા અને પ્રતિબંધો નાબૂદ કરવા ઈરાનની મક્કમ માંગ

**અબતક, રાજકોટ**

અમેરિકા અને ઈરાન વચ્ચેનો ગજગ્રાહ હવે નિર્ણાયક વળાંક પર પહોંચ્યો છે. એક તરફ ટ્રમ્પ વહીવટીતંત્ર પાકિસ્તાનમાં મંત્રણા માટે પ્રતિનિધિમંડળ મોકલી રહ્યું છે, તો બીજી તરફ ઈરાને સ્પષ્ટ કરી દીધું છે કે તેને કોઈ પણ પ્રકારની કામચલાઉ શરતો મંજૂર નથી. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને રોકડું પરખાવતા જણાવ્યું છે કે, જ્યાં સુધી તમામ વિવાદોનો કાયમી ઉકેલ નહીં આવે ત્યાં સુધી યુદ્ધ જેવી સ્થિતિ સમાપ્ત થશે નહીં.

ઈરાને પાકિસ્તાન જતાં પહેલા અમેરિકા સમક્ષ પોતાની 'રેડ લાઈન' સ્પષ્ટ કરી દીધી છેયુએસ નેવી દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ (હોર્મુઝની ખાડી)માં કરવામાં આવેલી નાકાબંધી તાત્કાલિક હટાવવામાં આવે.અમેરિકા દ્વારા ફ્રીઝ કરવામાં આવેલી ઈરાનની અબજો ડોલરની સંપત્તિ પરથી નિયંત્રણો હટાવવામાં આવે.ઈરાન પર લાદવામાં આવેલા તમામ આર્થિક પ્રતિબંધોનો કાયમી અંત આવે તો જ વાટાઘાટો ફળદાયી બનશે.

પાકિસ્તાનમાં યોજનારી બીજા રાઉન્ડની મંત્રણામાં અમેરિકા તરફથી વાઈસ પ્રેસિડેન્ટ જે.ડી. વેન્સ અને જેરેડ કુશનર જેવા દિગ્ગજો હાજર રહેવાના છે. જોકે, ઈરાને હજુ સુધી પોતાની હાજરીની સત્તાવાર પુષ્ટિ આપી નથી. રાજકીય વિશ્લેષકો માને છે કે ટ્રમ્પની

(અનુ. આઠમા પાને)

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝને લઈ ચંચુપાત બંધ કરવા ઈરાનનું અમેરિકાને અલ્ટીમેટમ

વૈશ્વિક એનર્જી કોરિડોર ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં અમેરિકી નૌકાદળની વધતી દખલગીરી સામે ઈરાને હવે આખરી ચેતવણી આપી દીધી છે. ઈરાને સ્પષ્ટ શબ્દોમાં અમેરિકાને અલ્ટીમેટમ આપતા જણાવ્યું છે કે, જ્યાં સુધી આ દરિયાઈ માર્ગ પરથી અમેરિકા પોતાનો ચંચુપાત અને નાકાબંધી બંધ નહીં કરે, ત્યાં સુધી શાંતિની કોઈ પણ વાતચીત શક્ય નથી.પાકિસ્તાનમાં યોજાનારી બીજા રાઉન્ડની બેઠકને ઈરાને સદંતર નકારી કાઢી છે. ઈરાની ન્યૂઝ એજન્સીએ આ મંત્રણાને અમેરિકાનો 'દબાણ લાવવાનો પેંતરો' ગણાવ્યો છે.તાજેતરમાં અમેરિકી યુદ્ધ જહાજ દ્વારા ઈરાનના કાર્ગો જહાજ પર કરાયેલા હુમલાને તેહરાને 'સશસ્ત્ર ચાંચિયાગીરી' ગણાવી છે. ઈરાને કહ્યું કે, એક તરફ અમેરિકા જહાજો પર હુમલા કરે છે અને બીજી તરફ મંત્રણાનો ડોળ કરે છે, જે હવે ચલાવી લેવાશે નહીં.પાકિસ્તાનમાં ઈરાનના રાજદૂત રઝા અમીરી મોગદમે સોશિયલ મીડિયા પર ખુલ્લી ચેતવણી આપી છે કે, ''તમે આંતરરાષ્ટ્રીય કાયદાઓનું ઉલ્લંઘન કરીને અને ઈરાનને યુદ્ધના ગુનાઓની ધમકી આપીને મુત્સદ્દીગીરીની અપેક્ષા ન રાખી શકો.

# અમેરિકા- ઈરાનની સંધિ તૂટી? ક્રૂડના ભાવ ૧૦૦ ડોલરને પાર થઈને ભડકે બળ્યાં

## હોર્મુઝની ખાડીમાં ફરી તણાવ વધતા ઓઈલ સપ્લાય પર મોટી અસર, ક્રૂડ ઓઈલના ભાવમાં ૬%થી વધુનો ઉછાળો: નિષ્ણાતોના મતે ભાવ હજુ પણ વધી શકે છે

**અબતક, નવી દિલ્હી**

ઓઈલના ભાવમાં સોમવારે અચાનક મોટો ઉછાળો જોવા મળ્યો હતો. અગાઉના સત્રમાં ૯% થી વધુનો ઘટાડો નોંધાયા બાદ, હોર્મુઝની ખાડીમાં ફરી તણાવ વધવાને કારણે ભાવમાં ૬% થી વધુનો વધારો થયો છે. અમેરિકા અને ઈરાન દ્વારા એકબીજા પર શનિ-રવિ દરમિયાન જહાજોને નિશાન બનાવીને યુદ્ધવિરામનો ભંગ કરવાનો આરોપ લગાવ્યા બાદ આ સ્થિતિ સર્જાઈ છે.

ભૌગોલિક રાજકીય મોરચે, અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે જણાવ્યું હતું કે અમેરિકન દળોએ નાકાબંધી તોડવાનો પ્રયાસ કરી રહેલા ઈરાની કાર્ગો જહાજને જપ્ત કર્યું છે. આના જવાબમાં ઈરાને કહ્યું છે કે તે શાંતિ વાટાઘાટોના બીજા તબક્કામાં ભાગ લેશે નહીં, ભલે ટ્રમ્પે ફરીથી હવાઈ હુમલા કરવાની ચેતવણી આપી હોય.





૨૦ એપ્રિલના રોજ બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૬.૧૧ ડોલર અથવા ૬.૭૬% વધીને ૯૬.૪૯ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું હતું. યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ ૬.૫૩ ડોલર અથવા ૭.૭૯% વધીને ૯૦.૩૮ ડોલર પ્રતિ બેરલ થયું હતું. યુદ્ધ પહેલા હોર્મુઝની ખાડીમાંથી વૈશ્વિક ઓઈલ સપ્લાયનો પાંચમો ભાગ પસાર થતો હતો, પરંતુ લગભગ ૨ મહિનાથી ચાલી રહેલા આ યુદ્ધે ઓઈલ સપ્લાયને ગંભીર અસર પહોંચાડી છે.

ઓઈલ માર્કેટ આ સંઘર્ષના સમાચારો પર ખૂબ જ ઝડપથી પ્રતિક્રિયા આપી રહ્યું છે. શનિવારે ઈરાને અમેરિકાની નાકાબંધીના જવાબમાં ખાડી પર પોતાની પકડ મજબૂત કરી હતી અને કેટલાક જહાજો પર ગોળીબાર કરીને આ રૂટને બંધ જાહેર કર્યો હતો. ૧૦ દિવસના યુદ્ધવિરામ દરમિયાન હંગામી ધોરણે આ રસ્તો ખોલવાની જાહેરાત કર્યાના થોડા જ કલાકોમાં ઈરાને આ પગલું ભર્યું હતું.

### તણાવ યથાવત રહેશે તો ક્રુડ ૧૫૦ ડોલરને પાર થશે

બ્રોકરેજ ફર્મ મેક્વાયરના જણાવ્યા અનુસાર, જો તણાવ શાંત થાય તો પણ ઓઈલના ભાવ ૮૫ થી ૯૦ ડોલરની રેન્જમાં રહેવાની શક્યતા છે. જો એપ્રિલ મહિના સુધી આ વિક્ષેપ ચાલુ રહેશે, તો બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૧૫૦ ડોલર પ્રતિ બેરલ સુધી પણ પહોંચી શકે છે.નુવામા ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝે ચેતવણી આપી છે કે હોર્મુઝની ખાડી, જ્યાંથી દરરોજ લગભગ ૨૦ મિલિયન બેરલ ઓઈલ પસાર થાય છે, તે જો લાંબા સમય સુધી બંધ રહેશે તો ક્રૂડના ભાવ ૧૧૦ થી ૧૫૦ ડોલરની રેન્જમાં પહોંચી શકે છે.

### તણાવ શાંત થશે તો પણ ક્રુડનો ભાવ વધુ નહિ ઘટે

વિશ્લેષકો માને છે કે ક્રૂડ ઓઈલ હવે ઊંચા ભાવના તબક્કામાં પ્રવેશી રહ્યું છે. યુદ્ધવિરામ માત્ર કામચલાઉ હોવાથી, યુદ્ધ પહેલાના ૭૦ થી ૭૫ ડોલરના સ્તરે પાછા ફરવામાં કેટલાક મહિનાઓ લાગી શકે છે. હાલમાં કિંમતો નીચેની તરફ ૮૦ થી ૮૫ ડોલર અને ઉપરની તરફ ૯૫ થી ૧૦૦ ડોલરની રેન્જમાં રહેવાની ધારણા છે.

નિષ્ણાતોના મતે જો તણાવ ઓછો થાય તો પણ ઓઈલનો પ્રવાહ સામાન્ય થવામાં કેટલાક મહિનાઓ લાગી શકે છે. જો આ સંઘર્ષ વધુ લાંબો ચાલશે તો આગામી દિવસોમાં ક્રૂડ ઓઈલના ભાવમાં હજુ પણ ભડકો જોવા મળી શકે છે અને વિશ્વભરના માર્કેટમાં અનિશ્ચિતતાનો માહોલ જોવા મળી શકે છે.

# ભારત-અમેરિકા વચ્ચે વોશિંગટનમાં ત્રણ દિવસીય વેપાર વાટાઘાટ શરૂ

## બંને દેશો વચ્ચે વાર્ષિક વેપારને ૫૦૦ અબજ ડોલર સુધી વધારવાનું લક્ષ્ય

**અબતક, રાજકોટ**

ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર અંગેની વાટાઘાટોને નવી ગતિ મળી છે. આ કરારના પ્રથમ તબક્કાની વાતચીત માટે ભારતીય પ્રતિનિધિમંડળ આજે અમેરિકાની રાજધાની વોશિંગ્ટનમાં પહોંચ્યું છે. ત્રણ દિવસીય બેઠકમાં અગાઉ ફેબ્રુઆરીમાં સ્થાપિત થયેલા અંતરિમ કરારના માળખાને ફરીથી અનુરૂપ બનાવવા પર ભાર મૂકવામાં આવશે,



કારણ કે અમેરિકાની તરફથી નવી ટેરિફ નીતિમાં ફેરફાર થયા છે. હ્ય

વાણિજ્ય વિભાગના અધિક સચિવ દર્પણ જૈન આ બેઠકમાં ભારતીય ટીમનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમની સાથે કસ્ટમ્સ વિભાગ અને વિદેશ મંત્રાલયના અધિકારીઓ સહિત કુલ આશરે ૧૨ અધિકારીઓનું પ્રતિનિધિમંડળ હાજર રહેશે. આ વાટાઘાટો વર્ચ્યુઅલ મીટિંગ પછી લગભગ ૩-૪ મહિના પછી પ્રથમ વખત વ્યક્તિગત રૂપે થઈ રહી છે.

ફેબ્રુઆરી ૨૦૨૬માં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની વાતચીત પછી બંને દેશોએ અંતરિમ વેપાર કરારનું માળખું જાહેર કર્યું હતું. તેમાં અમેરિકાએ ભારતીય વસ્તુઓ પરના ટેરિફને ૨૫% થી ઘટાડીને ૧૮% કર્યા હતા. આ કરારમાં

(અનુ. આઠમા પાને)

### અમેરિકામાં ગન કલ્ચર!!!

# ૭ બાળકો સહિત ૮ને ગોળી મારી હત્યા કરતો પિતા: પત્નીની હાલત પણ ગંભીર

## સવારે ૬ વાગ્યે જ્યારે બાળકો ઊંઘમાં હતા અથવા હજુ જાગી રહ્યા હતા, ત્યારે જ પિતાએ આ ભયાનક કાંડ રચ્યો હતો

**અબતક, રાજકોટ**

અમેરિકાના લુઈસિયાના રાજ્યના શ્રીવપોર્ટ શહેરમાંથી એક એવી ઘટના સામે આવી છે જે સાંભળીને પથ્થર દિલના માણસની આંખમાં પણ આંસુ આવી જાય. રવિવારે વહેલી સવારે એક પિતાએ જ રાક્ષસી રૂપ ધારણ કરી પોતાના ૮ સંતાનો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, જેણે બાળકોનું રક્ષણ કરવાનું હતું તે પિતાએ જ ૧ થી ૧૪ વર્ષની વયના પોતાના જ ૮ સંતાનોને ગોળી મારી દીધી.

આ હુમલામાં તમામ ૮ બાળકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા છે. સવારે ૬ વાગ્યે જ્યારે બાળકો ઊંઘમાં હતા અથવા હજુ જાગી રહ્યા હતા, ત્યારે જ પિતાએ આ ભયાનક કાંડ રચ્યો હતો. આ ઘટનામાં પરિવારના અન્ય ૧૦ સભ્યો પણ ઘાયલ થયા છે.

પોલીસને તપાસમાં માલૂમ પડ્યું છે કે આ લોહીયાળ ખેલ

(અનુ. આઠમા પાને)

# તમિલનાડુમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ: ૨૩નાં મોત, અનેક ઘાયલ

## નિયમોનો ભંગ કરી રવિવારે પણ ફેક્ટરી ચાલુ રખાઈ

## આરોપીઓને પકડવા ચાર વિશેષ ટીમોની રચના

**અબતક, રાજકોટ**

તમિલનાડુનાં વિરુધુનગર જિલ્લામાં આવેલ એક ફટાકડા બનાવવાની ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ થવાને કારણે મોટી દુર્ઘટના સર્જાઇ છે અને ૨૩ લોકોનાં મોત થયા છે. જો કે હજુ પણ કેટલાક લોકો કાટમાળની નીચે દટાયા હોવાની શક્યતા છે.દુર્ઘટનામાં અનેક લોકો ઘાયલ થયા હોવાની પણ આંશકા છે. તેઓને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર સામાન્ય રીતે રવિવારે ફેક્ટરી બંધ રહેતી હોવા છતાં આજે કામ ચાલુ રાખવામાં આવ્યું હતું.કેસમાં આરોપીઓની ધરપકડ કરવા માટે ચાર વિશેષ ટીમોની રચના કરવામાં આવી છે.પોલીસે ફરિયાદ દાખલ કરી એફઆઈઆર નોંધવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે નિયમોનો ભંગ કરી રવિવારે પણ ફેક્ટરી ચાલુ રાખવામાં આવી હતી. આગનાં કારણો જાણવા માટે વિસ્તૃત તપાસ શરૂ કરી દેવામાં આવી છે. વિસ્ફોટ કટ્ટનારપટ્ટી વિસ્તારમાં આવેલ એક ફટાકડાનાં યુનિટમાં થયો હતો. આગ થોડાક જ સમયમાં ચાર યુનિટમાં ફેલાઈ ગઈ હતી. દુર્ઘટના પછી તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

### સુવર્ણ બજારમાં 'સોનાનો સૂરજ'

# ભાવ આસમાને આંબવા છતાં અખાત્રીજે લોકોએ ધૂમ ખરીદી કરી

## રોકાણકારો અને ગ્રાહકોના વિશ્વાસથી કરોડો રૂપિયાની ખરીદી થઈ: બ્રાઈડલ, એન્ટિક અને બુટ્ટી વીટી ચેન બ્રેસલેટ જેવી લાઈટવેઈટ જ્વેલરીની ખરીદી


**રિપોર્ટર: આકાશ ભટ્ટ**
**કરણ જોગલ**
**કેમેરામેન:વિપુલ ચોહાણ**
**વિજય મકવાણા**
**અબતક, રાજકોટ**

અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજ-હિન્દુ ધર્મનું એક એવું વણજોયું મુહૂર્ત જ્યાં આસ્થા અને આર્થિક સમૃદ્ધિનો અનોખો સંગમ રચાય છે. આજે રાજકોટના પેલેસ રોડથી લઈને સોની બજાર સુધીના



તમામ જ્વેલરી શો-રૂમ્સમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. આ વર્ષની અખાત્રીજ ખાસ છે, કારણ કે સોનાના ભાવ ગત વર્ષની સરખામણીએ અકલ્પનીય કહી શકાય તેટલા ૫૦% થી ૬૦% સુધી વધીને ૧૦ ગ્રામના રૂ. ૧.૫૫ લાખની ઐતિહાસિક સપાટીએ પહોંચ્યા છે. વૈશ્વિક અસ્થિરતા અને યુદ્ધના માહોલ વચ્ચે પણ સોનાની ચમક જરાય ઓછી થઈ નથી. ઉલટું, ગ્રાહકોમાં એવો મજબૂત વિશ્વાસ જાગ્યો છે કે સોનું એ માત્ર શણગાર નથી, પણ આર્થિક મુશ્કેલીના સમયે 'સંકટ સમયની સાંકળ' અને સૌથી સુરક્ષિત રોકાણ છે. સવારના શુભ ચોઘડિયેથી જ જ્વેલર્સને ત્યાં ભકતો અને ગ્રાહકોની પડાપડી જોવા મળી હતી, જે સાબિત કરે છે કે રાજકોટની જનતા માટે સોનાના ભાવ કરતા તેનું 'શુકન' અને 'રોકાણ મૂલ્ય' ઘણું મોટું છે.

### બ્રાઈડલ જ્વેલરીની સાથે 'મલ્ટી યુઝ' જ્વેલરીની વધુ માંગ: શિલ્પા જ્વેલર્સ (શિવમ પારેખ)



શિલ્પા જ્વેલર્સના શિવમ પારેખે માર્કેટના સેન્ટિમેન્ટ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, ''ગ્રાહકો હવે ખૂબ જ સ્માર્ટ બની ગયા છે. ગત વર્ષે જે સોનું રૂ. ૯૫,000ની આસપાસ હતું, તે આજે રૂ. ૧.૫૦ લાખને પાર છે. આ ભાવવધારો જ ગ્રાહકો માટે કોન્ફિડન્સ બૂસ્ટર બન્યો છે. અમારી પાસે આવતા ગ્રાહકો અત્યારે બ્રાઈડલ જ્વેલરીની સાથે 'મલ્ટી યુઝ' જ્વેલરીની વધુ માંગ કરી રહ્યા છે, જે પ્રસંગોમાં પણ પહેરી શકાય અને રોકાણ તરીકે પણ સચવાય. અખાત્રીજ નિમિત્તે અમે લોન્ચ કરેલું નવું ડાયમંડ કલેક્શન આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.''



### ૧૮ કેરેટની જ્વેલરીની વધુ પસંદગી: રાધિકા જ્વેલર્સ (મુકેશભાઈ)




મુકેશભાઈએ જણાવ્યું કે, વૈશ્વિક સ્તરે યુદ્ધની સ્થિતિને કારણે સોનાના ભાવ આસમાને છે. જોકે, વોલ્યુમમાં (જથ્થામાં) થોડી અસર દેખાઈ શકે, પરંતુ ગ્રાહકોની સંખ્યામાં કોઈ ઘટાડો નથી. નાની આઈટમ માં ખરીદીનું પ્રમાણ વધારે જોવા મળી રહ્યું છે ખાસ કરીને ૧૮ કેરેટમાં વધુ પસંદગી લગ્નસરાની સીઝન હોવાથી અખાત્રીજના મુહૂર્તે લોકો શુકન સાચવવા અને ભવિષ્યનું આયોજન કરવા મજબૂત ખરીદી કરી રહ્યા છે.



### રોઝ ગોલ્ડ અને ઈટાલિયન ડિઝાઈન્સમાં યુવાનોનો ભારે ક્રેઝ: જે પી જ્વેલર્સ (ધવલ સોની)





અબતક સાથેની વાતચીતમાં ધવલ સોનીએ જણાવ્યું હતું કે આજની યંગ જનરેશન વજનદાર ઘરેણાંને બદલે લાઈટ વેઈટ અને સ્ટાઈલિશ જ્વેલરી પસંદ કરે છે. રોઝ ગોલ્ડ અને ઈટાલિયન ડિઝાઈન્સમાં યુવાનોનો ભારે ક્રેઝ છે. અમે અખાત્રીજ નિમિત્તે ડાયમંડ અને પોલકી જ્વેલરીના મેકિંગ ચાર્જીસ પર ખાસ ઓફર્સ આપી છે, જેનો લાભ લેવા ગ્રાહકોમાં ભારે ઉત્સાહ છે.

### કિડ્સથી લઈને એલ્ડર્સ સુધીના તમામ માટે અલગ કલેક્શન: માલાબાર જ્વેલર્સ (વિજય બુલચંદાની)





અબતક સાથેની વાતચીતમાં વિજય બુલચંદાનીએ હર્ષ વ્યક્ત કરતા કહ્યું કે, ''સોનાની ખરીદીમાં વધારો થાય તેવી લોકવાયકાને કારણે વહેલી સવારથી જ સ્ટોર પર ભીડ છે. અમારી પાસે કિડ્સથી લઈને એલ્ડર્સ સુધીના તમામ માટે અલગ કલેક્શન છે. પોલકી અને એન્ટિક સહિતનો 'ઝોલ' અને 'ડિવાઈન' કલેક્શન અત્યારે ટ્રેન્ડમાં છે. સોનાના ભાવ અત્યારે સ્ટેબલ છે, જે ખરીદી માટે યોગ્ય સમય ગણાય.

### ભાવની ચિંતા છોડી શુકન સાચવ્યું: ગ્રાહક (કવિતાબેન ટાંક)

ગ્રાહક કવિતાબેન ટાંક જણાવે છે કે, આજે પરશુરામ જયંતી અને અખાત્રીજ બંને છે. મારી દીકરીના લગ્ન સમયે પણ સોનાના ભાવ તો ઊંચા જ હતા, પણ અત્યારે એનાથી પણ વધી ગયા છે. છતાં, આજે મુહૂર્ત સાચવવા અને દીકરીને ગિફ્ટ આપવા માટે અમે ખરીદી કરી છે. લઈને રાખેલું સોનું ભવિષ્યમાં આશીર્વાદ સમાન સાબિત થાય છે.



### ગૌસેવા અને ભક્તિનો ત્રિવેણી સંગમ

# જય સરદાર ગૌશાળા દ્વારા ગુરુવારે ગીરીબાપુના વ્યાસાસને શિવ કથા

## ૧૦૦૦થી વધુ સેવાભાવી કાર્યકરો કોઈપણ સ્વાર્થ વગર દિવસ-રાત ગૌમાતાની ચાકરી કરે છે: આ ગૌશાળાની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં ગાયોનું દોહન કરવામાં આવતું નથી

### ૩૫૦૦થી વધુ સ્વયંસેવકો સેવા યજ્ઞમાં જોડાશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રની ધરા હંમેશા સંત, શૂરા અને સેવા માટે જાણીતી રહી છે. આ પરંપરાને જીવંત રાખતા રાજકોટના કોઠારીયા વિસ્તારમાં સ્થિત 'જય સરદાર ગૌસેવા સમાજ ટ્રસ્ટ' દ્વારા કથા'નું આયોજન કરવામાં આવ્યું છે. ગૌમાતાના લાભાર્થે યોજાનારા આ મહોત્સવની વિગતો આપવા માટે ટ્રસ્ટના અગ્રણીઓએ 'અબતક' મીડિયા હાઉસની શુભેચ્છા મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે સેવાની સુવાસ અને



તસવીર: શૈલેષ વાડોલિયા



છેલ્લા ૨૫ વર્ષથી ચાલી રહેલા અવિરત ગૌસેવા કાર્યને એક નવા શિખરે લઈ જવા માટે આગામી ૨૩ એપ્રિલથી ભવ્ય 'શિવ ભવિષ્યના આયોજનો વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

**સેવા યજ્ઞના ૨૫ વર્ષ: સંતાન સમાન ગૌ-પાલન**

જય સરદાર ગૌશાળા માત્ર એક સંસ્થા નથી, પણ હજારો ગૌભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. જયેશભાઈ સોરઠીયા અને ટ્રસ્ટી

### પશુધન બચાવવા માટે 'સરકાર પાસે જમીનની માંગ: જયેશભાઈ સોરઠીયા



'અબતક' ના મેનેજિંગ તંત્રી સતીશકુમાર મહેતા સાથેની ખાસ વાતચીતમાં જયેશભાઈ સોરઠીયાએ એક ગંભીર અને રચનાત્મક મુદ્દો રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, વર્તમાન સમયમાં જ્યારે ગૌચરની જમીનો ઘટતી જાય છે, ત્યારે પશુધનને બચાવવા માટે સરકારે આગળ આવવું પડશે. ટ્રસ્ટ દ્વારા માંગણી કરવામાં આવી છે કે સરકાર ગૌશાળાઓને પૂરતી જમીન ફાળવે જેથી 'ઘાસ બેન્ક' (ત્રજ્ઞમમયર્ ઈફક્ષસ) ઊભી કરી શકાય. જો આપણી પાસે પૂરતી જમીન અને ઘાસનો સંગ્રહ હશે, તો જ દુષ્કાળ કે અછત જેવા સમયમાં આપણે મુંગા પશુઓને બચાવી શકીશું. આ માટે યોગ્ય નીતિ વિષયક નિર્ણયો લેવા તેમણે સરકારને વિનંતી કરી છે.

### ૨૩ એપ્રિલથી ૧ મેં સુધી બપોરે ૩ થી ૬ કલાક ગુંજશે શીવ ના નામ: દરરોજ જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે મહા પ્રસાદનું આયોજન

ગોરધનભાઈ લક્કડના જણાવ્યા અનુસાર, અહીં ૧૦૦૦થી વધુ સેવાભાવી કાર્યકરો કોઈપણ સ્વાર્થ વગર દિવસ-રાત ગૌમાતાની ચાકરી કરે છે. આ ગૌશાળાની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં ગાયોનું દોહન કરવામાં આવતું નથી. ગૌમાતાનું તમામ દૂધ માત્ર તેના વાછરડાઓ માટે જ ઉપયોગમાં લેવાય છે. અહીં ગાયને 'પશુ' નહીં પણ 'પરિવારના સભ્ય' તરીકે જોવામાં આવે છે. બીમાર અને નિરાધાર ગાયો માટે આધુનિક મેડિકલ સુવિધા અને નિષ્ણાત ડોક્ટરોની ટીમ સતત કાર્યરત રહે છે.

**દિવ્ય ભક્તિ સંધ્યા (દરરોજ રાત્રે ૮:૦૦ વાગ્યે)**
- ૨૫-૦૪-૨૦૨૬: અલ્પા પટેલ (લોક ગાયિકા)
- ૨૬-૦૪-૨૦૨૬: યોગિતા પટેલ (લોક ગાયિકા)
- ૨૭-૦૪-૨૦૨૬: જીતુભાઈ ગઢવી (સાહિત્યકાર) અને શ્રુતિ પટેલ
- ૨૮-૦૪-૨૦૨૬: પ્રદીપ પાઘડી (હાસ્ય કલાકાર) અને કૌશિક પટેલ
- ૨૯-૦૪-૨૦૨૬: રામ દીવાના ટીમ, જયપુર (વિશેષ નૃત્ય પ્રસ્તુતિ)
- 30-૦૪-૨૦૨૬: શ્રુતિ પટેલ (લોક ગાયિકા)




અપ્રીલ ૨૩ એપ્રિલ થી ૧ મે, ૨૦૨૬ દરમિયાન યોજાનારી શિવ કથા એ સમાજમાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું સિંચન કરવાનો પ્રયાસ છે.

પોથીયાત્રા ૨૩ એપ્રિલે સવારે ૮:૦૦ વાગ્યે પ્રગટેશ્વર મહાદેવથી ભવ્ય પોથીયાત્રા નીકળશે.

નવ દિવસ સુધી ચાલનારી આ કથામાં શિવ-પાર્વતી વિવાહ, સતી પ્રાગટ્ય અને શિવ મહિમાના વિવિધ પ્રસંગો વર્ણવવામાં આવશે.

સાંસ્કૃતિક સંધ્યા દરરોજ રાત્રે ૮:૦૦ વાગ્યે લોક ડાયરો અને ભક્તિ સંધ્યા જામશે. જેમાં ગુજરાતના નામી કલાકારો જેવા કે અલ્પા પટેલ, યોગિતા પટેલ, પ્રદીપ પાઘડી (હાસ્ય કલાકાર), અને જીતુભાઈ ગઢવી જનમેદનીને મંત્રમુગ્ધ કરશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મેઘાણી પરિવારે ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. સ્વ. ગોવિંદભાઈ વસ્તાભાઈ મેઘાણીના પરિવારે કથા અને ભોજન પ્રસાદ માટે પોતાની કરોડોની કિંમતની જમીન કોઈપણ વળતર વગર અર્પણ કરી છે. આ ઉપરાંત, દરરોજ સાંજે ૬:૦૦ વાગ્યે બાલાજી દાદાની કૃપાથી હજારો ભક્તો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.



આ પવિત્ર અવસરે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલા, તેમજ વિવિધ મંત્રીઓ અને ધારાસભ્યો ઉપસ્થિત રહેશે. સાથે જ સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો અને અન્ય ધર્માચાર્યોના આશીર્વચન પણ પ્રાપ્ત થશે.

જય સરદાર ગૌસેવા ટ્રસ્ટનું આ આયોજન માત્ર એક ધાર્મિક કાર્યક્રમ નથી, પરંતુ ગૌસેવા દ્વારા સમાજને સંગઠિત કરવાનું એક મિશન છે. ''રાગમાં ભક્તિ, ભક્તિમાં શિવ અને શિવમાં પરમ પૂર્ણતા''ના સૂત્ર સાથે આયોજિત આ શિવ કથા રાજકોટના આંગણે ભક્તિનો નવો ઈતિહાસ રચશે. ટ્રસ્ટી મંડળ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને આ જ્ઞાનગંગામાં ડૂબકી લગાવવા અને ગૌસેવામાં સહભાગી થવા હાર્દિક આમંત્રણ પાઠવામાં આવ્યું છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ વેપાર ઉદ્યોગને મદદરૂપ થવા સદા તત્પર

# વિશ્વમાં યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે નિકાસકારો પાસેથી લેવાતા વોર રિસ્ક સર ચાર્જ ૫૦% પરત મળી શકે



### ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા નિકાસને બિન જોખમી બનાવવા વિશે યોજાયો માર્ગદર્શન સેમિનાર



**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતના વેપાર ઉદ્યોગના વિકાસ અને પ્રશ્નોના ઉકેલ માટે કાર્યરત રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા નિકાસને બિન જોખમી બનાવવા અંગે વેપારીઓ માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વેપારનો પાર ન હોય... ગુજરાતી વહાણવટુ સદીઓથી જાણીતું છે.. વિશ્વભરમાં વેપાર માટે ગુજરાતી વેપારીનું સાહસ જગ પ્રસિદ્ધ છે ત્યારે વર્તમાન સમયમાં નિકાસ ક્ષેત્રે ગુજરાતીઓનો દબદબો હોય ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા નિકાસને બિનજોખમી બનાવવા અને વેપાર વધારવા કવાયત હાથ ધરવામાં આવી છે, નિકાસ ને જોખમ મુકત બનાવવા એક્સપર્ટ ક્રેડિટ ગેરેન્ટી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા નિકાસને જોખમ મુકત કરી, વેપારને પ્રોત્સાહન આપવા માટે તજજ્ઞ એ માર્ગદર્શન આપ્યું હતું જેમાં ડીજીએફટી રોહિત સોની, બ્રાન્ચ મેનેજર વિજેન્દ્રકુમાર ત્રિપાઠી, તુષારભાઈ વર્મા પિયુષભાઈ પલ્લવ એ માર્ગદર્શન આપ્યું હતું.

સેમિનારમાં રાજકોટ ચેમ્બરના ઉપ પ્રમુખ સૌરાષ્ટ્ર કન્વીનર પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકાર્યા હતા, લઘુ મધ્યમ અને નાના ઉદ્યોગ માટે ખૂબ જ ઉપયોગી સેમીનારમાં વૈશ્વિક યુદ્ધની પરિસ્થિતિમાં નિકાસ દરમિયાન વોર રીષક પર લેવાતા સર ચાર્જમાં ૫૦% રીમ્બર્સમેન્ટ મેળવવા પાત્ર હોય તેની પ્રક્રિયા કેવી રીતે કરી શકાય? તેની જાણકારી આપવામાં આવી હતી.

આ સેમિનારમાં ઈસીજીસી ના એક્ઝિક્યુટિવ ઓફિસર તુષાર વર્માએ ભારતીય નિકાસકારોને કોમર્શિયલ અને પોલિટિકલ રિસ્ક સામે વિકાસ ક્રેડિટ વીમા સહાય પૂરી પાડવામાં આવતી હોવાની માહિતી આપી હતી.

ખરીદાર ની નાદારી, ચુકવણી ડિફોલ્ટ અને સંઘર્ષના કારણે શિપિંગ રૂટ માં ફેરફાર સામે રક્ષણ આપવામાં આવે છે. યુદ્ધની પરિસ્થિતિમાં નિકાસ સુરક્ષિત રાખવા માટે સરકારે રેઝી લાયન્સ એન્ડ લોજિસ્ટિક ઈન્ટરવેશન ઓફ એક્સપોર્ટ ફેસીલીટેશન પેકેજ ની જાહેરાત કરી છે જેમાં પહેલાથી જ વીમો ધરાવતા નિકાસ કાર માટે વળતર આગામી વિકાસ માટે શિપમેન્ટની સહાય, એસીજીસી નાના ઉદ્યોગ માટે વળતર વગેરે વિવિધ મુદ્દાઓ પર માહિતી આપવામાં આવી હતી વધુ

(અનુ. આઠમા પાને)

# ભગવાન જગન્નાથજીની રથનું મહામંડલેશ્વર ત્યાગી મોહનદાસજીના હસ્તે પૂજન કરાયું

### અષાઢી બીજે નીકળનારી ૧૯મી ભવ્ય શોભાયાત્રાને લઈને સેવકોમાં ભારે ઉત્સાહ





**અબતક, રાજકોટ**

છેલ્લા ૧૮ વર્ષથી અષાઢી બીજના પવિત્ર પર્વે ભગવાન જગન્નાથજીની ભવ્ય શોભાયાત્રા કાઢવાની પરંપરા રહી છે, જે અંતર્ગત આ વર્ષે ૧૯મી રથયાત્રાની પૂર્વ તૈયારીઓ તેજ બની છે. આ તૈયારીઓના ભાગરૂપે આજે રાજકોટના નાના મવા ગામ ખાતે આવેલા સુપ્રસિદ્ધ ભગવાન જગન્નાથજીના મંદિરે ભકિતમય અને ધાર્મિક વાતાવરણમાં રથ પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.મંદિરના મહંત ત્યાગી મોહનદાસજી ગુરૂરામકિશોરદાસજીના વરદહસ્તે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને મંત્રોચ્ચાર સાથે ભગવાનના રથનું પૂજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને સેવકો ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ભગવાન જગન્નાથજીના જયઘોષ સાથે મંદિર પરિસરને ગુંજવી દીધું હતું. રથ પૂજનની આ વિધિ સાથે જ રાજકોટમાં આગામી અષાઢી બીજની ભવ્ય રથયાત્રાના આયોજનની સત્તાવાર શરૂઆત થઈ ચૂકી છે. નગરચર્યાએ નીકળનારા ભગવાનના રથને નિહાળવા અને દર્શન કરવા માટે ભક્તોમાં અત્યારથી જ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ઓજસ્વિની ફાઉન્ડેશન દ્વારા શનિવારે મહિલા સશક્તિકરણને વેગ આપવા હસ્તકલા પ્રદર્શન કમ વેચાણ

### અબતકની શુભેચ્છા મુલાકાતમાં ઓજસ્વીની ફાઉન્ડેશનની બહેનોએ આપી માહિતી



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

કંઈક અલગ અને નવું કરવાની નેમ સાથે રચાયેલ ઓજસ્વિની ફાઉન્ડેશન, રાજકોટ દ્વારા યોજાયેલ ગત પ્રદર્શનના બહોળા પ્રતિસાદ બાદ આગામી તા.૨૫/૪/૨૦૨૬ શનિવારના રોજ નંદા હોલ, સુભાષનગર કોઠારીયા રોડ ખાતે સવારે ૯ થી સાંજે ૭.૩૦ સુધી રાજકોટ ખાતે બહેનો દ્વારા આયોજિત પ્રદર્શન યોજાનાર છે જેમાં વિવિધ વાનગીઓ, હોમ મેડ સુકા નાસ્તા, હેન્ડીક્રાફટ,કુર્તી,ડ્રેસ મટીરીયલ, સાડી, મોતી કામની વસ્તુઓ, તોરણ, ઈમીટેશન જવેલરી, રજવાડી પર્સ, હર્બલ બ્યુટી પ્રોડકટ્સ, પાપડ,વેફર, મસાલા,અથાણાં વગેરે સહિતની અનેક ચીજ-વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ રાખેલ છે.

ખાસ કરીને બહેનોમાં રહેલ આવડતને બહાર લાવવાના પ્રયાસના ભાગ રૂપે આ પ્રદર્શન

(અનુ. આઠમા પાને)

# રામકૃષ્ણ આશ્રમ ખાતે યુવાનોએ મતદાનના શપથ લીધા



**અબતક રાજકોટ**

લોકશાહીના પર્વમાં યુવા મતદારોની ભાગીદારી વધારવા અને મહત્તમ મતદાનના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો. ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં 'સ્વીપ' ) પ્રવૃત્તિઓ વેગવંતી બની છે.

રાજકોટ સ્થિત રામકૃષ્ણ મિશન આશ્રમ દ્વારા યુવા સશક્તિકરણના ઉમદા હેતુ સાથે વિવેકાનંદ સર્વિસ કોર્પ્સ યુવા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવાનોને તાલીમની સાથે લોકશાહીના પર્વને સાર્થક કરવા માટે મતદાન શપથ લેવડાવવામાં આવ્યા હતા. યુવાનોએ આગામી ચૂંટણીઓમાં જાગૃત નાગરિક તરીકે પોતાની પવિત્ર ફરજ બજાવવા અને અન્ય લોકોને પણ મતદાન માટે પ્રોત્સાહિત કરવા સંકલ્પ કર્યો હતો.

# મોબાઈલના વળગણમાંથી બાળપણને મુક્ત કરાવવા બુધવારે વિરાણી સ્કૂલમાં નવરંગ નેચર કલબ દેશી રમતોની ધમા ચકરડી મચાવશે

### અબતકની મુલાકાતમાં નવરંગ નેચર કલબ અને વિરાણી સ્કૂલના આયોજકોએ દેશી રમતોના મહોત્સવની આપી રસપ્રદ વિગતો



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

દેશી રમતોની ભુલાતી જતી વિરાસત અને ફાય,જી યુગમાં વિદ્યાર્થીઓને દેશી રમતોથી દૂર જતા અટકાવવા માટે વિરાણી સ્કૂલ નોન ગ્રાન્ટેડ એન્ડ કોલેજ અને નવરંગ નેચર કલબ દ્વારા બાળકો અને મોટેરાઓ ને વધતી જતી મોબાઈલની રમત અને ચેટિંગની પ્રવૃત્તિથી દૂર કરી બાળકોને મેદાનની દેશી રમતો રમાડવા જરૂરી બન્યા છે ત્યારે નવરંગપુરા બંને વિરાણી સ્કૂલ દ્વારા દેશી રમતો નું આયોજન કર્યું છે.

અબતકની મુલાકાતે આવેલા મિતલભાઈ રાવલ, ઉર્વશીબેન રાણપરીયા, નરેશભાઈ નકુમ, ઉર્વેશભાઈ પટેલ, અને નવરંગ નેતર કલબના પ્રમુખ વીડી બાલા એ આ મહોત્સવની વિગત આપતા જણાવ્યું હતુ કે યુગમાં વિદ્યાર્થીઓ મેદાનની દેશી રમતો થી દૂર થઈ ગયા છે અત્યારે મોબાઈલમાં રમતો રમાય છે ત્રણ વર્ષના બાળકોથી શરૂ થઈ મોટી ઉંમરના લોકો મોબાઈલમાં જાત જાતની રમતો રમે છે આવી મોબાઈલને હમોથી બાળકોમાં કૃતિ વધે છે અને અવાસ્તવિક માં બાળકો રાચેછે અને માયકાંગલા પણ વધતું જાય છે બાળકોને મોબાઈલ રમત થી બહાર કાઢવા માટે મેદાનની દેશી રમતો રમાડવી જોઈએ,.

દેશી રમતો થી રમવાનો આનંદ અને ફૂરતી આવે છે, બાળકોને રમવાનો ભાવ કુદરતી હોય છે, રમતગમત જન્મજાત પ્રવૃત્તિ છે, આરોગ્ય સુધરે છે, સ્નાયુ શક્તિશાળી બને છે ,હૃદય અને સ્વાસન શક્તિ વધે છે.

આ યુગમાં વિદ્યાર્થીઓમાં મોબાઈલની રમત સિવાય ક્રિકેટ રમવાનું ગજબ શોખ હોય છે અને દેશી રમતો પ્રત્યે આકર્ષણ ઘટતું જાય છે ત્યારે નવરંગ નેચર કલબ અને વિરાણી સ્કૂલ દ્વારા ૨૨એપ્રિલ બુધવારે સાંજે ૪/૩૦થી ૭/૭/૩૦ સુધી વિરાણી સ્કૂલ નોન ગ્રાન્ટેડ ટાગોર માર્ગ વિરાણી ચોક ના મેદાનમાં દેશી રમતો માં લંગડી, દોરડા કૂદ, છૂટ દડો, લીંબુ ચમચી,

(અનુ. આઠમા પાને)

# સાળંગપુર દાદાના ચરણોમાં વિશ્વ વિજેતા ટ્રોફી અર્પણ કરી ધન્યતા અનુભવતા સુર્યકુમાર યાદવ - ગૌતમ ગંભીર

### ભારતીય ટી-૨૦ના કેપ્ટન અને કોચએ શિખર પર ધજા ચડાવી માન્યો દાદાનો આભાર



**અબતક, વિપુલ ગોહિલ, બોટાદ**

ભારતીય ટી-૨૦ ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરે બોટાદ જીલ્લાના વિશ્વપ્રસિદ્ધ સાળંગપુર હનુમાનજીના ચરણે વર્લ્ડ કપ ટ્રોફી ધરી દર્શન કર્યા અને ભારતની ઐતિહાસિક જીતની માનતા પૂર્ણ કરી હતી.ભારતીય ક્રિકેટ ટીમે તાજેતરમાં મેળવેલી ભવ્ય 'T-20 વર્લ્ડ કપ' જીતનો ઉત્સવ આજે સાળંગપુરના આંગણે મનાવવામાં આવ્યો હતો. ભારતીય ટી-૨૦ ટીમના કેપ્ટન અને 'મિસ્ટર ૩૬૦' તરીકે જાણીતા સૂર્યકુમાર યાદવ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીર આજે ખાસ સાળંગપુર ખાતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજના દર્શને પહોંચ્યા હતા. ભારત વિશ્વવિજેતા બને તે માટે રાખેલી માનતા પૂર્ણ કરવા બંને દિગ્ગજો પોતાની સાથે વર્લ્ડ કપ ટ્રોફી પણ લાવ્યા હતા.

કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને ગૌતમ ગંભીરે મંત્રોચ્ચાર સાથે દાદાના ગર્ભગૃહમાં જઈને સુવર્ણ વર્લ્ડ કપ ટ્રોફી હનુમાનજી મહારાજના ચરણોમાં અર્પણ કરી હતી. દાદાના ચરણે ટ્રોફી ધરીને બંનેએ દેશની આ મોટી સફળતા માટે આભાર માન્યો હતો. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

આ પવિત્ર અવસરે કેપ્ટન સૂર્યકુમાર અને કોચ ગંભીરે ધજા પૂજનની વિધિ સંપન્ન કરી હતી અને મંદિરના શિખર પર આસ્થા સાથે ધજા ચડાવી હતી. મંદિરના પૂજ્ય સંતો દ્વારા આ બંને મહાનુભાવોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું, શ્રી નૌત્તમસ્વામીજી (પ્રમુખશ્રી, સત્સંગ મહાસભા), શ્રી શુકદેવસ્વામીજી (ગોકુલધામ નાર), કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી-સાળંગપુરધામ, પૂજ્ય સંતોએ

(અનુ. આઠમા પાને)

# સુરેન્દ્રનગરના કોઠારિયામાં પૂર્વમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ સમુહ લગ્નમાં રબારી સમાજની દિકરીઓને આપ્યા આશિર્વાદ



**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગરના કોઠારિયા ખાતે પૂર્વ શિક્ષક મંત્રી ભૂપેન્દ્રસિહ ચુડાસમાના અધ્યક્ષ સ્થાને સમસ્ત ઝાલાવાડ રબારી સમાજના સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૫ નવદંપતિએ નવા જીવનની શરૂઆત કરી હતી. સમાજે દરેક દીકરીને રૂપિયા એક લાખનો કરીયાવર આપ્યો હતો. કાર્યક્રમમાં પૂજ્ય કનીરામ બાપૂ, જગતગુરૂની પદવી પ્રાપ્ત કરી તે નિમિત્તે તેમનું અને હાર્દિક ટીમાલીયા જીલ્લા ભાજપ પ્રમુખ બન્યા, તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના સફળ આયોજન બદલ સમાજના પ્રમુખ ધનશ્યામભાઈ સાવધરીયા અને તેમની ટીમે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે રબારી સમાજ તેમજ અન્ય સમાજના વિવિધ રાજકીય અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને નવદંપતીઓને સુખી દાંપત્ય જીવનના આશીર્વાદ આપ્યા હતા.

સમાજના પ્રમુખ ઘનશ્યામભાઈ સાવધરીયા અને ઉપસ્થિત રબારી અને અન્ય સમાજના આગેવાનોએ, નવદંપતિને આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી હતી.

### રાજકોટ ગ્રામ્ય સાઈબર ક્રાઈમ સેલ દ્વારા દેશ વ્યાપી સાઈબર ક્રાઈમ કૌભાંડનો કર્યો પર્દાફાશ

# કરોડોના સાઈબર ક્રાઈમમાં ખાનગી બેંકના મેનેજર અને બે કર્મી સહિત ત્રણની ધરપકડ

## યશ બેંકના કર્મચારી દ્વારા ઉપરી અધિકારીઓને અંધારામાં રાખી કૌભાંડ આચર્યુ : જુદી જુદી બ્રાંચમાં ખાતા ખોલાવી કરોડોના વહેવાર કર્યા



**પડધરીના મોવૈયા યસ બેંકમાં ગોંડલ યાર્ડની પેઢીનું ખાતુ ખોલાવ્યું : આશરે ૧૫૦૦ કરોડથી વધુનો આંકડો હોવાનું બહાર આવ્યું, ધરપકડ આંક ૨૦**

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ઓપરેશન મ્યુલ હંટ અંતર્ગત કરોડોના સાયબર ફ્રોડના પર્દાફાશ કરવામાં આવ્યો હતો. જેમાં ગોંડલ યાર્ડની પેઢીના એકાઉન્ટનો ઉપયોગ કરી સાયબર કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આ ચકચારી કૌભાંડમાં અગાઉ ૧૭ આરોપી ઝડપાયા બાદ પોલીસે હવે આ પ્રકરણમાં નવો ઘટસ્ફોટ કરી યશ બેંકના મેનેજર અને બે કર્મચારી સહિત વધુ ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે. રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્તની સૂચના હેઠળ તથા રાજકોટ એસ.પી વિજય સિંહ ગુર્જરએ રાજ્ય વ્યાપી ઓપરેશન મ્યુલ હંટ અંતર્ગત સાયબર પોલીસ સ્ટેશન રાજકોટ ગ્રામ્યના સ્ટાફને સાથે રાખી સાયબર ક્રાઈમ ગાંધીનગરનાઓ તરફથી મળેલ માહિતીના આધારે શંકાસ્પદ એકાઉન્ટ બાબતે તપાસ કરતા તે એકાઉન્ટ પૈકી પડધરી મોવીયા યશ બેન્ક ખાતે ખુલેલ બેન્ક એકાઉન્ટ ગોંડલ માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલ જ્યોત ટ્રેડીંગ કંપનીના ખાતામાં તપાસ કરતા એકાઉન્ટમાંથી આશરે ૨૦૦ કરોડની આસ-પાસની લેવડ-દેવડ મળી આવેલ. જેના આધારે પડધરી પોલીસ સ્ટેશન ગુન્હો રજીસ્ટર કરાવી આ ગન્હાની તપાસ દરમિયાન કુલ ૨૦આરોપીઓ ને અટક કરવામાં આવેલ છે. અને આ આરોપીઓ પૈકી કુલ ૧૭ આરોપીઓ હાલ કોર્ટ કસ્ટડીમાં છે.સાયબર ક્રાઈમ પોલીસે આ ગુનામાં હાલ યશ બેંકના મેનેજર કલ્પેશભાઈ વીઠલભાઈ ડાંગરીયા (રહે. કાલાવડ શિતળા જિ.જામનગર) અને બેંકના બે કર્મચારી મૌલિક રામજીભાઈ કમાણી (રહે. પાતા મેઘપર તા.કાલાવડ) અને અનુરાગ ચંદુભાઈ બાલધા (રહે. જામકંડોરણા તા. જામ કંડોરણા જિ. રાજકોટ) ની ધરપકડ કરી છે.

આ અંગે માહિતી આપવા



યોજાયેલી પત્રકાર પરિષદમાં એસપીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, આરોપી મૌલિક રામજીભાઈ કમાણી પોતે બી.બી.એ નો અભ્યાસ કરી યસ બેન્કમાં પર્સનલ બેન્કર તરીકે નોકરી કરતા હોય, તે દરમ્યાન તેઓ આ ગુન્હાના કામે અગાઉ પકડાયેલ આરોપી મનિષ કમાણી, જય નાદપરા, રૂષિત રૈયાણીતથા લાલાભાઈ ઝાલાવડીયાનાઓ સાથે સતત સંપર્કમાં રહી અને આરોપીઓ સાથે મળી. જે સાહેદોના નામે તેમની જાણ બહાર તેમના નામની પેઢીઓના પ્રોપરાઈટર તરીકેના બેન્ક એકાઉન્ટ તેની બ્રાન્ચમાં ખોલાવવામાં મદદ કરી, ત્યાર બાદ અલગ અલગ બેન્ક એકાઉન્ટ માં આરોપીઓ દ્વારાજ આ સાહેદોના એકાઉન્ટ ઓપરેટ થતાં હોય તેવું જાણવા છતાં, જયારે આરોપી કલ્પેશભાઈ વીઠલભાઈ ડાંગરીયાએ અગાઉ પકડાયેલ આરોપી મનિષ કમાણી તથા જય નાદપરા તથા રૂષિત રૈયાણીનાઓ સાથે મળી

ત્રીજા આરોપી અનુરાગ ચંદુભાઈ બાલધાએ અગાઉ પકડાયેલ આરોપી મનિષ કમાણી તથા જય નાદપરા તથા રૂષિત રૈયાણી તથા લાલાભાઈ ઝાલાવડીયાનાઓ સાથે સંપર્કમાં હોય અને પોતે યસ બેન્કમાં જવાબદાર પર્સનલ બેન્કર તરીકે નોકરી કરતા હોય અને તેઓ આ આરોપીઓના બેન્ક એકાઉન્ટ ઓપનીંગ કરવા માટે ગયેલ ત્યારે આરોપીઓ દ્વારા જ બેન્ક અકાઉન્ટ ખોલવાના ફોર્મમાં સાહેદોની બનાવટી સહીઓ કરી આરોપીને આપેલ તથા કરંટ એકાઉન્ટ ખોલવાની રિજર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની કડક ગાઈડલાઈન હોવા છતાં આ કોઈ પણ નિયમોનું પાલન કર્યા વગર આ કામના સાહેદોના નામે તેમની જાણ બહાર તેમના નામની પેઢીઓ ખોલી આ આરોપીઓ પૈકી રૂષિત રૈયાણીનાએ પોતે પ્રોપરાઈટરની ખોટી સહી કરી હતી.

# ૮ વર્ષની માસુમ ચોકલેટ આપી અડપલા કરનાર વિનુ કુંભાર ઝડપાયો

## માલિયાસા સનરાઝ પાર્કના શખ્સે બાળકીને ભોળવી મકાનમાં બોલાવી હેવાનિયત હદ વળોટી સ્થાનિક લોકોમાં રોષ

### આરોપી એ અજાણ્યા શખ્સો એ માર મારમાર્યા ની કુવાડવા પોલીસ માં નોંધાવી ફરિયાદ

**અબતક, રાજકોટ**

શહેરના દિવસે અને દિવસે મહિલાઓ અને નાની બાળકી પર લડધા દ્વારા અડપલા કરવાના બનાવો સમાજ ચિંતા જનક રીતે વધી રહ્યા છે જેમાં કુવાડવા રોડ વિસ્તારમાં ૮વર્ષની નિર્દોષ બાળકી સાથે ચોકલેટના બહાને અશ્લીલ હરકત કરનાર ૬૫ વર્ષીય ડોસા સામે કુવાડવા રોડ પોલીસ મથકમાં ગુનો નોંધાતા ચકચાર મચી છે. આરોપી એ અજાણ્યા શખ્સો એ મારમાર્યોની કુવાડવા રોડ પોલીસ મથકમાં વળતી ફરિયાદ નોંધાવી છે.આ અંગે પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ એક ૮ વર્ષીય બાળકીની માતાએ કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગઈ કાલે બપોરના અરસામાં શેરીમાં રમતી ૮ વર્ષની દીકરીને માલિયાસણ ગામના સનરાઈઝ પાર્ક રહેતો અને કટલરીનો ધંધો કરતો વિનુ કુંભાર.ઉંમર ૬૫ વર્ષીય ડોસા એ

ચોકલેટ આપવાના બહાને નિર્દોષ બાળકીને ભોળવીને આરોપી પોતાના ઘરે અંદર લઈ ગયો અને જ્યાં તેણે નિર્દોષ બાળકીના કપડાં ઉતારી તેની સાથે અશ્લીલ હરકતો કરી હતી. ઘટના બાદ બાળકીએ ઘરે જઈ પરિવારને સમગ્ર વાત જણાવી. જેના આધારે માતાએ તાત્કાલિક પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ બાદ વિસ્તારમાં ભારે રોષનો માહોલ જોવા મળ્યો હતો. લોકોમાં આક્ષેપ છે કે વૃદ્ધ હોવા છતાં આરોપીએ માનવતા ભૂલી જઈ નરાધમ જેવી હરકત કરી છે. પોલીસે ઘટનાને ગંભીરતાથી લઈ આરોપી સામે પોક્સો સહિતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પીઆઈ વસાવાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ભગોરા અને તેના સ્ટાફે આરોપીને ઝડપી લઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે. બાળકીને ચોકલેટની લાલચ આપી આરોપીએ ખોટો લાભ લઈ આ કૃત્ય આચર્યુ હતું. પોલીસે ભોગ બનનાર બાળકીની મેડિકલ તપાસ હાથ ધરી આગળ કાર્યવાહી આદરી છે. આ સંવેદનશીલ બનાવે ફરી એકવાર બાળ સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. આરોપી વિનુ કુંભારે અજાણ્યા ટોળાએ માર માર્યાની ફરિયાદ કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

## રેલનગરમાં ક્રિકેટ સટ્ટો રમતો પંટર ઝડપાયો

**અબતક રાજકોટ**


પીસીબીની ટીમ રેલ નગર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, રેલ નગરમાં ભગવતી હોલની સામે આવેલી સાઈબાબા સોસાયટી માં જાહેરમાં એક શખ્સ ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમી રહ્યો છે. આ શખ્સ પાસેથી મોબાઈલ જપ્ત કરી, તલાસી લેતા મોબાઈલમાં Taj777.now નામની આઈડીમાં RR અને KKR વચ્ચે ચાલતી ૨૦ - ૨૦ મેચ પર સટ્ટો રમી રહ્યો હતો. પોલીસે રેલ નગરમાં આવેલા સાઈબાબા સોસાયટી શેરી નંબર ૦૧ માં આવેલા ''સૂર્ય કૃપા'' નામના મકાનમાં રહેતો શિવરાજભાઈ દેલુભાઈ કરપડા નામના શખ્સને મોબાઈલ સાથે ઝડપી લીધો છે. દરોડની કામગીરી પીસીબી ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ આર.કે જાડેજા, પી બી ત્રાજિયા, એ.એસ.આઈ સંતોષભાઈ મોરી, હરદેવસિંહ રાઠોડ, વિરેન્દ્રસિંહ જાડેજા, કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ પરમાર અને દેવરાજભાઈ કળોતરા સહિતના સ્ટાફે બજાવી છે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે

# પોલીસ અસામાજિક તત્વોને ભરી પીવા મેદાનમાં

## ડીસીપી જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચ અને એસઓજી સ્ટાફ ફિલ્ડમાં

### ત્રીકોણ બાગ, જુબેલી ચોક, કેનાલ રોડ, એસટી બસ સ્ટેન્ડ, કિસાનપરા ચોક, રૈયા ચોક અને એસ્ટ્રોન ચોકમાં વાહન ચેકિંગ



**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે ચૂંટણી શાંતિ પૂર્વ માહોલમાં થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને અસામાજિક તત્વોને ભરી પીવા શહેર પોલીસ એક્શન મોડમાં આવી છે. રાત્રે એસોજી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો મુખ્ય માર્ગો અને ચોક વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ કરી અસામાજિક તત્વોને કડક સંદેશ પાઠવ્યો હતો.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમારના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી જગદીશ બાંગરવાના નેતૃત્વમાં ગઈકાલે રાત્રે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ચેકિંગમાં ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ વનરાજસિંહ ડોડીયા, પીએસઆઈ આર.કે. ગોહિલ તેમજ એસઓજીના પીએસઆઈ વી.કે. ઝાલા અને તેમની ટીમો જોડાઈ હતી.

ચૂંટણી દરમિયાન શાંતિ જળવાઈ રહે અને આવારા તત્વો બેફામ ન બને તે હેતુથી શહેરના અતિ વ્યસ્ત અને સંવેદનશીલ ગણાતા ત્રિકોણ બાગ અને જ્યુબેલી ચોક, સેન્ટ્રલ બસ સ્ટેન્ડ વિસ્તાર, પેલેસ રોડ અને કેનાલ રોડ, રૈયા ચોક સહિતના ૭થી વધુ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. પોલીસે આ વિસ્તારોમાં શંકાસ્પદ જણાતા લોકોની પૂછપરછ કરી હતી અને વાહન ચેકિંગ પણ હાથ ધર્યું હતું. ખાસ કરીને રાત્રિના સમયે જાહેર રોડ પર અડિંગો જમાવીને બેસતા તત્વોને પોલીસે ત્યાંથી ભગાડ્યા હતા. પોલીસના આ કડક વલણને કારણે ગુનાહિત માનસ ધરાવતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. શહેર પોલીસ દ્વારા જણાવાયું છે કે, ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે આગામી દિવસોમાં પણ આ પ્રકારનું સઘન ચેકિંગ અને રાત્રિ પેટ્રોલિંગ ચાલુ રાખવામાં આવશે.

# રાજકોટ નજીક માણાવદર પંથકના યાત્રાળુની બસ પર પથ્થરમારો

### અજાણ્યા શખ્સે બસ પર પથ્થર ફેંકતા કાચ તૂટ્યોઃ પ્રૌઢ ઘાયલ

**અબતક, રાજકોટ**

રાજકોટના એરપોર્ટ રોડ પર ગઈકાલે મોડી રાત્રે એક શખ્સે પથ્થરમારો કરી આતંક મચાવ્યો હતો. શ્રીનાથજી દર્શનાર્થે જઈ રહેલા જૂનાગઢના પરિવારની ટેમ્પો ટ્રાવેલ્સ બસ પર પથ્થર ફેંકાતા ગાડીનો પાછળનો કાંચ ફૂટી ગયો હતો, જેના કારણે બસમાં બેઠેલા એક પ્રૌઢને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જૂનાગઢ જિલ્લાના માણાવદર ખાતે રહેતા અને ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા કિશોરભાઈ મોહનભાઈ સુરેજા (ઉં.વ. ૫૬) ગઈકાલે રાત્રે પોતાના પરિવારના ૧૫ સભ્યો સાથે ટેમ્પો ટ્રાવેલ્સમાં સવાર થઈ રાજસ્થાન શ્રીનાથજી દર્શન કરવા જઈ રહ્યા હતા. રાત્રિના ૧૧:૩૦ વાગ્યાના અરસામાં જ્યારે તેમની ગાડી રાજકોટના એરપોર્ટ રોડ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક એક અજાણ્યા શખ્સે ગાડી પર પથ્થરમારો કર્યો હતો.પથ્થર એટલો વેગથી મારવામાં આવ્યો હતો કે ટેમ્પો ટ્રાવેલ્સનો પાછળનો કાંચ ક્ષણભરમાં જ ફૂટી ગયો હતો. બસમાં પાછળની સીટ પર બેઠેલા કિશોરભાઈ પર કાંચના ટુકડા પડતા અને પથ્થર વાગતા તેમને માથામાં ગંભીર ઈજા થઈ હતી. પરિવારજનોએ તાત્કાલિક તેમને સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. ઈજાગ્રસ્ત કિશોરભાઈના પરિવારના જણાવ્યા અનુસાર, આ શખ્સે માત્ર તેમની જ ગાડી નહીં, પરંતુ તે પહેલા પસાર થયેલી અન્ય બે ગાડીઓ પર પણ પથ્થરમારો કર્યો હતો. આ ઘટનાને પગલે મુસાફરોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે ઈજાગ્રસ્ત કિશોરભાઈને સંતાનમાં એક પુત્ર છે. હાલમાં આ મામલે પોલીસને જાણ કરવામાં આવી છે અને પથ્થરમારો કરનાર અજાણ્યા શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## મેટોડામાં સગીરા પર ધોકા અને પાઈપ વડે હુમલો

### મંદિરે દર્શન કરવા ગયેલી સગીરાને કોઈ કારણોસર માર માર્યો, પોલીસે તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

લોધિકા તાલુકાના મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં ગઈકાલે બપોરના સમયે સગીરા પર હુમલાની ઘટના બનતા ચકચાર મચી ગઈ છે. મહિલા અને તેના સાથીદારોએ ૧૩ વર્ષની સગીરાને ધોકા વડે બેફામ માર મારતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, મેટોડા જીઆઈડીસી ગેટ નં. ૩ પાસે રહેતા ચંદ્રિકાબેન પ્રમોદરામ જાદવ (ઉં.વ. ૧૩) ગઈકાલે બપોરે ૩:૦૦ વાગ્યાના અરસામાં વિસ્તારમાં આવેલા શંકર ભગવાનના મંદિર પાસે હતા. આ દરમિયાન ત્યાં હાજર કલ્પના દેવી અને તેની સાથેના અન્ય શખ્સોએ કોઈ અગમ્ય કારણોસર ચંદ્રિકાબેન સાથે ઝઘડો કર્યો હતો. ઝઘડો ઉગ્ર બનતા કલ્પના દેવી અને તેના સાથીદારોએ ઉશ્કેરાઈ જઈ સગીરા પર ધોકા વડે હુમલો કરી દીધો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ગંભીર રીતે ઘવાયેલી સગીરાને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

# ૧૫૦ ફૂટ રીંગ રોડ પરથી ૨૧૬ બોટલ વિદેશી દારૂ સાથે બે ઝડપાયા

### કાર સહિત રૂ ૫.૪૨,લાખ ની કિંમતનો મુદ્દામાલ એલ.સી.બી ઝોન ૨ ની ટીમે કબ્જે કર્યો

**અબતક, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ આંબેડકર નગર પાસેથી કારમાંથી રૂ ૪૨૦૦૦ની કિંમતનો ૨૧૬ બોટલ વિદેશી દારૂ સાથે બે શખ્સોને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ઝોન ૨ ની ટીમે કાર સાથે ૫૪૨૦૦૦ કિંમત નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી .શહેરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજાય અને ગુનાખોરી અટકાવવા રાજકોટ શહેર પોલીસ કમિશનરે બ્રજેશકુમાર ઝા એ સૂચના એલસીબી ઝોન ૨ના પીએસઆઈ આર.એચ.ઝાલા ના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગમાં હતા દરમિયાન ખાનગી રહે બાતમી મળેલ કે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આંબેડકર નગર શેરી ના ૫ના ખૂણે કાળા



કલરની કાર ને અટકાવી તપાસ કરતા કાર માંથી રૂપિયા ૪૨૦૦૦ ની કિંમતનો ૨૧૬ બોટલ વિદેશી દારૂ સાથે આંબેડકર નગર શેરીમાં રહેતો આરોપી લલિત ઉગાભાઈ કંટારીયા, ભાવેશ બાબુભાઈ પરમાર, ને કાર સાથે ઝડપી કુલ રૂપિયા ૫,૪૨,૦૦૦ નો મુદ્દામાલ એલસીબી ઝોન ૨ ની ટીમે કબ્જે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે આ કામગીરીમાં પીએસઆઈ આર.એચ.ઝાલા, એ.એસ.આઈ જયંતીભાઈ ગોહિલ હરપાલભાઈ જાડેજા, રાજેશભાઈ મિયાત્રા અને હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ ગોહિલ સહિતના રોકાયા હતા

### ગરમીના પારાની સાથે ગુનાખોરીનો 'પારો' ઉંચકાયો

# શહેરમાં નાઈટ પેટ્રોલીંગ વચ્ચે ત્રણ સ્થળોએ છરીઓ ઉડી

## ■ રામનાથપરામાં સમાધાનના બહાને યુવાનને બોલાવી ચાર શખ્સો છરી વડે તુટી પડ્યા

## ■ થોરાળામાં દેશી દારૂની ઉઘરાણીમાં છુટક ધંધાર્થી પર બુટલેગરનો હુમલો

## નહેરૂ નગર વિસ્તારમાં મિત્રના સમાધાનમાં ગયેલા યુવક પર ત્રણ અજાણ્યા સહિત ચાર શખ્સોએ કર્યો ઘાતકી હુમલો

**અબતક, રાજકોટ**

શહેરમાં ગરમીનો પારો ઉંચકાતા તેની સાથે ગુનાખોરીનો ગ્રાફ ઉંચકાઈ રહ્યો છે. નજીવી બાબતે મારામારી, હુમલા, ચોરી સહિતની ઘટનાઓમાં દિન પ્રતિદિન વધારો જોવા મળે છે. ખાખીનો ખોફ ઓસર્યો હોય તેમ જેમાં શહેરમાં મામુલી મામલે ત્રણ સ્થળોએ છરીઓ ઉડી છે. જેમાં રામનાથપરામાં સમાધાનના બહાને યુવાનને બોલાવી ચાર શખ્સો છરી વડે તુટી પડ્યા હતાં અને થોરાળામાં દેશી દારૂની ઉઘરાણીમાં છુટક ધંધાર્થી પર બુટલેગરનો હુમલો નહેરૂ નગર વિસ્તારમાં મિત્રના સમાધાનમાં ગયેલા યુવક પર ત્રણ અજાણ્યા સહિત ચાર શખ્સોએ કર્યો ઘાતકી હુમલો કર્યાનું પોલીસ ચોપડે નોંધાયું છે. પોલીસે નાશી છુટેલા હુમલાખોરોને ઝડપી લેવા દોડધામ આદરી છે.

રામનાથપરામાં રહેતા સાકીરખાન હમીદખાન પઠાણ (ઉ.વ. ૨૭) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, મારા મોટા બાપુ નજીરખાનનો દીકરો બિલાલ રવિવારે સવારે ક્રાઈમ બ્રાંચ દ્વારા દારૂના કેસમાં પકડાયો હતો. આ બાબતે ચાલતા મનદુઃખનું સમાધાન કરવા માટે આરોપીઓ ટીકુ પઠાણ, ચંગો પઠાણ, સાહીલ પરમાર અને અસીમ પરમારે સાકીરખાનના ભાઈ નોઈનખાનને ફોન કરીને ગરુડ ગરબી ચોક પાસે બોલાવ્યો હતો. રાત્રે સવા અગિયાર વાગ્યાના અરસામાં સાકીરખાન અને તેનો ભાઈ નોઈનખાન જ્યારે ગરુડ ગરબી ચોક પહોંચ્યા, ત્યારે આરોપીઓ પહેલેથી જ હથિયારો સાથે સજ્જ થઈને આવ્યા હતા. સમાધાનની વાત શરૂ થાય તે પહેલા જ આરોપીઓએ ગાળાગાળી કરી, ''તમને બંનેને આજે જીવતા મૂકવા નથી'' તેમ કહી હુમલો કરી દીધો હતો. આરોપીઓએ તલવાર અને ધારીયાના ઉંધા તેમજ સીધા ઘા ઝીંકતા સાકીરખાનને જમણા પગના ઢીંચણના ભાગે ગંભીર ફ્રેક્ચર થયું છે. ડાબા પગના થાપાના ભાગે તલવાર વાગતા ઊંડો ઘા પડ્યો હતો અને ટાંકા લેવા પડ્યા છે. સાકીરખાન લોહીલુહાણ હાલતમાં જીવ બચાવવા રોડ પર દોડ્યો હતો અને લોકો એકઠા થઈ જતાં હુમલાખોરો વાહનો લઈને નાસી છૂટયા હતા. ઈજાગ્રસ્ત સાકીરખાનને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલના કેમ્પમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. પોલીસે આ મામલે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ટીકુ પઠાણ અને તેની ગેંગને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસે પેટ્રોલિંગ સઘન બનાવ્યું છે.

બીજા બનાવમાં થોરાળાની સર્વોદય સોસાયટી શેરી નંબર ૧૧ માં રહેતા અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોકરી કરતા વિશાલ માવજીભાઈ પારકી (ઉ.વ. ૩૭)ના જણાવ્યા મુજબ, તેણે અગાઉ રોહિત કિશોરભાઈ પરમાર નામના શખ્સ પાસેથી દારૂ લીધો હતો. આ દારૂના ૨૧૦૦ રૂપિયા વિશાલ પાસે બાકી નીકળતા હતા. રવિવારે રાત્રે બાર વાગ્યાના અરસામાં રોહિતે આ નાણાંની ઉઘરાણી કરવા માટે વિશાલ સાથે તકરાર કરી હતી. નાણાંની ઉઘરાણીમાં મામલો એટલો બિચક્યો હતો કે, ઉશ્કેરાયેલા રોહિત પરમારે આવેશમાં આવી જઈને વિશાલ સાથે ઝઘડો શરૂ કર્યો હતો. બોલાચાલી વધતા રોહિતે પોતાની પાસે રહેલી તીક્ષ્ણ છરી કાઢી વિશાલ પર આડેધડ હુમલો કરી દીધો હતો. વિશાલને છરીના ઘા વાગતા તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. જેને તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ સિવિલ હોસ્પિટલ અને હાલ મધુરમ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલ દોડી અને નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે.

ત્રીજા બનાવમાં નહેરુ નગર શેરી નંબર ૫ માં રહેતા અને મજૂરી કામ કરી પરિવારને મદદરૂપ થતા પ્રતાપસિંહ સૂર્યદેવસિંહ જાડેજા (ઉ.વ. ૨૪) નામના યુવાન પર મોડી રાત્રે હુમલો થયો હતો. પ્રતાપસિંહનો એક મિત્ર રિક્ષા ચલાવે છે, જેને દીપુ ઉર્ફે અલ્પેશ કોટેચા નામનો શખ્સ છેલ્લા કેટલાક સમયથી અવારનવાર ધમકાવી રહ્યો હતો. મિત્રને અકારણ હેરાન કરવામાં આવતો હોવાથી, પ્રતાપસિંહ રાત્રે બાર વાગ્યાના અરસામાં મવડી ચોકડી શૌચાલય પાસે દીપુને સમજાવવા માટે ગયા હતા. પ્રતાપસિંહે દીપુને પૂછ્યું હતું કે, ''તું મારા મિત્રને આવું શું કામ કરસ? તેને કેમ ધમકાવે છે?'' શાંતિથી સમજાવવા ગયેલા પ્રતાપસિંહ પર દીપુ અને તેની સાથેના અન્ય ૩ માણસો ઉશ્કેરાઈને છરીના ઘા ઝીંકી દીધા હતા. હુમલાખોરોએ પ્રતાપસિંહને શરીરના ભાગે છરીના ઘા ઝીંકી દેતા તેઓ લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડ્યા હતા. જેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઈજાગ્રસ્ત પ્રતાપસિંહ ત્રણ ભાઈઓમાં સૌથી નાના છે અને મજૂરી કામ કરે છે. બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે હોસ્પિટલ પહોંચી ઈજાગ્રસ્તનું નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે. શહેરમાં વધતી જતી છરીબાજીની ઘટનાઓને પગલે પોલીસ તંત્ર દ્વારા આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.


**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **કોયાણી વિપુલ જયંતિલાલ** આથી જાહેર કરૂ છું કે મારૂં જૂનું નામ **કોયાણી વિપુલકુમાર જયંતિલાલ** હતું અને મેં મારૂં નવું નામ **કોયાણી વિપુલ જયંતિલાલ** રાખ્યું છે. હવેથી મને **કોયાણી વિપુલ જયંતિલાલ** તરીકે ઓળખવામાં આવશે.

**સરનામું:કોયાણી વિપુલ જયંતિલાલ શ્રીજી સ્કુલ પાસે, જેતપુર સીટી મોલની પાછળ, અમરનગર રોડ, જેતપુર, રાજકોટ, ગુજરાત - ૩૬૦૩૭૦**

**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **કોયાણી મનિષાબેન વિપુલભાઈ** આથી જાહેર કરૂ છું કે મારૂં જૂનું નામ **કોયાણી મનિષા વિપુલકુમાર** હતું અને મેં મારૂં નવું નામ **કોયાણી મનિષાબેન વિપુલભાઈ** રાખ્યું છે. હવેથી મને **કોયાણી મનિષાબેન વિપુલભાઈ** તરીકે ઓળખવામાં આવશે.

**સરનામું:કોયાણી મનિષાબેન વિપુલભાઈ શ્રીજી સ્કુલ પાસે, જેતપુર સીટી મોલની પાછળ, અમરનગર રોડ, જેતપુર, રાજકોટ, ગુજરાત - ૩૬૦૩૭૦**


તંત્રી લેખ

# ઈરાનની કાયમી યુધ્ધવિરામનો પ્રસ્તાવ વિશ્વ શાંતિ માટે અનિવાર્ય

ઈરાન ઈઝરાયેલ અમેરિકા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં વચગાળાના યુધ્ધ વિરામથી વિશ્વએ આંશિક રાહતની અનુભૂતિ કરી છે યુધ્ધથી કોઈનું ભલું થતું જ નથી આ વાત અમેરિકા ઈઝરાયેલ અને ઈરાન પોતપોતાની રીતે મૂલવી રહ્યું છે, ઈઝરાયેલ ઈરાન અને અમેરિકા ત્રણેયના દ્રષ્ટિકોણમાં યુધ્ધ માંથી પ્રાપ્ત કરવાની સિધ્ધિ અલગ અલગ છે, પરંતુ વિશ્વ માટે ઈરાન ઈઝરાયેલનું આ યુધ્ધ લાંબા ગાળાની નુકસાનીનું કારણ બની રહ્યું છે .

ઈઝરાયેલ અને અમેરિકા એ પ્રારંભિક તબક્કામાં ઈરાનમાંથી સંપૂર્ણપણે સત્તા પરિવર્તન અને અણુ હથિયારોનો ખાતમો જેવી શરતો સાથે યુધ્ધને શરૂ કર્યું હતું પરંતુ ઈરાન દુશ્મનોના ગણતરીપૂર્વકના યુધ્ધ અભ્યાસમાં અલગ શક્તિશાળી પુરવાર થયું, ઉપરાંત હોર્મુઝ ની ઈરાનની પકડ થી સમગ્ર વિશ્વ એ તેલથી લઈ અનાજ અને ખાતર સુધીની અછતનો સામનો કર્યો હતો, યુધ્ધના પ્રથમ તબક્કામાં આમ જોવા જઈએ તો ઈરાનનો હાથ ઉપર રહેવા પામ્યો છે હવે ઈરાન યુધ્ધ વિરામની શરતોમાં પણ વિશ્વ શાંતિ ને આગળ ધરી રહ્યું છે અને ઈરાન સત્તાવાળાઓએ સૌપ્રથમવાર યુધ્ધવિરામ ની શરતમાં યુધ્ધ કાયમી ધોરણે વિરામ રહે તેવો આગ્રહ રાખ્યો છે, કામ ચલાવ હંગામી શરતો નહીં કાયમી ઉકેલ ની ઈરાને વાત રાખી છેયુધ્ધ સમાપ્ત કરવા માટે કાયમી સમાધાન ની પોતાની વાત નો આગ્રહ રાખવા ની ઈરાનની જાહેરાતથી વિશ્વ આખાની યુધ્ધ અંગેની નજર બદલાઈ ગઈ છે અમેરિકા ઈરાન વચ્ચેના યુધ્ધ અને વાટાઘાટો હવે નિર્ણાયક વળાંક પર આવી છે

અમેરિકા વહીવટી તંત્ર પાકિસ્તાનમાં વાટાઘાટો માટે રાજી થયું છે બીજી તરફ ઈરાને એક વાત સ્પષ્ટ કરી દીધી છે કે કોઈપણ પ્રકારની કામ ચલાવ શરતો તેને મંજૂર નહીં, હોય ઈરાનના રાષ્ટ્રપતિ મસીદ પજેશ્કિયાએ પોતાની વાત સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે જ્યાં સુધી તમામ વિવાદોનો કાયમી ઉકેલ ન આવે ત્યાં સુધી યુધ્ધવિરામ મંજૂર નથી ઈરાનની આ વાત અત્યારે તો એક તરફી લાગે છે પરંતુ યુધ્ધ વિરામમાં પાક્કી અને લાંબાગાળાની શરતો ગ્રાહ્ય રખાવવાનું ઈરાનનું વલણ વિશ્વ શાંતિ માટે જરૂરી અને વિચારશીલ નિર્ણય બની રહેશે. ઈરાન ઈઝરાયેલ અમેરિકા નું યુધ્ધ હોય કે વિશ્વમાં કોઈપણ બે દેશ વચ્ચે ચાલતા યુધ્ધ માં સમાધાનમાં કાયમી ઉકેલ બે દેશો માટે જ નહીં સમગ્ર વિશ્વની શાંતિ માટે અનિવાર્ય બને છે ઈરાનનો આ કાયમી યુધ્ધ વિરામ અને નક્કર શરતો ના પાલન નો આગ્રહ લાંબા ગાળે વિશ્વને ફાયદો અપાવનારોજ બની રહેશે તેમાં કોઈ સંદેહ નથી



# સીબીએસઈ શાળાઓમાં હવે 'કોમ્પોઝિટ સ્કિલ લેબ' ફરજિયાત તૈયાર કરાશે

## ધો.૬થી ૧૨ના વર્ગો માટે ૬૦૦ ચોરસ ફૂટની એક લેબ તૈયાર કરવાની રહેશે

**અબતક, રાજકોટ**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનએ શાળાઓમાં કૌશલ્ય આધારિત શિક્ષણને સુદ્રઢ બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. બોર્ડે તમામ સંલગ્ન શાળાઓમાં કોમ્પોઝિટ સ્કિલ લેબ સ્થાપિત કરવાનું ફરજિયાત કર્યું છે. આ પગલું નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અને એનસીએફ ૨૦૨૩ના માર્ગદર્શક સિદ્ધાંતોને અનુરૂપ છે, જેમાં વિદ્યાર્થીઓને પ્રાયોગિક અને અનુભવાત્મક શિક્ષણ આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે.સીબીએસઈ દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર, કૌશલ્ય અને વ્યવસાયિક શિક્ષણ હવે શાળાકીય શિક્ષણનો અભિન્ન ભાગ બની રહ્યો છે. વિદ્યાર્થીઓ માત્ર પાઠ્યપુસ્તક આધારિત જ્ઞાન સુધી મર્યાદિત ન રહે, પરંતુ વ્યવહારિક જીવનમાં ઉપયોગી કૌશલ્યો પણ પ્રાપ્ત કરે તે હેતુથી આ લેબ શરૂ કરવામાં આવી રહી છે. કોમ્પોઝિટ સ્કિલ લેબનો મુખ્ય હેતુ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક શિક્ષણ વચ્ચેના અંતરને ઘટાડવાનો છે. આ સાથે વિદ્યાર્થીઓમાં વાસ્તવિક વિશ્વની ક્ષમતાઓ (રિયલ વર્લ્ડ કોમ્પિટન્સી) વિકસાવવા તેમજ પ્રવૃત્તિ આધારિત અને બહુવિધ વિષયક શિક્ષણ (મલ્ટી-ડિસિપ્લિનરી લર્નિંગ) ને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વિદ્યાર્થીઓ વિવિધ ટેકનિકલ સાધનો અને પ્રયોગો દ્વારા વિષયને વધુ ઊંડાણપૂર્વક સમજી શકશે.સીબીએસઈએ લેબની સ્થાપના માટે માળખાગત સુવિધાઓની સ્પષ્ટ જરૂરિયાતો પણ જાહેર કરી છે. શાળાઓએ ધો. ૬થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે ૬૦૦ ચોરસ ફૂટની એક કોમ્પોઝિટ સ્કિલ લેબ બનાવવી પડશે. વૈકલ્પિક રીતે, શાળાઓ બે અલગ લેબ પણ બનાવી શકે છે, જેમાં ધો. ૬થી ૧૦ માટે એક અને ધો. ૧૧-૧૨ માટે બીજી લેબ રાખી શકાય છે. આ કિસ્સામાં એક લેબ ૪૦૦ ચોરસ ફૂટની હોવી જોઈએ તેવું નક્કી કર્યું છે. આ લેબમાં વિવિધ વિષયો માટે જરૂરી સાધનો, મશીનરી અને પ્રયોગાત્મક સેટઅપ ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂક્યો છે, જેથી વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાનનો ઉત્તમ અનુભવ મળે.સીબીએસઈના નિયમો મુજબ નવી સંલગ્નતા મેળવતી શાળાઓ માટે આ લેબ ફરજિયાત રહેશે. જ્યારે હાલમાં કાર્યરત શાળાઓને ૨૨ ઓગસ્ટ, ૨૦૨૭ સુધીમાં આ માપદંડો પૂર્ણ કરવા માટે સમય આપ્યો છે. બોર્ડે શાળાઓને સમયસર આયોજન કરીને લેબની સ્થાપના અને અસરકારક કામગીરી શરૂ કરવા સૂચના આપી છે. આ પહેલ દ્વારા શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા અને પ્રાયોગિકતા બંનેમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા છે.

### ૨૧ એપ્રિલ એટલે સર્જનાત્મકતા દિવસ

# કાલે દુનિયાભરમાં મનાવાશે વર્લ્ડ ક્રિએટીવીટી એન્ડ ઈનોવેશન ડે

## નવીનતા હોય કે સર્જનાત્મકતા, ભારતમાં છે અપાર પ્રતિભાઓઃ સુનિતા વિલિયમ્સ

**અબતક, રાજકોટ**

માનાં ગર્ભમાં પુરા નવ મહિના રહીને જયારે બાળક આ દુનિયામાં પ્રવેશ કરવા માટે પ્રયત્નશીલ હોય છે ત્યારે માતાને અતિશય પીડામાંથી પસાર થવું પડે છે પરંતુ આ પીડા તેને દુનિયાનાં સર્વશ્રેષ્ઠ આનંદનો અનુભવ કરાવે છે. સર્જનાત્મકતા જ નવસર્જનનું કારણ છે અને નવસર્જનએ સર્જનાત્મકતાનું પરિણામ છે. જયારે પણ કોઈ કટોકટીની સમસ્યાઓ સર્જાય છે ત્યારે એમાંથી બહાર આવવા માટે જે પ્રયત્નો કરવામાં આવે છે તેમાંથી જ નવસર્જન થાય છે. કોરોના માટે ફક્ત એક વર્ષના ગાળામાં શોધાયેલ વેક્સીન તેનું ઉત્તમ ઉદાહરણ છે. હજુ સુધી એવા કેટલાય જીવલેણ રોગો છે જેની વેક્સીનો હજુ સુધી શોધાઈ નથી પરંતુ કોરોનાનાં કારણે જે વિશ્વ વ્યાપી મહામારી સર્જાય હતી એનાં કારણે જલ્દીથી જલ્દથી વેક્સીનની શોધ થઈ ગઈ.



૨૪ ફેબ્રુઆરી -૨૦૧૬ના દિવસે કેબિનેટ બેઠકમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અટલ ઈનોવેશન યોજનાને મંજૂરી આપી હતી. સમગ્ર દેશમાં આ મિશન હેઠળ અટલ ટીંકરિંગ પ્રયોગશાળાથી જીજ્ઞાસા, સર્જનાત્મકતા અને યુવા માનસમાં કલ્પના શક્તિમાં વધારો થાય અને વિવિધ કુશળતા આવે તે હેતુથી મિશનનો આરંભ કરાયો હતો.

કુટુંબ અને શાળામાં મૌલિક અભિવ્યક્તિ માટેનું પ્રોત્સાહન જેટલું વધારે તેટલી સર્જનાત્મકતા વધુ ખીલે છે.ડો. રાધાકૃષ્ણન કહે છે દરેક વ્યકિત સ્વાભાવે જ સર્જનશીલ હોય છે.બાળક નાનું હોય ત્યારે તેના પર શું કરવું શું ન કરવું ના દબાણો પ્રમાણમાં ઓછા હોય છે. આથી જ તે કોઈ નવી દિશામાં વિચારી શકે છે તેમને ઘણી વખત સર્જનશીલ પ્રતિચારો આપતાં જોયા હશે. દા.ત. મીલના ભૂંગળામાંથી નીકળતો ધૂમાડો જોઈ તે કહેશે કે આ તો વાદળ બનાવવાની ફેકટરી છે અને જેમ-જેમ ઉંમર વધતી જાય તેમ-તેમ આવું અસંગત બોલાય? હુંઆમ કરીશ/બોલીશ/ બનાવીશ તો બીજા શું કહેશે? જેવા વિચારે આપણને અન્યના સ્વીકારની સાપેક્ષે યોગ્ય હોય તેવી અભિવ્યક્તિઓ કરવા પ્રેરે છે. આમ, જેમ-જેમ ઉંમર વધતી જાય તેમ-તેમાં સર્જનાત્મકતા સામાન્યરીતે ઘટતી જાય છે.

# પ્રશાસક પ્રફુલ પટેલ દ્વારા દાદરા અને નગર હવેલીમાં વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ

## પાતીમાં નિર્માણધીન આયુર્વેદિક હોસ્પિટલની મુલાકાત લીધીઃ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા અધિકારીઓને કડક સૂચના

**અબતક, રાજકોટ**



દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ પટેલ દ્વારા આજે દાદરા અને નગર હવેલી જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમણે ખાસ કરીને સિલવાસાના પાતી ખાતે બની રહેલી આયુર્વેદિક હોસ્પિટલ અને સ્વાસ્થ્ય કેન્દ્રના નિર્માણ કાર્યની પ્રગતિની સમીક્ષા કરી હતી. નિરીક્ષણ દરમિયાન માનનીય પ્રશાસકશ્રીએ હાજર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને જરૂરી માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, તમામ પ્રોજેક્ટ્સ ઉચ્ચ ગુણવત્તા સાથે અને નક્કી કરેલી સમયસીમાની અંદર પૂર્ણ કરવા અનિવાર્ય છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે વિકાસકાર્યોમાં કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં અને અધિકારીઓએ સતત ફિલ્ડ વિઝિટ કરી કામગીરી પર દેખરેખ રાખવી પડશે. પ્રફુલ પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થવાથી પ્રદેશના પાયાના માળખામાં મોટો સુધારો આવશે, જેનો સીધો લાભ સ્થાનિક નાગરિકો અને પ્રવાસીઓને મળશે. આ નિરીક્ષણ દરમિયાન વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ અને સંબંધિત વિભાગના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા દૂધ ઉત્પાદક સેલ માત્ર દૂધ નહીં, મતદાન જાગૃતિ સંદેશ પણ ઘરે-ઘરે પહોંચાડશે

## દૂધમાં ફેટની સાથે 'મારો મત મારો અધિકાર' સૂત્ર દ્વારા મતદાનનું મૂલ્ય સમજાવતી સ્લીપ

**અબતક, રાજકોટ** :માત્ર શહેરો જ નહીં, પરંતુ ગ્રામીણ ક્ષેત્રને સૌથી વધુ પ્રભાવિત કરતી તાલુકા પંચાયત, નગરપાલિકા, જિલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજ્ય - ૨૦૨૬ ની ચૂંટણી આગામી તા. ૨૬ એપ્રિલના રોજ યોજાવા જઈ રહી છે. ચૂંટણી પંચ દ્વારા વિવિધ માધ્યમો થકી લોકોને મતદાનની અપીલ કરતાં મેસેજ પહોંચાડવામાં આવી રહ્યા છે. જે સંદર્ભે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અને ચૂંટણી શાખાના માધ્યમથી સૌથી મોટી દૂધ ઉત્પાદક રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સેલ, ગોપાલના માધ્યમથી દૂધ ઉત્પાદક પરિવારજનોને પણ આગામી તા. ૨૬ એપ્રિલના રોજ યોજાનારા મતદાનના દિવસે પ્રત્યેક મતદાતાઓ તેઓના મતદાનનો અધિકારનો એટલે કે 'હું ચોક્કસ મતદાન કરીશ' નો સંદેશ આપવામાં આવી રહ્યો છે. દૂધ ઉત્પાદકોને દૂધ જમા કરાવતા આપવામાં આવતી સ્લીપ એટલે કે પહોંચમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ યોજાનારા મતદાનમાં મતદાન અચૂક કરીશ, 'મારો મત મારો અધિકાર' સંદેશ પણ હાઈલાઈટ કરવામાં આવી રહ્યો છે. માત્ર દૂધના ફેટ નહીં, પરંતુ મત પણ એટલો જ કીમતી છે જે સ્લીપમાં દર્શાવવામાં આવી રહ્યું છે.

# પ્રાદેશિક નગરપાલિકા કચેરી ખાતે રંગોળી થકી મતદાનનો અપાયો સંદેશ

## રાજકોટ જિલ્લામાં ચૂંટણીની સ્વીપ પ્રવૃત્તિઓમાં સહભાગી બનતી મહિલાઓ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓને અનુલક્ષીને મતદાર જાગૃતિ માટે 'સ્વીપ' અંતર્ગત અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. આ અભિયાનમાં મહિલાઓ સહભાગી બનીને લોકશાહીને મજબૂત કરવા મહત્વની ભૂમિકા ભજવી રહી છે.




રાજકોટ પ્રાદેશિક નગરપાલિકાઓની કચેરી દ્વારા અધિક કલેક્ટર ઈલાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ મહિલા સ્ટાફે જિલ્લા સેવા સદન ખાતે રંગોળી કંડારીને મુલાકાતીઓને 'અચૂક મતદાન કરીએ' અને 'નો વોટર ટુ બી લેફ્ટ બિહાઈન્ડ' (કોઈ પણ મતદાર છૂટી ન જાય)નો પ્રેરક સંદેશ પાઠવ્યો હતો. આમ, રંગોળી થકી નાગરિકોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, જસદણ ખાતે આંગણવાડીની બહેનો દ્વારા મતદાન જાગૃતિના શપથ લેવામાં આવ્યા હતા. આંગણવાડી કાર્યકર બહેનોએ પ્રતિજ્ઞા લીધી હતી કે તેઓ દેશની લોકતાંત્રિક પરંપરાઓની મર્યાદા જાળવશે અને આગામી ચૂંટણીઓમાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ મતદાનની ગરિમાને અકબંધ રાખશે. મહિલાઓએ કોઈપણ પ્રકારના ભય, ધર્મ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રલોભનથી પ્રભાવિત થયા વિના દરેક ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાના શપથ લીધા હતા.

આમ, રાજકોટ જિલ્લામાં મહિલાઓ સ્વીપની પ્રવૃત્તિઓમાં સક્રિયપણે જોડાઈ રહી છે. તેમજ વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ મહિલાઓ સમાજમાં મતદાન પ્રત્યે જાગૃતિ લાવવામાં નિમિત્ત બની રહી છે.

# અમેરીકામાં ધીરગુરૂદેવના અનુગ્રહથી વરસીતપના પારણાની ઉજવણી



**અબતક, રાજકોટ**

અમેરીકાના ન્યુયોર્ક જૈન સેન્ટરમાં ઈન્દ્રપ્રસ્થનગર જૈન સંઘ - રાજકોટના કાશ્મીરા રાહુલ શેઠ તેમજ કંચનબેન રતિલાલ દોશીના પુત્રવધુ દર્શના ભાવીન દોશી તેમજ મીતા પારેખે, સંદીપ પારેખ, શીતલ પારેખ, મહેંક પારેખ, રોહન પારેખ અને તોરલ મહેતા, સુસ્મિતા શેઠ, રીનાબેન શાહ, સંજય શેઠ (ન્યુજર્સી) વગેરે વરસીતપમાં જોડાયા છે.

તા.૨૦ના તપસ્વીઓની શોભાયાત્રા સવારે ૯ કલાકે, ઈક્ષુરસ પાન ૧૧-૦૦ કલાકે અને સ્વામી વાત્સલ્ય બપોરે ૧૨-૩૦ કલાકે ન્યુયોર્ક જૈન સેન્ટરમાં યોજાશે.

જૈન સેન્ટર વગેરેએ તપસ્વીઓનું સન્માન કરેલ. પૂ.ધીરગુરૂદેવે આરાધકોની અભિવંદના કરેલ અને વધુને વધુ આરાધકો વરસીતપમાં જોડાય તેવી ભાવના ભાવી હતી.

# સહેલી લેડીઝ કલબ દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન



**અબતક, રાજકોટ**

રાજકોટની નામાંકિત સહેલી લેડીઝ કલબ આયોજિત રાજકોટના આંગમે 'વૃંદાવન ધામ' સર્વપિતૃના મોક્ષાર્થે પાવન પુરુષોત્તમ માસમાં સર્વજ્ઞાતિય સમુહ ભાગવત સપ્તાહનું આયોજન તા. ૨૫ મેથી ૩૧ મે દરમિયાન કરવામાં આવ્યું છે. આ ભાગવત સપ્તાહ 'પૂજ્ય રણછોડદાસ બાપુ કોમ્યુનિટી હોલ' ભક્તિનગર સર્કલથી તદન નજીક, આનંદ નગર મેઈન રોડ, જલજીત હોલની સામે, રાજકોટ ખાતે આયોજન થયેલ છે. દરરોજ બપોરના ૩:૩૦ થી ૭:૩૦ દરમિયાન ભાગવત કથાનું સુંદર રસપાન પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાના શિષ્ય એવા શ્રી ડો. અનિલભાઈ ઓ. મહેતા દ્વારા કરવામાં આવશે.

આ કાર્યક્રમનું સુંદર આયોજન સલેહી લેડીઝ કલબના પ્રમુખ જીતાબેન દત્તાણી, જયશ્રીબેન જોશી તેમજ હસ્મિતાબેન પાટડિયાએ કરેલ છે.

રાજકોટની તમામ જનતા ભાગવત સપ્તાહમાં પોથી બુક કરાવી શકશે. તેમજ દરેક પ્રસંગમાં યજમાન તરીકે નામ લખાવાનું શકશો.

# ભુજ ટીલામેડી પ્રાગમહેલમાં રાજવી પરિવારે કર્યું મહામાયામાંનું પુજન

## તેરા ઠાકોર રાજવી પરિવારની વૈશાખવદ એકમને માની પૂજાની પરંપરા યથાવત



**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

કચ્છ રાજપરંપરા મુજબ ટીલામેડી પ્રાગમહેલ દરબારગઢ ભૂજ મધ્યે માં મહામાયા માં ની પુજન વિધિ વૈશાખ સુદ એકમ શનિવાર ૧૮ એપ્રીલે યોજાઈ હતી. મહારાણી પ્રિતી દેવીબા દ્વારા માં મહામાયાનું પૂજન કરી માતાજી પાસે સર્વેની સર્વાંગ સમૃધ્ધીની પ્રાર્થના કરી હતી. પૂજન પહેલા દરબારગઢમાં સ્થાપિત કચ્છ રાજયના અંતિમ મહારાવ પ્રાગમલજી ત્રીજાની પ્રતિમાને બધાયે પુષ્પાંજલી અર્પણ કરી હતી.

આ પૂજન કાર્યક્રમમાં તેરા ઠાકોર મયુરધ્વજસિંહજી, દેવપર ઠાકોર કૃતાર્થસિંહજી, માજી સંસદ પુષ્પદાનભાઈ ગઢવી વિજેશકુમાર પુંજા, તેરા રાણી આરતીકુમારી, તેરા કુમાર હર્ષાદિત્યસિંહ, ડો. દિપાલીબેન ચાવડા, પ્રમોદભાઈ જેઠી તથા રણજીતવિલા અને પ્રાગમહેલના કર્મચારીયોએ પૂજનનો લાભ લીધો હતો.

# બુધવાર-ગુરૂવાર અંબાજી ગબ્બર મંદિરના દર્શન બંધ રહેશે

## મધપૂડા હટાવવાની કામગીરી દરમિયાન યાત્રિકોને કોઈ નુકસાન ન પહોંચે તે માટે ગબ્બર પર્વત તરફ જતો માર્ગ સજ્જડ બંધ રાખવામાં આવશે

**અબતક, રાજકોટ**

યાત્રાધામ અંબાજીમાં લાખો શ્રદ્ધાળુઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી ૨૨ એપ્રિલ (બુધવાર) અને ૨૩ એપ્રિલ (ગુરુવાર), ૨૦૨૬ ના રોજ ગબ્બર પર્વત પર દર્શન અને રોપ-વે સેવા સંપૂર્ણપણે બંધ રહેશે.

ઉનાળાની આકરી ગરમીમાં ગબ્બર પર્વતના પથ્થરો અને રોપ-વે ટાવર આસપાસ બનેલા મોટા મધપૂડાઓમાંથી મધમાખીઓ ઉડવાની અને યાત્રાળુઓ પર હુમલો કરવાની ભીતિ રહે છે. ભૂતકાળમાં પણ ગરમીના કારણે મધમાખીઓ ઉડવાના બનાવો બન્યા છે. આથી, દર્શનાર્થીઓના જીવને કોઈ જોખમ ન રહે તે હેતુથી આ બે દિવસ દરમિયાન વિશેષ ટીમ દ્વારા ગબ્બર પરથી મધપૂડા ઉતારવાની અને મધમાખીઓને દૂર કરવાની કામગીરી સઘન રીતે હાથ ધરવામાં આવશે.



મધપૂડા હટાવવાની આ કામગીરી દરમિયાન યાત્રિકોને કોઈ નુકસાન ન પહોંચે તે માટે ગબ્બર પર્વત તરફ જતો માર્ગ સજ્જડ બંધ રાખવામાં આવશે. જોકે, શ્રદ્ધાળુઓ માટે રાહતના સમાચાર એ છે કે અંબાજીના મુખ્ય શિખરબંધ મંદિરમાં દર્શન રાબેતા મુજબ ચાલુ જ રહેશે, માત્ર ગબ્બર પર્વત પર જ આ પ્રતિબંધ લાગુ પડશે. વહીવટી તંત્ર દ્વારા દર્શનાર્થીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ આ બે દિવસોમાં ગબ્બર દર્શનનું આયોજન ટાળીને વ્યવસ્થામાં સહકાર આપે.

આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ, ૨૪ એપ્રિલ (શુક્રવાર) થી ગબ્બર પર્વત પર દર્શન અને રોપ-વે સેવા યાત્રિકો માટે ફરીથી રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવશે.

# જાણીતા આર્થોસ્કોપો સર્જન કૌશલ પટેલની અમેરીકા અભ્યાસ માટે પસંદગી



**અબતક, રાજકોટ**

રાજકોટની ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલી શિવ હોસ્પિટલ ખાતે સેવા આપતા સૌરાષ્ટ્રના જાણીતા આર્થોસ્કોપો અને હાડકાંના નિષ્ણાંત તેમજ ખભ્ભાની લીગામેન્ટ સર્જરીના નિષ્ણાંત એવા કૌશલ પટેલની અમેરીકામાં અપાતી એડવાન્સ ટેકનોલોજી અભ્યાસ માટે પસંદગી થઈ છે. તેઓ આગામી ૨ મે સુધી અમેરીકાના મિનેસોટામાં ટ્રેનીંગ માટે ગયા છે. ત્યારબાદ ત્યાંથી પરત આવતા જ ૩ મેથી પોતાની સેવાઓ શિવ હોસ્પિટલમાં આધુનિક ટેકનોલોજી સાથે આપશે. અગાઉ પણ તેઓ ઈન્ટરનેશનલ લેવલે વિવિધ દર્દો અંગેનું સંશોધન કર્યું છે અને તે માન્ય રહેલ છે.

# જલારામ ભક્તિધામ ટ્રસ્ટ દ્વારા બહેનો માટે યોજાશે ઓપન રાજકોટ કોમ્પિટિશન

## ૨૩/૪ની સ્પર્ધા માટે વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવા જિજ્ઞાસુ મહિલાઓને અપીલ

**અબતક, રાજકોટ**

જલારામ ભકિત ધામ ટ્રસ્ટદ્વારા મહિલા ઓપન રાજકોટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં જ્ઞાતિના ભેદભાવ વગર બહેનો માટે, હાઉસી, અંતાક્ષરી, સમર ડ્રિંક્સ કોમ્પિટિશન નું આયોજન કરવામાં આવ્યું છે .

૨૩ એપ્રિલ ગુરૂવાર બપોરે ૪ વાગે રાજકોટ વિશ્વાસ શ્રીમાળી જૈન સમાજ ૧૧ કરણ પરા પ્રહલાદ રોડ ખાતે યોજાનારી સ્પર્ધા માં સ્પર્ધા કે દરેક સ્પર્ધા માટે રૂપિયા ૧૦ની એન્ટ્રી અને ગેસ્ટ આવતા બહેનો માટે ૫૦ એન્ટ્રી ફી રાખી છે સ્પર્ધામાં વિજેતા થયેલ બહેનોને એક થી ત્રણ ક્રમના ઈનામું તેમજ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે .એન્ટ્રી લેવા માટે ટ્રસ્ટ નામોબાઈલ નંબર ૯૮૨૫૩૫૦૫૪૬ પર નામ ૨૨/૪ રાત્રે ૯ સુધી લખાવવા જણાવ્યું છે આ સ્પર્ધા માં નિર્ણાયક તરીકે વિમલાબેન ખાખરા, નીતાબેન કામદાર સેવા આપશે વધુ વિગત માટે ૯૮૨૫૩૫૦૫૪૬ પર સંપર્ક કરવા જણાવ્યું છે

# સોના-ચાંદીના ભાવમાં કડાકો: અક્ષય તૃતીયા બાદ ભાવમાં નોંધાયો ઘટાડો

## સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ આશરે ૧૭૦૦ રૂપિયા અને ચાંદીમાં પ્રતિ કિલો ૫૪૦૦ રૂપિયા સુધીનો ઘટાડો

**અબતક, નવી દિલ્હી**

અક્ષય તૃતીયાના પર્વ પર થયેલી ભારે ખરીદી બાદ, સોમવારે બજાર ખૂલતા જ સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. રવિવારે અક્ષય તૃતીયાના દિવસે દેશભરમાં અંદાજે ૨૦૦૦૦ કરોડ રૂપિયાનો સોના-ચાંદીનો વેપાર થયો હોવાનું અનુમાન છે, પરંતુ આજે ૨૦ એપ્રિલે ભાવમાં નોંધપાત્ર નરમી આવી છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ આશરે ૧૭૦૦ રૂપિયા અને ચાંદીમાં પ્રતિ કિલો ૫૪૦૦ રૂપિયા સુધીનો ધરખમ ઘટાડો નોંધાયો છે.

કોમોડિટી માર્કેટમાં સવારના સમયે જૂન ડિલિવરી ધરાવતું સોનું લગભગ ૧% ના ઘટાડા સાથે ૧૫૩૨૪૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ કરતું જોવા મળ્યું હતું. તેવી જ રીતે, ચાંદીના ભાવમાં પણ લગભગ ૨% નો ઘટાડો થયો છે અને તે ૨૫૨૨૩૬ રૂપિયા પ્રતિ કિલોની આસપાસ પહોંચી ગઈ છે. બજારના જાણકારો માને છે કે અક્ષય તૃતીયાની તેજી બાદ પ્રોફિટ બુકિંગ અને વૈશ્વિક બજારના સંકેતોને કારણે આ ઘટાડો જોવા મળી રહ્યો છે.



આ ઘટાડા પાછળ વૈશ્વિક કારણો પણ જવાબદાર છે. તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પુષ્ટિ કરી છે કે યુએસ નેવીએ ઓમાનના અખાતમાં ઈરાની ધ્વજ વાળા કાર્ગો જહાજ પર ગોળીબાર કરી તેને જપ્ત કર્યું છે. જહાજને હોર્મુઝમાંથી નીકળતી વખતે રોકાવાની ચેતવણી આપવામાં આવી હતી જેને અવગણવામાં આવતા આ કાર્યવાહી કરવામાં આવી છે. આ ઘટના બાદ ઈરાને પણ વળતો પ્રહાર કરી જહાજોને નિશાન બનાવ્યા છે અને અમેરિકા પર યુદ્ધવિરામ કરારના ભંગનો આરોપ લગાવ્યો છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે વધેલા આ તણાવ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. બ્રેન્ટ ક્રૂડ ૫ થી ૬% વધીને ૯૫ ડોલરની ઉપર ટ્રેડ કરી રહ્યું છે, જ્યારે યુએસ ક્રૂડ ૬ થી ૭% વધીને ૯૦ ડોલર પ્રતિ બેરલની નજીક પહોંચી ગયું છે. બીજી તરફ, યુએસ ડોલર ઈન્ડેક્સ પણ વધીને ૯૮.૩ ના સ્તરે પહોંચી ગયો છે. આ લાંબા સંઘર્ષને કારણે ઊર્જા પુરવઠામાં ઐતિહાસિક ઝટકો લાગ્યો છે, જેનાથી ફુગાવાનું જોખમ વધ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનમાં વાતચીતના બીજા રાઉન્ડ માટે હજુ પણ તક હોવાનો સંકેત આપ્યો છે, જોકે ઈરાનને હાલમાં કોઈ કરારની આશા દેખાતી નથી. વધતા ફુગાવાના જોખમને કારણે સેન્ટ્રલ બેન્ક દ્વારા વ્યાજદરમાં વધુ વધારો થવાની સંભાવના વધી ગઈ છે, જેનું દબાણ સીધું સોનાના ભાવ પર જોવા મળી રહ્યું છે. સોના-ચાંદીના ભાવમાં આવેલા આ ઘટાડાને કારણે સ્થાનિક બજારમાં સામાન્ય ગ્રાહકોમાં ફરીથી ખરીદીનો ઉત્સાહ જોવા મળી શકે છે.

### વૈશ્વિક સ્તરે અમેરિકા અને ઈરાન વચ્ચે વધેલા તણાવ અને ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળાની સીધી અસર બુલિયન માર્કેટ પર

# જાપાનમાં ૭.૪ની તીવ્રતાનો ભયાનક ભૂકંપ, સુનામીનું એલર્ટ

## ભૂકંપ પેસિફિક મહાસાગરમાં આવેલા ઉત્તર-પૂર્વીય કિનારેથી લગભગ ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો, જાનહાની સમાચાર નહિ

**અબતક, રાજકોટ**

જાપાનના આજે ઉત્તર-પૂર્વીય કિનારે એક તીવ્ર ૭.૪ મેગ્નિટ્યુડનો ભયાનક ભૂકંપ આવ્યો હતો. જાપાન મેટીયોરોલોજિકલ એજન્સી અનુસાર, આ ભૂકંપ પેસિફિક મહાસાગરમાં આવેલા ઉત્તર-પૂર્વીય કિનારેથી લગભગ ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. ભૂકંપની તીવ્રતા વધુ હોવાના કારણે લોકો માટે ચાલવું પણ મુશ્કેલ બની ગયું હતું.

ભૂકંપના કારણે જાપાન મેટીયોરોલોજિકલ એજન્સીએ સુનામીનું એલર્ટ જાહેર કર્યું છે. ચેતવણી મુજબ, આઈવેટે , આઓમોરી અને હોક્કાઈડો સહિતના ઉત્તરીય કિનારાના વિસ્તારોમાં ૩ મીટર (લગભગ ૧૦ ફૂટ) સુધીની ઊંચી લહેરો આવવાની સંભાવના છે. અધિકારીઓએ લોકોને તાત્કાલિક ઊંચા વિસ્તારો તરફ ખસી જવાની સલાહ આપી છે. જો કે હજુ મોટા નુકસાનની હજુ પુષ્ટિ થઈ નથી.





ભૂકંપની અસરથી જાપાનની શિંકાન્સેન (બુલેટ ટ્રેન) સેવાઓ પણ અસરગ્રસ્ત થઈ છે. આઓમોરી વિસ્તારમાં બુલેટ ટ્રેનની સેવાઓ અસ્થાયી રીતે અટકાવી દેવામાં આવી છે. તોક્યો અને આઓમોરી વચ્ચેની કેટલીક સેવાઓ પણ અસ્થાયી રૂપે બંધ કરવી પડી હતી, જેનાથી મુસાફરોને અસુવિધા પડી છે. જાપાનની રેલ્વે કંપનીઓએ સલામતી તપાસ માટે આ પગલું ભર્યું છે.

પ્રધાનમંત્રી સાનાએ તાકાઈચીએ આ ઘટનાને લઈને ઈમર્જન્સી ટાસ્ક ફોર્સની રચના કરી છે અને અસરગ્રસ્ત વિસ્તારોના નાગરિકોને સલામત સ્થળે જવા અપીલ કરી છે. અત્યાર સુધી મોટા નુકસાન અથવા હતાહતની વિગતવાર માહિતી સામે આવી નથી, પરંતુ અધિકારીઓ સતત મોનિટરિંગ કરી રહ્યા છે. આ વિસ્તારમાં કોઈ સક્રિય ન્યુક્લિયર પ્લાન્ટ નથી, પરંતુ આસપાસના પ્લાન્ટ્સની તપાસ કરવામાં આવી રહી છે.

# જિલ્લાના ૩૯૭ અને ગોંડલના સાત વોર્ડ માટે પંચાવન મતદાન મથકોના મશીનો તૈયાર કરાયા

## રાજકોટ જિલ્લા-તાલુકા પંચાયત અને ગોંડલ નગરપાલિકાની ચૂંટણી માટે ઈ.વી.એમ. કમિશનિંગની પ્રક્રિયા હાથ ધરાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા ગોંડલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં થનારા મતદાન માટેના ઈ.વી.એમ. તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

રાજ્ય ચૂંટણી આયોગની માર્ગદર્શિકા મુજબ, રાજકોટમાં સરકારી પોલિટેકનિક કોલેજ ખાતે જિલ્લા પંચાયતની ૦૬ બેઠકો તેમજ તાલુકા પંચાયતની ૨૧ બેઠકો માટે ૧૭ અને ૧૮ એપ્રિલના રોજ ઈ.વી.એમ. કમિશનિંગની પ્રક્રિયા પૂર્ણ કરી મશીનોને સીલ કરવામાં આવ્યા હતા.

ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ ૧૦૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓએ આ પ્રક્રિયામાં ભાગ લીધો હતો. જે દરમિયાન રિઝર્વ સહિત કુલ ૩૯૭ ઈ.વી.એમ. તૈયાર કરવામાં આવ્યા હતા. આ તકે વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ અને ઉમેદવારોએ હાજર રહ્યા હતા.જ્યારે ગોંડલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે પણ આજે ૧૮ એપ્રિલના રોજ મહારાજા ભગતસિંહજી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ઈ.વી.એમ. તૈયાર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી.વોર્ડ નંબર ૧થી ૬ના ચૂંટણી અધિકારી રાહુલ ગમારા, વોર્ડ નંબર ૭થી ૧૧ના ચૂંટણી અધિકારી ગોસ્વામી તેમજ મદદનીશ ચૂંટણી અધિકારીઓ અને સહાયક રાજ્ય વેરા નિરીક્ષકની અધ્યક્ષતામાં આ પ્રક્રિયા સંપન્ન થઈ હતી. ઉલ્લેખનીય છે કે ગોંડલ નગરપાલિકાના ૧૧ વોર્ડ પૈકી વોર્ડ નંબર ૧, ૬, ૯ અને ૧૧ બિનહરીફ જાહેર થયા છે.

જ્યારે બાકી રહેલા સાત વોર્ડ એટલે કે વોર્ડ નંબર ૨, ૩, ૪, ૫, ૭, ૮ અને ૧૦ના કુલ પંચાવન મતદાન મથકો માટેના ઈ.વી.એમ. અને રિઝર્વ મશીનો તૈયાર કરવામાં આવ્યા હતા. આ કામગીરીમાં બેલના એન્જિનિયર, આઈટીઆઈ અને શિક્ષકોનો સ્ટાફ જોડાયો હતો. સ્ટ્રોંગ રૂમ ખોલતી વખતે હરીફ ઉમેદવારો પણ હાજર રહ્યા હતા.

# મતદાનના દિવસે ફરજ બાદ બીજા દિવસે ચૂંટણી સ્ટાફ કચેરીએ હાજર ન રહી શકે તો ફરજ પર ગણવા સૂચના

## રાજ્ય ચૂંટણી આયોગના સચિવ દ્વારા સૂચના જારી કરાઈ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનું મતદાન ૨૬મી એપ્રિલ ને રવિવારે યોજાનાર છે. આ દિવસે લાંબા સમય સુધી ફરજ બજાવનારો સ્ટાફ જો બીજા દિવસે કચેરીએ હાજર ન રહી શકે તો તેમને ફરજ પર જ ગણવા સૂચના જારી કરવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી આયોગના સચિવ શ્રી આર.જી. ગોહિલ દ્વારા શહેર-જિલ્લા મ્યુનિસિપલ તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓને સૂચના જારી કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, ચૂંટણી મતદાનની તારીખ ૨૬મી એપ્રિલ અને પુનઃ મતદાન કરવાની જરૂર ઊભી થાય તો ૨૭મી એપ્રિલ ને સોમવારે તેમજ મત ગણતરી ૨૮મી એપ્રિલ ને મંગળવારે યોજવામાં આવશે.

મતદાનના દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ મતદાન પુરું થયા બાદ રીસીવિંગ સેન્ટર ઉપર મોડી રાત્રે અથવા તો જો વધુ અંતર હોય તો બીજા દિવસે વહેલી પરોઢે મતદાન સામગ્રી પરત સોંપવા પહોંચતા હોય છે.

કેટલાક કિસ્સામાં મતદાન ટૂકડીઓને તબક્કાવાર રીસીવિંગ સેન્ટર પર પહોંચતા વિલંબ થતો હોય છે.આમ, ચૂંટણી સ્ટાફ લાંબા સમયગાળા સુધી ફરજ પર હોવાથી મતદાનના બીજા દિવસે તેમને કચેરીમાં હાજરી આપવામાં મુશ્કેલી થતી હોય છે. આથી જો આવા કર્મચારીઓ મૂળ કચેરીએ હાજર ન રહી શકે તો આ દિવસને ફરજ પરની તેમની હાજરી ગણવાની રહેશે અને તેઓએ મૂળ કચેરી ખાતે હાજર થવાનું રહેશે નહીં.

જ્યાં પુનઃ મતદાન યોજાય તેવા કિસ્સામાં પણ મતદાનના બીજા દિવસે જો ચાલુ દિવસ હોય તો પણ ચૂંટણી સ્ટાફને ફરજ પર ગણવાના રહેશે, તેમ સૂચનામાં જણાવાયું છે.

# બ્લડ બેંક ક્ષેત્રે ગુજરાત દેશમાં પ્રથમ: રેડ ક્રોસના સેવાકીય પ્રકલ્પોની પ્રશંસા કરતા રાજ્યપાલ

**અબતક, રાજકોટ**

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાની વાર્ષિક સામાન્ય સભા ગાંધીનગર લોકભવનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ પ્રસંગે રાજ્યપાલે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની માનવીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, જ્યારે કોઈ સંસ્થા નિઃસ્વાર્થ ભાવે અને ટીમ વર્ક સાથે કાર્ય કરે છે, ત્યારે જ જનમાનસના હૃદયમાં સ્થાન બનાવી શકે છે. રાજ્યપાલે વધુમાં જણાવ્યું કે, બ્લડ બેંકના ક્ષેત્રમાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે તે ગૌરવની બાબત છે. ઈન્ડિયન રેડ ક્રોસ દ્વારા ચાલતા ફિઝિયોથેરાપી સેન્ટર્સ, ડેન્ટલ ક્લિનિક અને જેનરિક મેડિકલ સ્ટોર્સ સામાન્ય માનવી માટે



આશીર્વાદરૂપ સાબિત થયા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં તાલુકા સ્તર સુધીના નેટવર્કની પણ તેમણે સરાહના કરી હતી.રાજ્યપાલે તેમના ગ્રામીણ પ્રવાસના અનુભવો વર્ણવતા કહ્યું હતું કે, મેં ગુજરાતના તમામ તાલુકામાં જવાનો સંકલ્પ કર્યો છે, જે અંતર્ગત ૨૪ તાલુકામાં પ્રવાસ પૂર્ણ કર્યા છે. ગોંડલના લૂણીવાવ ગામની મુલાકાતના એક પ્રસંગ યાદ કરતા રાજ્યપાલે કહ્યું કે, એક ખેતમજૂરના ૧૦ દિવસના નવજાત બાળકને જ્યારે મેં ખોળામાં લીધું, ત્યારે તે પરિવારની આંખોમાં જે કૃતજ્ઞતાના આંસુ હતા, તે અવર્ણનીય અને અવિસ્મરણીય છે.

# રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓને છેલ્લા ૨૦ વર્ષના ઓડિટ હિસાબો રજૂ કરવા આદેશ

## દર વર્ષે ઓડિટ થતું હોવા છતાં સ્કૂલો પાસે ૨૦ વર્ષનો રેકોર્ડ મગાતા રોષ ફેલાયો

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ સ્કૂલોને સરકાર તરફથી ગ્રાન્ટ ચૂકવવામાં આવતી હોય છે. પરંતુ અમદાવાદ સહિત રાજ્યની અનેક ગ્રાન્ટેડ શાળાઓ સમયસર ખાતાકીય ઓડિટ કરાવતી ન હોવાની તેમજ કરોડો રૂપિયાની રિકવરી પણ ભરપાઈ કરતી ન હોવાની અનેક વખત ફરિયાદો ઊઠે છે. જેના પગલે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ૨૦૦૫થી લઈને ૨૦૨૩ સુધીના ૨૦ વર્ષના ઓડિટના હિસાબો માગ્યાં હોવાની વિગતો સામે આવી છે. તમામ જિલ્લાના શિક્ષણાધિકારીઓને આ અંગે પરિપત્ર મારફતે સૂચના પણ આપી છે. આ સિવાય ૨૦ વર્ષ સુધીના ગ્રાન્ટ એસેસમેન્ટનું રેકોર્ડ હવે ડિજિટલ અને ફિઝિકલ બંને સ્વરૂપે સાચવવું પડશે. શાળાઓના ૨૦ વર્ષના હિસાબી ઓડિટ ડેટા ડાઉનલોડ કરવા જિલ્લાઓને સૂચના આપવામાં આવી છે.કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા આ અંગે કરવામાં આવેલા પરિપત્રમાં જણાવાયું છે કે, જિલ્લા શિક્ષણાધિકારીઓએ વર્ષ ૨૦૦૫થી ૨૦૨૩ સુધીના ગ્રાન્ટ એસેસમેન્ટ હુકમોની ફાઈલો અદ્યતન કરી કાયમી રેકોર્ડ પર લેવાની રહેશે. આ ઉપરાંત, ઓડિટ દરમિયાન થયેલી વસૂલાત અને કપાતની વિગતો માટે એકંદરીકરણ એસેસમેન્ટ રજિસ્ટર અને એકંદરીકરણ ખાતાકીય વસૂલાત રજિસ્ટર નિભાવવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, આ સમયગાળા દરમિયાન જે શાળાઓ બંધ થઈ ગઈ છે અથવા જેમના ઈન્ડેક્સ નંબર રદ થયા છે, તેમના પણ ઓડિટ રિપોર્ટ અને હુકમોની નકલો તૈયાર રાખી ઓડિટ પાર્ટીઓને પૂરી પાડવાની રહેશે. આમ, સ્કૂલો પાસેથી ૨૦ વર્ષનો રેકોર્ડ એકત્ર કરવાની કામગીરી શરૂ કરવામાં આવતા સ્કૂલ સંચાલકોમાં રોષ ફેલાયો છે. દરવર્ષે ડીઈઓ ઓડિટ, તેના આધારે કમિશનર કચેરીનું ઓડિટ, ત્યારબાદ કેગ ઓડિટ થયેલા હોય છે. આ ઉપરાંત વર્ષમાં અનેક વખત નિરીક્ષણ પણ થતું હોય છે. તેમ છતાં આ ૨૦ વર્ષની વિગતો માગવામાં આવી છે તે યોગ્ય નથી તેમ જણાવી રહ્યા છે. રાજ્યની અનેક ગ્રાન્ટેડ શાળાઓ દ્વારા ખાતાકીય ઓડિટ સમયસર કરાવતી ન હોવાની અવાર-નવાર ફરિયાદો ઉઠે છે. એ સિવાય વધુ ફાળવેલી ગ્રાન્ટની રિકવરી પણ ભરપાઈ કરતી ન હોવાની ફરિયાદો ઉઠે છે. અમદાવાદ શહેરની જ વાત કરવામાં આવે તો ૧૩૩ ગ્રાન્ટેડ શાળાઓની રૂ. ૨.૯૧ કરોડ જેટલી રિકવરી બાકી છે.

# ડો. આંબેડકરના જીવન કવન પર પોડકાસ્ટ શરૂ કરવા કુલપતિની સલાહ

## બાબા સાહેબ ડો. બી. આર. આંબેડકર ચેર -સેન્ટર , સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ચેર -સેન્ટરની નવમી સલાહકાર સમિતિની બેઠક મળી: ભીમરત્ન એવોર્ડની સન્માનનિધિ ૨૫ હજારથી વધારી રૂ. ૫૧૦૦૦ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો

**અબતક, રાજકોટ**

બાબા સાહેબ ડો. બી. આર. આંબેડકર ચેર -સેન્ટર , સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા ચેર -સેન્ટરની નવમી સલાહકાર સમિતિની બેઠક કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશી સાહેબના અધ્યક્ષ સ્થાને અને કુલસચિવ ડો. અજયસિંહ જાડેજા, ચેર- સેન્ટરના ચેરમેન પ્રો. રાજાભાઈ કાથડ ખાસ નિમંત્રીત સદસ્ય ચીફ એકાઉન્ટ ઓફિસર વી. સી. ગઢવી સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં ચેરની સલાહકાર સમિતિના સન્માનનીય સદસ્ય સર્વ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બીઓએમ મેમ્બર પ્રોફે. બી. કે. ક્લાસવા, પ્રોફે. અને કાર્યકારી પરીક્ષા નિયામક ડો. મનીષભાઈ શાહ, ગુજરાતી ભવન અધ્યક્ષ પ્રોફેસર દીપક ભાઈ પટેલ, એમબીએ ભવન અધ્યક્ષ પ્રો.હિતેશ શુક્લાઓડિટરની ઉપસ્થિતિમાં તા. ૧૬/૦૪/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી સભાખંડમાં બેઠક યોજાઈ ગઈ.

સૌપ્રથમ ચેર- સેન્ટરના સંશોધન અધિકારી ડો. રવિ બી. ધાનાણી દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ



ચેર-સેન્ટર દ્વારા નવનિયુક્ત રજિસ્ટ્રાર ડો. અજયસિંહ જાડેજાનું માનનીય કુલપતિ અને સર્વ સદસ્યો દ્વારા પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું.

ત્યાર બાદ બેઠકની મિનિટ્સને માન્ય કરી ગત વર્ષે થયેલી કામગીરી અને ખર્ચનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. અને નાણાકીય વર્ષ ૨૦૨૬- ૨૭માં થનાર કાર્યક્રમોની વિગત મંજૂરી અર્થે સમિતિ સમક્ષ મુકવામાં આવી હતી.

જેને સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે.

કુલપતિ તેમજ સર્વે ઉપસ્થિત સભ્યોએ ચેર-સેન્ટરની કામગીરી વધુ ને વધુ સુદ્રઢ બને તે માટે જરૂરી સૂચનો કરવામાં આવ્યા.

વર્ષ ૨૦૨૬-૨૭મા બેઠકમાં પ્રાપ્ત થયેલ સૂચનો મુજબ ચેર-સેન્ટરની કામગીરીને વધુ વેગવંતી બનાવવાનો નિર્ધાર કરવામાં આવેલ. સરકારમાં વધુ ગ્રાન્ટ માટે દરખાસ્ત મુકવામાં આવશે.

અંતમાં ચેર-સેન્ટરના ચેરમેન પ્રો. આર. એન. કાથડ દ્વારા સર્વેનો આભાર માની સભાપૂર્ણ કરવામાં આવી.

# ધ્રાંગધ્રા: અંધશ્રધ્ધાના નામે નિર્દોષ બાળકને મોતને ઘાટ ઉતારનાર તાંત્રિક મહિલાની ધરપકડ

## પુત્ર પ્રાપ્તી બાદ દેવીને પ્રસન્ન કરવા પશુ બલીનો ઈન્કાર કરતા પાડોશીએ ચાર વર્ષના માસુમને પતાવી દીધાના મૃતકના પરિવારનો આક્ષેપ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં માનવતાને શરમાવતી અને રોમાંચિત કરી દે એવી ક્રૂર ઘટના સામે આવી છે, જેમાં માત્ર ચાર વર્ષના નિર્દોષ બાળક કાર્તિકનું નિર્મમ રીતે જીવન છીનવી લેવામાં આવ્યું છે આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભય અને રોષનો માહોલ સર્જ્યો છે. મળતી માહિતી મુજબ, ફારુકભાઈ બળદેવભાઈ એછવાડિયાના



પરિવારમાં લાંબા સમયથી પુત્ર પ્રાપ્તિની ઈચ્છા હતી.આ નબળાઈનો લાભ ઉઠાવી પાડોશમાં રહેતી રેહાનાબેન રફીકભાઈ માયક, જે પોતાને તાંત્રિક અને માતાજીના ભુવા તરીકે રજૂ કરતી હતી, તેણે 'બાધા' અને અંધશ્રદ્ધાના જાળમાં પરિવારને ફસાવ્યો હતો. સમય જતાં, ૧ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ પરિવારને પુત્ર રત્ન પ્રાપ્ત થયો, જેને કાર્તિક નામ આપવામાં આવ્યું. પરંતુ આ ખુશી જલ્દી જ દુઃખદ ઘટનામાં ફેરવાઈ ગઈ. તાંત્રિક મહિલાએ પોતાના કહેવાતા દેવીને પ્રસન્ન કરવા માટે પશુ બલિની માગણી કરી હતી કાર્તિકની માતાએ આ અંધશ્રદ્ધાપૂર્ણ અને ક્રૂર માંગણીનો ઈનકાર કરતા બંને વચ્ચે વિવાદ સર્જાયો હતો. ગત ૪ એપ્રિલના રોજ, કાર્તિક ઘર પાસે રમતો હતો ત્યારે અચાનક ગુમ થઈ ગયો પરિવાર દ્વારા તાત્કાલિક શોધખોળ હાથ ધરવામાં આવી તપાસ દરમિયાન, તાંત્રિક મહિલાના ઘરના પાણીના ટાંકામાંથી બાળકનો મૃતદેહ મળી આવતા આખો મામલો ચોંકાવનારો બની ગયો પ્રારંભિક તબક્કે, આઘાતગ્રસ્ત પરિવારે કોઈ કાનૂની કાર્યવાહી કર્યા વિના જ બાળકને દફનાવી દીધો હતો. પરંતુ બાદમાં હત્યાની શંકા મજબૂત બનતા, ઘટનાના આશરે બાર દિવસ પછી પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી ધ્રાંગધ્રા સિટી પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી,



મૃતદેહને કબરમાંથી બહાર કાઢી ફોરેન્સિક તપાસ માટે મોકલ્યો તપાસ દરમિયાન ગંભીર તથ્યો સામે આવતા, પોલીસે રેહાનાબેન માયક વિરુદ્ધ હત્યા, કાળા જાદુ અને તાંત્રિક વિધિના ગુનાઓ હેઠળ કેસ નોંધી તેની ધરપકડ કરી છે. આ ઘટનાએ સમાજમાં ફેલાયેલા અંધશ્રદ્ધા અને ખોટા ધાર્મિક દાવાઓની ભયાનક હકીકતને ઉજાગર કરી છે. નિર્દોષ બાળકની નિર્મમ લોકોમાં આક્રોશ ફેલાવ્યો છે અને આવા અપરાધો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

**ગુમ પુત્રનો પાડોશીના ટાંકામાંથી મૃતદેહ મળ્યા બાદ દફનવિધિ કરી' તી પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ**

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને આડે હવે માત્ર એક સપ્તાહ, ઈવીએમ સીલ કરાયા

## સીલિંગ પ્રક્રિયા પૂરી થયા બાદ આ મશીનોને સુરક્ષિત રીતે સ્ટ્રોંગ રૂમમાં મુકવામાં આવશે, જ્યાં સુધી મતદાનનો દિવસ ન આવે ત્યાં સુધી તેની કડક દેખરેખ રાખવામાં આવશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હવે નજીક આવી રહી છે અને મતદાન માટે માત્ર એક અઠવાડિયાનો સમય બાકી રહ્યો છે. આવનાર રવિવારે યોજાનારી આ મહત્વપૂર્ણ ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ તેમજ વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરવામાં આવી છે. રાજ્યભરમાં મતદાન પ્રક્રિયા સુચારૂ રીતે પાર પડે તે માટે દરેક સ્તરે આયોજનબદ્ધ રીતે કામગીરી ચાલી રહી છે. મતદાન મથકોની વ્યવસ્થા, સુરક્ષા, સ્ટાફની નિમણૂક સહિતની કામગીરીઓ સાથે સાથે ટેક્નિકલ તૈયારીઓ પર પણ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જેથી મતદારોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે.

ચૂંટણી પંચ દ્વારા ઈવીએમ મશીનોને લઈને ખાસ સાવચેતી રાખવામાં આવી રહી છે. ગાંધીનગરના સેક્ટર ૧૬ ખાતે ઈવીએમ

મશીનો સીલ કરવાની પ્રક્રિયા



હાથ ધરવામાં આવી છે. જેમાં કંટ્રોલ યુનિટ સાથે મશીનોને યોગ્ય રીતે સીલ કરવામાં આવી રહ્યા છે. આ પ્રક્રિયા પારદર્શક અને વિશ્વસનીય રહે તે માટે ઓબ્ઝર્વર દ્વારા તેની સમીક્ષા પણ કરવામાં આવી છે. સીલિંગ પ્રક્રિયા પૂરી થયા બાદ આ મશીનોને સુરક્ષિત રીતે સ્ટ્રોંગ રૂમમાં મુકવામાં આવશે. જ્યાં સુધી મતદાનનો દિવસ ન આવે ત્યાં સુધી તેની કડક દેખરેખ રાખવામાં આવશે.ઉપરાંત આગામી ૨૫ એપ્રિલના રોજ ઈવીએમ મશીનોને મતદાન મથકો તરફ ડિસ્પેચ કરવામાં આવશે. ચૂંટણીની આખરી તૈયારીઓ હવે ઝડપી ગતિએ આગળ વધી રહી છે અને તંત્ર દ્વારા દરેક વિગતોનું સુચિત આયોજન કરવામાં આવી રહ્યું છે. સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવી રહી છે અને મતદાન પ્રક્રિયા નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ રીતે પાર પડે તે માટે ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણી રાજ્ય માટે મહત્વપૂર્ણ હોવાથી મતદારોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને તંત્ર તમામ વ્યવસ્થાઓને અંતિમ સ્વરૂપ આપવા માટે સતત કાર્યરત છે.

# તળાજામાં સોની દંપતીનો દાઝી ગયેલો મૃતદેહ મળતા ચકચાર

**રાજકોટ સ્થિત પુત્ર અને પૌત્રી સાથે ફરીને રાત્રે ઘરે આવ્યા બાદ ઓચિંતા મોતથી અનેક સવાલ**

**દંપતી સળગી ગયેલ હાલતમાં અને ઓછાડ અધૂરો સળગેલો, ઓશીકું, મોબાઈલ સલામત !**

**આસપાસના રહીશીએ કહ્યું કોઈજ રાડ કે ચીંસો સાંભળવા મળીનથી!.**

**અબતક રાજકોટ**

ભાવનગર તળાજાના રામટેકરી રોડ પર રહેતા જીવનની અડધી સદી વટાવી ચૂકેલા સોની દંપતી ની આજે તેમનાજ ઘરે થી પથારીમાં સુતા હોય અને આગને કારણે દાઝી ગયા હોય તેવી નગ્ન હાલતે લાશો ને પોલીસે કબ્જે લીધી હતી. કાળ એ આ ખેલ રાત્રે ૧૧ વાગ્યાથી લઈ ૨ વાગ્યા સુધીમાં ખેલ્યો છે.

હતી. જેની સૌપ્રથમ જાણ મૃતક દંપતીના દીકરાને થઈ હતી. એ સમયે તે મિત્રો સાથે ધારડી ખાતે હાઈવે પર આવેલ હોટલ પર ચા પીવા ગયો હતો. પોલીસે મોત નું સાચું કારણ જાણવા ભાવનગર પેનલ પી.એમ કરાવેલ છે. પોલીસે હાલ તો આગથી દાઝી જવાના કારણે દંપતીનું મૃત્યુ થયાનું નોંધી તપાસ હાથધરી છે.જોકે જે રીતે દંપતીની લાશો પથારી ઉપર પડી હતી, સાથે રૂમ અને પથારીનું બારીકાઈથી પોલીસે કરેલ નિરીક્ષણને લઈ આ ઘટના અનેક શંકાઓ ઉપજાવી રહી છે.

તળાજાના ધનબાઈમા ચોક ખાતે ગોપાલ વોચ અને દેવડી ચોક ખાતે ન્યુ ગોપાલ જવેલર્સના નામે વેપાર ધંધો કરતા સોની વૈઠા પરિવારના કિશોરભાઈ વેલજીભાઈ અને તેના પત્ની રેખાબેન કિશોરભાઈની અર્ધ સળગેલી લાશ રામટેકરી રોડપર આવેલ તેમના નિવાસસ્થાનેથી પોલીસે રાત્રે આશરે ૩.૩૦ બાદ કબ્જે લીધી હતી.આ બનાવ ના પગલે આસપાસ ના રહીશો, હોમગાર્ડ, ફાયર અને પો.ઈ.વી.આર.ચાવડા પોલીસ સ્ટાફ સાથે પહોંચી ગયા હતા.

પોલીસને મૃતક દંપતીના પુત્ર વિમલભાઈએ જણાવ્યું હતુ કે પોતે રાત્રે બે વાગ્યા આસપાસ ધારડી ગામે હાઈવે પર મિત્રો સાથે ચા પીતા હતા ત્યારે દીકરીનો ફોન આવેલ કે કશુંક બળે છે, ધુમાડો નીકળેછે ની વાશ આવે છે.

આથી તેઓએ ઘરે આવી ને જોતા પોતાના મમ્મી પપ્પા સળગેલી હાલતમા પથારીમાં મૃત હાલતે જોવા મળ્યા હતા. આગ ક્યાં કારણોસર લાગી તે જાણી શકાયું નથી! બનાવ બન્યો ત્યારે મૃતક દંપતિની પુત્રવધુ અને પૌત્રી ઉપર ના માળે જ સુતા હતા.પોલીસે હાલ અકસ્માત એ મોત થયાનું નોંધી તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છેકે મૃતક દંપતીનો પુત્ર વિમલ છેલ્લા ચાર-પાંચ વર્ષથી પૂત્ની અને દીકરી સાથે રાજકોટ સ્થાયી થયો હતો. એક જ દીકરો હતો. ત્યાં સોના ચાંદીના શો રૂમમાં નોકરી કરતો હ ત્યાં નોકરી કરતો હતો. છેલ્લા બે દિવસથી તળાજ તળાજા આવેલ અને માતા પિતાસાથે પોતાની કારમાં ધાર્મિક સ્થળોએ ફરી રહ્યા હતા.ગઈકાલે જ તેઓ સાળંગપુર ગયા હતા.રાત્રે અહીં ધાબે સૌ સાથે જમ્યા ા બાદ પરિવારને પરિવાર

ઘરે મૂકી ને રાત્રે ૧૦.૪૫ આસપાસ મિત્રો સાથે બહાર ગયેલ હતો. સ્થળ નિરીક્ષણ દરમિયાન પોલીસ ને જોવા મળ્યું હતું કે જે પથારીમાં(ગાદલા આગ લાગેલ જોવા મળી રહી છે,દંપતી દાઝી ગયેલ છે, દેહપર વસ્ત્રો નથી તેની સાથે આગ માત્ર દંપતી સુતું છે ત્યાંજ છે, ગાદલા પર પાથરેલ ઓછાડ પૂરો સળગ્યો નથી. કિશોરભાઈના માથાનું ઓશીકુ પણ સળગેલ નથી. બાજુમાં બે મોબાઈલ પડ્યા છે મોબાઈલને જરાપણ આગને લઈ નુકશાન નથી. દીવાલો,લાદી, ફર્નિચર પર આગના ધૂમડા કે ડાઘા જોવા મળ્યા ન હતા.શોટ સર્કિટ ને કારણે આગ લાગી હોય તેવા પણ કોઈજ નિશાન ન હતા આવા અનેક કારણો દંપતીના મોતને ઘેરા રહસ્ય તરફ લઈ જાય છે ની શંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.સુતાબાદ આગની લપેટમા આવીને મોત ને ભેટ્યા હોવાના સામે આવેલ પ્રાથમિક દ્રશ્યોએ આસપાસના રહીશોમા પણ અનેક સવાલો સાથે ચકચાર જગાવી છે. બનાવ બન્યો એ ગીચ રહેણાંક વિસ્તાર છે. મોટેથી અવાજ પાડે તો પડોશીઓને ખબર પડે. આગની લપેટમા આવે અને બે માંથી એકપણ વ્યક્તિ ચીસો ન પાડે તે કેમ બને? તરફડીયા મારે, ગ્રાઉન્ડ ફ્લોરના જે રૂમમા સુતા હતા તેનુ બારણું પણ ખુલ્લું હતું. બે માંથી એક દોડીને બહાર તો આવી શકેને?! તેમાનું કશુજ બન્યું નથી.ઓછાડના ખૂણા પણ ગાદલામા ખોસેલ જોવા મળ્યો હતા.બે ભાન હાલત જેવી દશા મા હોય તો ઉપર જણાવ્યા મુજબ ની મુવમેન્ટ જોવા ન મળે તેવું પણ આ કેસમાં બન્યું નથી.

સોની દંપતી ના મોત ને લઈ નગરમા અનેક તર્ક અનેક સવાલો સાથે સમગ્ર મામલો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. મીડિયા કર્મીઓના આ ઘટનામાં શુ લાગે છે? પરિવાર મા મિલ્કત ને લઈ વિવાદ છે સહિતની વાતો જણાવતા અને જાણવા માંગતા હતા.કેટલાક લોકોએ તો ચહેરો જોવા માટે ફેસબુક પણ ખોલી નાખી હતી. વિમલ ના આઈ.ડી મા તેમના માતા પિતા નો ફોટો ક્યાંય જોવા મળ્યો ન હતો. દંપતીના મૃત્યુને લઈ પો.ઈ. ચાવડા એ જણાવ્યું હતુ કે ભાવનગર પેનલ પી.એમ કરાવેલ છે.તબીબ ના અભિપ્રાય. બાદ બંને ના મોતનું કારણ જાણવા મળશે. સાથે આગ લાગવાનું કારણ પણ એફ.એસ.એલ.અધિકારી દ્વારા સ્થળપરનું નિરીક્ષણ કરી અભિપ્રાય આપે બાદ જ ખબર પડશે

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** સ્વ. કામીનીબેન શશીકાંતભાઈ ઠાકર (ઉ.વ. ૬૦) તે શશીકાંતભાઈ પ્રભાશંકર ઠાકર ધારીવાળા હાલ રાજકોટના ધર્મ પત્ની તે સ્વ. ધીરૂભાઈ, રસિકભાઈના નાનાભાઈના પત્ની, હરેશભાઈ, ભરતભાઈના ધારીના ભાભી તે ભાલચંદ્રભાઈ (ભયલાભાઈ) બી. જોષીના સુપુત્રી તથા ચંદ્રીકાબેન (નિવૃત્ત એસબીઆઈ, રીટાબેન વિજયભાઈ જોશી, ભાવનગર, રાજેશભાઈ તથા નિલેશભાઈ જોશી (એલઆઈસી)ના બહેનનું તા. ૧૯ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસમું તથા પિયરપક્ષની સાદડી મહાકાલેશ્વર મંદિર, માલવિયા ચોક પાસે આજે સાંજે ૪થી ૬ રાખેલ છે.

**અમરેલીઃ** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ મૂળ ઢસા જંકશન હાલ અમરેલી સ્વ.દયાશંકર મોહનલાલ વ્યાસ (ઉ.૮૬)તે જયશ્રીબેન મહેન્દ્રભાઈ મહેતાના પિતા તથા સ્વ.મહેન્દ્રભાઈ મૂળશંકરભાઈ મહેતાના સસરા તેમજ અનિરુદ્ધભાઈ મહેન્દ્રભાઈ મહેતા(જેટકો), સ્વાતિબેન હરિહરકુમાર ખંભોળિયા (રાજકોટ)ના નાના તેમજ સ્વ.બાબુભાઈના લઘુબંધુ તથા સ્વ.કાંતિભાઈ, ધીરુભાઈ, લક્ષ્મીશંકરભાઈના મોટાભાઈનુ તા.૧૯ ને રવિવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૦ ને સોમવારે સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાન અનિરુધ એમ મહેતા,આંગન એપાર્ટમેન્ટ, મધુવન પાર્ક પાસે,બ્રાહ્મણ સોસાયટી, લાઠી રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** દશા સોરઠિયા વણિક સ્વ. સરોજબેન (શારદાબેન) રસિકલાલ શ્રીમાંકર (ઉ.વ. ૭૨)તે રસિકલાલ માણેકચંદ શ્રીમાંકરના પત્ની, કેયુર (મોન્ટુ) તથા યશના માતા, સ્વ. રામજીભાઈ ઠાકરશીભાઈ લોટીયાના પુત્રી, સ્વ. મથુરાદાસ, મનસુખભાઈના બહેન, પુષ્પાબેન પ્રવીણચંદ્ર સાંગાણીના ભાભી, સંદીપ મહેન્દ્રભાઈ શ્રીમાંકર, આશિષ પ્રવીણચંદ્ર શ્રીમાંકર, જય રમેશભાઈ શ્રીમાંકર, નીપા કીર્તિ ધાબલિયા, મમતા રાજેશ ગગલાણી, દ્વિકલ મયૂર ધાબલિયા, શ્વેતા જતીન કુરાણીના કાકીનું તા.૧૮ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા આજે તા. ૨૦ સોમવારના સાંજે ૫ થી ૬ કલાકે રાખેલ છે. સ્થળઃ માલવીયા વાડી, ગોંડલ રોડ, જે. કે. હોન્ડા ના શોરૂમ સામે,રાજકોટ.

**રાજકોટઃ** શ્રી દશા સોરઠિયા વણિક નયનાબેન (ઉ.વ.૫૭) તે પ્રફુલ ભાઈ જયંતિલાલ ભૂપતાણીના પત્ની, ગોપાલભાઈ તથા રાધીકા જય કુમાર આણંદપરાના માતા, નીલમબેન અને જયભાઈ (કમલભાઈ) આણંદપરાના સાસુ, કેવિનના નાની, જશવતીબેન દોશી તથા રંજનબેન ગગલાણી, ચાંદનીબેન ઝવેરી, રમેશભાઈ, સ્વ રાજુભાઈ, હિતેશભાઈના ભાભી તથા મહેંદ્રભાઈ મૂંજીયાસરા, દિનેશભાઈ, મધુબેન મલકાણ, નીતાબેન માધાણીના બહેન તા. ૧૭ના રોજ અવસાન પામ્યાં છે તેનું બેસણું તા. ૨૦ ના સોમવારે સોમેશ્વર મહાદેવ, રવિરત્ન પાર્ક, યુનિવર્સિટી રોડ ખાતે સાંજે ૫ થી ૬ રાખેલ છે.

**અમદાવાદઃ** મુળ જામનગર નિવાસી હાલ અમદાવાદ દશા સોરઠિયા વણિક સ્વ. પ્રવિણાબેન જગદીશચંદ્ર શેઠ તે પ્રિતેશભાઈ શેઠ, મીતાબેન પૂર્વગભાઈ પારેખ તેમજ જિજ્ઞાબેન જીતેશભાઈ ધ્રુવના માતા તા. ૧૬ના રોજ અવસાન પામેલ છે. સદગતનું બેસમું આજે તા. ૨૦ના રોજ સાંજે ૫:૩૦થી ૬:૩૦ સ્વામીનારાયણ મંદિર, ધનલક્ષ્મી કોમ્પ્લેક્ષ, જીવરાજ ક્રોસ મેટ્રો સ્ટેશન રોડ પાસે અમદાવાદ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ભાવનાબેન કનકરાય શિંગાળા તે કનકરાય શામજીભાઈ શિંગાળા ( તે આરએમસીના રિટાયર્ડ ઓફિસ)ના પત્ની (ઉ.વ. ૭૭) તે ડો. મનસુખભાઈ હરજીવનભાઈ દાસાણીના બહેન, વર્ષાબેન જીતેશકુમાર હિંડોચા, જયશ્રીબેન રાજેશભાઈ ઠક્કર, આશાબેન નિલેશભાઈ ડેલાવાળા, શિલ્પાબેન શિંગાળાના માતા તેમજ ચાર્મી, કેયુર, કિશન, શ્યામ, દ્રષ્ટિ, ઝીલ, પારીસાના નાનીમા, જે તા. ૧૯ના રોજ અવસાન પામેલ છે. જેમનું બેસણું તથા પિયરપક્ષની સાદડી તા. ૨૦ના રોજ સોમવારે સાંજે ૫થી ૬ શ્રી પંચનાથ મહાદેવ મંદિર, લીમડાચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

**મહુવાઃ** દાઉદી વ્હોરા શબ્બીરભાઈ ગુલામહુસૈનભાઈ ડુંગરવાળા (ઉ.વ.૬૪) તે મ.યુસુફભાઈ,મ.બાનુબેન, મ. શીરીનબેન, મ.ખૈરુનબેન, ઝૈનબબેન (મુંબઈ) બતુલબેન (રાજકોટ) ના બહેન સકીનાબેન હુઝૈફાભાઈ બગસરાવાળાના પિતાનું તા.૧૯ એપ્રિલ ૨૦૨૬ને રવિવારના રોજ મહુવા મુકામે અવસાન પામેલ છે મર્હુમની જીયારત (કુરાનખ્વાની) તા.૨૧ એપ્રિલ ૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે દાઉદી વ્હોરા સમાજની કલીમી મસ્જિદ મહુવા ખાતે રાખવામાં આવેલ છે ટેલિફોનીક શોક સંદેશો (મો.૮૩૪૭૫૨૬૧૯૧) ઉપર વ્યકત વ્યક્ત કરવો.

**રાજકોટ :** સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ મુળ અમરેલી હાલ બિહાર-પટણાના ગીરજાશંકર ખીમજીભાઈ પાઠક (ઉ.૮૬)તે પ્રફુલાબેન પાઠકના પતિ તથા સ્વ.પ્રભાશંકરભાઈ પાઠક, હીરાબેન ઘનશ્યામભાઈ વ્યાસ (રાજકોટ), હરિશંકરભાઈ પાઠક (પટના), મહેન્દ્રભાઈ પાઠક (રાજકોટ), રમેશભાઈ પાઠક (રાજકોટ), કિશોરચંદ્ર પાઠક (અમરેલી), મહાશંકરભાઈ પાઠક(મહાભાઈ-ભાવનગર)ના ભાઈનું તા.૧૮ના અવસાન થયેલ છે. તેમનું ટેલીફોનિક બેસણું તા.૨૩ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ રાખેલ છે. હરિશંકરભાઈ(મનુભાઈ) કે. પાઠક પટના(મો.૯૪૩૧૨ ૨૧૭૩૨), મહેન્દ્રભાઈ કે. પાઠક (રાજકોટ)મો.૯૪૨૬૭ ૦૬૫૫૭), રમેશભાઈ કે. પાઠક (રાજકોટ) મો.૯૪૨૭૫ ૫૬૩૩૩), કિશોરભાઈ કે.પાઠક (અમરેલી)મો.૯૪૨૮૨ ૭૨૨૪૯), મહાભાઈ કે. પાઠક (ભાવનગર)મો.૯૪૨૮૭ ૮૫૫૬૪), મનીષભાઈ પી. પાઠક (સુરત)મો.૯૮૭૯૪ ૮૮૪૭૬)ના ફોન પર રાખેલ છે.

# આંબેડકર નગરમાં યુવકનો ગળાફાંસો ખાઈ આપઘાત

## રોહિતે પોતાના ઘરે અગમ્ય કારણોસર જીવન ટૂંકાવી લેતાં પરિવારમાં શોક છવાયો

**અબતક રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર આવેલ આંબેડકર નગર વિસ્તારમાં એક કરુણ ઘટના પ્રકાશમાં આવી છે. અહીં રહેતા ૨૨ વર્ષીય દલિત યુવાને પોતાના ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા શ્રમિક પરિવારમાં ભારે આક્રંદ છવાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગોંડલ રોડ પરના આંબેડકર નગરમાં રહેતા રોહિત હેમંતભાઈ ચૌહાણ (ઉં.વ. ૨૨) એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. જ્યારે પરિવારજનોને આ બાબતની જાણ થઈ ત્યારે રોહિતનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવતા તુરંત ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબે મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રોહિત તેના પરિવારમાં એક ભાઈ અને એક બહેનમાં સૌથી નાનો હતો. તે મજૂરી કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવવામાં મદદ કરતો હતો. ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જુવાનજોધ દીકરાના મોતથી આંબેડકર નગર વિસ્તારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. હાલ કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

# જામગઢમાં રહસ્યમય રીતે ગુમ થયેલ મહિલાની વાડીના કૂવામાંથી લાશ મળી

## માનસિક બીમારીમાં પરિણીતાએ અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા, પાંચ સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી

**અબતક રાજકોટ**

શહેરના જામગઢ ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. છેલ્લા કેટલાક દિવસોથી ગુમ થયેલા ૩૮ વર્ષીય પરિણીતાની લાશ પોતાના જ ઘરની વાડીમાં આવેલા કૂવામાંથી મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પાંચ સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવતા શ્રમિક પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જામગઢ ગામે રહેતા રેખાબેન કિશોરભાઈ ગોહિલ (ઉં.વ. ૩૮) ગત તારીખ ૧૫ની રાત્રિના રોજ પોતાના ઘરેથી અચાનક ગુમ થઈ ગયા હતા. પરિવારજનોએ તેમની શોધખોળ હાથ ધરી હતી, પરંતુ કોઈ પતો લાગ્યો ન હતો. દરમિયાન, આજરોજ રેખાબેનની લાશ તેમના જ ઘર પાસે આવેલી વાડીના કૂવામાં તરતી હાલતમાં મળી આવતા પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, ફરજ પરના તબીબે તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રેખાબેનના પતિ કિશોરભાઈ ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. મૃતકને સંતાનમાં એક દીકરો અને ચાર દીકરીઓ છે. માતાના અકાળે મોતથી પાંચેય સંતાનો નોંધારા બન્યા છે. પરિવારના જણાવ્યા અનુસાર, રેખાબેન છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારીથી પીડાતા હતા, જેના કારણે તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ મનાઈ રહ્યું છે. હાલ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

**ઈરાન...**

'બુલડોઝર પોલિસી' (ધમકાવીને મનાવવાની નીતિ) સામે ઈરાન સહેલાઈથી નમતું જોખશે નહીં, જેના કારણે વૈશ્વિક સ્તરે ઉર્જા સંકટ અને યુદ્ધના વાદળો વધુ ઘેરા બન્યા છે. બીજી તરફ, ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર અત્યંત આક્રમક વલણ અપનાવતા કહ્યું છે કે, જો ઈરાન સમજૂતી નહીં કરે તો અમેરિકા તેના દરેક પાવર પ્લાન્ટ અને બ્રિજને ઉડાવી દેશે. ટ્રમ્પે ઈરાની શાસનને 'કિલિંગ મશીન' ગણાવી તેને જડબાતોડ જવાબ આપવાની તૈયારી દર્શાવી છે.

**ભારત-અમેરિકા...**

ભારત અમેરિકી ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવા અને અમેરિકાથી વધુ પ્રમાણમાં ઊર્જા, વિમાન, ટેક્નોલોજી અને અન્ય વસ્તુઓ ખરીદવાની તૈયારી દર્શાવી હતી. લાંબા ગાળાના લક્ષ્ય તરીકે બંને દેશો વચ્ચે વેપારને ૫૦૦ અબજ ડોલર સુધી વધારવાની વાત પણ ચર્ચાઈ હતી.

**અમેરિકા ગન કલ્ચર...**

ઘરના અલગ-અલગ ભાગો અને આસપાસના પરિસરમાં (કુલ ત્રણ સ્થળોએ) ખેલાયો હતો, જે દર્શાવે છે કે બાળકોએ જીવ બચાવવા ભાગવાનો પ્રયાસ પણ કર્યો હશે. આ જઘન્ય અપરાધ કર્યા બાદ પિતા ગાડી લઈને ભાગ્યો હતો. પોલીસે લાંબો પીછો કર્યા બાદ હુમલાખોર પિતાને ઠાર માર્યો છે.

(ચોથા પાનાનું ચાલુ)

**ચેમ્બર ઓફ કોમર્સ...**

માહિતીની જરૂરિયાત હોય તો રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ નો સંપર્ક સાધવા અનુરોધ કરાયો હતો નિકાસકારો દ્વારા પુછાયેલા પ્રશ્નો અંગે યોગ્ય સમજણ પ્રતિક્રિયા અને તેના ઉકેલના રસ્તા બતાવવા સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો. સમગ્ર સેમીનારનું સંચાલન પીઓ વેસ્ટન નાડાયરેક્ટર પ્રફુલ સોલંકી એ અને આભાર વિધિ મેનેજર પિયુષ પલ્લવ એ કરી હતી.

**ઓજસ્વિની ફાઉન્ડેશન...**

યોજાનાર છે. પ્રદર્શન થકી બહેનો સ્વબળે આગળ વધે અને પોતાની અંદર છુપાયેલી શક્તિને જાણે અને તેનો યોગ્ય માર્ગદર્શન થકી બહોળો લાભ મેળવી શકે માત્ર તે જ ઉદેશથી ઓજસ્વિની ફાઉન્ડેશન દ્વારા ફરી પાછું એક સુંદર અને અનોખા પ્રદર્શનનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

ઓજસ્વિની ફાઉન્ડેશન દ્વારા અનેકવિધ સામાજિક પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે અને નવા આચાર વિચાર પ્રદાન કરવા સતત કાર્યશીલ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે.

આ પ્રદર્શને ભાગ લેવા માટે ભૂમિકાબેન ૯૪૨૭૭ ૨૫૧૨૧ ધ્રુવીબેન ૯૪૨૬૪ ૭૧૯૪૪ ને સંપર્ક કરવાનો રહેશે.

વધુ વિગતો માટે સંસ્થાના કાર્યાલય ઓફીસ નં.૪૨૦, નક્ષત્ર VII, બાપા સીતારામ ચોક, રૈયા રોડ, રાજકોટ ખાતે સંસ્થાના પ્રમુખ હેમલબેન દવેના મોબાઈલ નં. ૮૭૮૦૭૧૩૧૫૦ પર સંપર્ક સાધવા જણાવાયુ છે આ તકે આ સામાજિક કાર્યને વેગવંતુ બનાવામાં સહભાગી થનાર પ્રિન્ટ મીડિયા, ઈલેકટ્રોનીક મીડિયા, સોશિયલ મીડિયા સહીત તમામ મુલાકાતીઓનો આભાર માનીએ છીએ.

**નવરંગ નેચર કલબ...**

સંગીત ખુરશી, રેલગાડી, કમાન્ડો બ્રિજ, સાંઢીયો સાંઢીયો, ફૂકે થી ફુગ્ગો ફોડવો, પૈડા ફેરવવા, પૈડા માંથી પસાર થવું, પૈડા કૂદવા, પૈડાખેંચ, લાંબી કુદ, ત્રિપગી, વર્તુળનો રાજા, ગીલી દંડો, ભમરડા ગરિયો, મીની ઠેકામણી, ફેરફુંદલડી અને શ્રીફળ ની રમતો રમાવવામાં આવશે

સાંજે ૪/૩૦થી ૭/૩૦ સુધી દેશી રમત માં ૫ થી ૧૫ વર્ષ સુધીના બાળકો સાથે બાળકો સાથે આવેલા વાલીઓ પણ રમતમાં ભાગ લઈ શકશે આ વિનામૂલ્યે રજીસ્ટ્રેશન માટે ૨૧)૪ સાંજે ૭ સુધી મોબાઈલ ૯૪૨૭૫૬૩૮૯૮ / ૯૭૨૪૨૧૫૧૫ પર સંપર્ક કરવા નવરંગ નેચર કલબના પ્રમુખ વી ડી બાલા એ અનુરોધ કર્યો છે

**સાળંગપુર દાદા...**

કેપ્ટન તરીકે સૂર્યકુમાર યાદવની નેતૃત્વ ક્ષમતા અને ભારતીય ટીમની મહેનતને બિરદાવી હતી અને આગામી ટુર્નામેન્ટ્સમાં પણ ભારત વિજયી બને તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. કેપ્ટન સૂર્યકુમાર યાદવે જણાવ્યું હતું કે, ''વર્લ્ડ કપ જીતવો એ આખા દેશનું સપનું હતું અને દાદાની કૃપાથી જ અમે આ ટ્રોફી ભારત લાવી શક્યા છીએ. આજે અહીં ટ્રોફી સાથે નતમસ્તક થઈને હું અને ગૌતમ ભાઈ ખૂબ જ ધન્યતા અનુભવીએ છીએ.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સોલીડ વેસ્ટ શાખા દ્વારા ટેન્ડરની શરતોનો ઉલાળિયો: કૌભાંડની આશંકા

## રાજકોટ કામદાર યુનિયન દ્વારા કરાઈ રજૂઆત



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલકાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના ટેન્ડરની સામાન્ય શરતોમાં દર્શાવેલ મુદ્દાઓનું પાલન થતું નથી જેના કારમે સફાઈ કામદારોને ગંભીર અન્યાય સહન કરવો પડી રહ્યો છે. અને આનો લાભ લઈ જવાબદારી અધિકારીઓ અને વોર્ડના એસ.આઈ., એસ.એસ.આઈ. અને કોન્ટ્રાક્ટરો મીલીભગત કરી કૌભાંડો કરી રહ્યા છે. તેવી રજૂઆત રાજકોટ કામદાર યુનિયન દ્વારા કરાય છે.

ટેન્ડરની શરત મુજબ દર મહિને ૧૦મી સુધીમાં પગાર ચુકવવો ફરજિયાત છે. પરંતુ વાસ્તવમાં ઘણા કોન્ટ્રાક્ટરો દ્વારા સમયસર પગાર આપવામાં આવતો નથી. તેમજ શરત નંબર-૫ મુજબ દરેક કામદારોને પગાર સ્લીપ આપવામાં આવવી જોઈએ. પરંતુ તે પણ આપવામાં આવતી નથી. તે સિવાય કામદારોના પગારમાંથી નિયમિત રીતે પી.એફ. કાપવામાં આવે છે. કે નહીં તે અંગે પારદર્શકતા નથી. ઘણા કામદારોને ઈ.એસ.આઈ.સી. નંબર આપવામાં આવ્યો નથી જે ગંભીર બેદરકારી દર્શાવે છે.

કાયમી સફાઈ કામદારોના સ્વૈચ્છીક રાજીનામા માટે ૨૦૬ કામદારોનું લિસ્ટ જાહેર કરવામાં આવ્યુ હતુ. જેમાંથી ૧૩૬ નામોઅને મંજુરી આપવામાં આવી છે. પરંતુ આ મંજુર થયેલા નામોમાં ઘણા એવા કાયમી સફાઈ કામદારો સામેલ છે, જેમને રાજકોટ મહાનગરપાલિકાના નિયમો મુજબ કોઈપણ પ્રકારની માન્ય બીમારી નથી, છતાં પણ પૈસાની સેટીંગ કરીને બોગસ મેડીકલ સર્ટીફીકેટ રજુ કરી તેમના રાજીનામા મંજુર કરાવવામાં આવ્યા છે. બીજી તરફ, ખરેખર ગંભીર બીમારીનો ભોગ બનેલા ઘણા કાયમી સફાઈ કામદારો આ યાદીમાંથી બહાર રહી ગયા છે, જે ન્યાય વિરોધી છે.

# ચુનારાવાડમાં પિતાએ કામધંધા અંગે ઠપકો આપતા યુવકનો આપઘાત

**અબતક, રાજકોટ**

શહેરના ચુનારાવાડ ચોક વિસ્તારમાં એક હ્રદયદ્રાવક ઘટના સામે આવી છે. જેમાં કામધંધો કરવા બાબતે પિતાએ આપેલા ઠપકાથી માઠું લાગી આવતા ૨૪ વર્ષીય યુવકે રવિવારે સાંજે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના ચુનારાવાડ ચોક પાસે આવેલા શિવાજીનગરમાં રહેતા કિશન મોહનભાઈ ઓળકિયા(ઉં૨૪)એ ગઈકાલે સાંજે છ વાગ્યાના અરસામાં પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતા જ પરિવારજનોએ તેને તાત્કાલિક બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. જોકે, હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે થોરાળા પોલીસને જાણ કરતા જમાદાર નિલેશભાઈ ડામોર સહિતનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને જરૂરી કાગળો તૈયાર કરી તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, મૃતક કિશન ચાર ભાઈઓમાં બીજા નંબરનો હતો અને અપરિણીત હતો. તે છેલ્લા કેટલાક સમયથી કોઈ કામધંધો કરતો નહોતો. રવિવારે પિતાએ તેને ‘‘કાંઈક કામધંધો કર‘‘ તેમ કહી ઠપકો આપ્યો હતો. પિતાના આ ઠપકાથી માઠું લાગી આવતા યુવકે અંતિમ પગલું ભરી લીધું હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. આ બનાવથી શિવાજીનગર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઘંટેશ્વર વિસ્તારના ૮૦ રહીશોની જમીન ફાળવવાની માંગ સાથે કલેકટરને રજુઆત



**અબતક, રાજકોટ**

ઘંટેશ્વર ગામ અગાઉ અલગ ગામ હતું, જે હવે રાજકોટ મહાનગરપાલિકા અને રૂડા (રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી)ના વિસ્તારમાં સમાવિષ્ટ થઈ ગયું છે. વર્ષ ૧૯૯૮માં સર્વે નંબર ૧૫૦ સહિતની આસપાસની ૫ એકર જમીનને ગરીબી રેખા નીચેના પરિવારો માટે રહેણાંક હેતુથી આરક્ષિત કરવામાં આવી હતી. આ જમીનમાંથી લગભગ ૧૦૦ વાર અને ૫૦ વારના પ્લોટો બનાવીને નિર્ધન પરિવારોને આપવાની યોજના હતી. ઘંટેશ્વરના લગભગ ૨૦૦ જેટલા ગરીબ પરિવારો (જેમાંથી વપરાશમાં ૮૦ જેટલા સક્રિય રીતે આગળ આવ્યા છે) હાલમાં તંગ આવાસમાં રહે છે. એક પરિવારના ૧૪ સભ્યો એક જ ૩૫ વારના નાના વિસ્તારમાં રહેવા મજબૂર છે. વર્ષોથી વસ્તી વધતી રહી છે, પરંતુ જમીનની ઉપલબ્ધતા નથી. રાજકોટના ઘંટેશ્વર વિસ્તારમાં આવેલી સરકારી જમીનના માલિકી હક્ક માટે લગભગ ૮૦ જેટલા રહીશો દ્વારા માંગણી કરવામાં આવી છે. આ રહીશોની જમીન સરકારે અગાઉ કબજે કરી લીધી હતી અથવા તેનો ઉપયોગ અન્ય હેતુઓ માટે ફેરવી દીધો હતો, જેને હવે પાછી આપવાની માંગણી સાથે સ્થાનિકોમાં અસંતોષ વ્યાપી ગયો છે.તાકીદે આ જમીન પાછી આપવા રહીશોએ કલેકટર સમક્ષ રજુઆત કરી હતી.

# રાજ્યમાં ‘વર્કિંગ પ્રોફેશનલ કોર્સ’નો હેતુ સિધ્ધ ન થતા, મોટાભાગની કોલેજોની બેઠકો ખાલી

## રાજ્યમાં માત્ર ૭ સરકારી કોલેજોમાં કોર્સ: ૩૩ ટકા બેઠકો ભરાય તો જ ભણાવાય છે

**અબતક, રાજકોટ**

રાજ્યના શ્રમિક અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ નોકરીની સાથે પોતાનું શૈક્ષણિક સ્તર સુધારી શકે તેવા ઉમદા હેતુથી શરૂ કરાયેલા ‘વર્કિંગ પ્રોફેશનલ કોર્સ’ હાલમાં નિષ્ફળતાના આરે હોય તેમ જણાય છે. એક તરફ સરકાર કૌશલ્ય વર્ધનની વાતો કરે છે, ત્યારે બીજી તરફ રાજ્યની માત્ર સાત સરકારી ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં આ પ્રકારના કોર્સ ચલાવવામાં આવે છે. હાલની સ્થિતિ એવી છે કે જ્યાં ઉદ્યોગો છે ત્યાં કોલેજો નથી અને જ્યાં કોલેજોમાં આ કોર્સ ચાલે છે ત્યાં પૂરતા વિદ્યાર્થીઓ નથી. પરિણામે, રાજ્યની સરકારી કોલેજોમાં આ મહત્ત્વાકાંક્ષી કોર્સની મોટાભાગની બેઠકો ખાલી પડી રહી છે.ધો.૧૦ પાસ થયા પછી કોઈ જગ્યાએ નોકરી કરતાં હોય તેવા વિદ્યાર્થીઓ માટે વર્કિંગ પ્રોફેશનલ અંતર્ગત સીધા ડિપ્લોમા બીજા વર્ષમાં પ્રવેશ ફાળવવામાં આવે છે. સૂત્રો કહે છે કે, આ પ્રકારના કોર્સનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ નોકરીની સાથે અભ્યાસ કરી શકે તેવો છે. વિદ્યાર્થીઓ નોકરી કરતાં હોય તેના ૭૫ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલી કોલેજમાં આ પ્રકારના કોર્સ ચાલતાં હોય તો પ્રવેશ લઈ શકાય છે.

સૂત્રો કહે છે કે, સૌથી વધુ ઔદ્યોગિક વસાહત હોય અને જીઆઈડીસી જેવા વિસ્તારમાં આવેલી કોલેજોમાં આ પ્રકારના કોર્સ ચલાવવામાં આવે તો નોકરીની સાથે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકતાં હોય છે. હાલની સ્થિતિ એવી છે કે, રાજકોટ, સુરત, અમદાવાદ, જામનગર, ભરૂચ અને વલસાડની સાત કોલેજોમાં આ પ્રકારના કોર્સ ચલાવવામાં આવે છે. એટલે કે આ સિવાયની કોલેજોમાં આ પ્રકારના કોર્સ ચાલતાં નથી. જેના કારણે આ વિસ્તાર સિવાય રાજ્યમાં અન્ય કોઈપણ વિસ્તારના વિદ્યાર્થીને વર્કિંગ પ્રોફેશનલ કોર્સમાં પ્રવેશ લેવો હોય તો સરકારી કોલેજ ઉપલબ્ધ નથી. ૧૪ જેટલી સ્વનિર્ભર કોલેજોમાં આ પ્રકારના વર્કિંગ પ્રોફેશનલ કોર્સ ચલાવવામાં આવે છે પરંતુ તેમાં ફી વધારે હોવાથી વિદ્યાર્થીઓ પ્રવેશ લેતાં અચકાતાં હોય છે. વધુને વધુ સરકારી કોલેજોમાં આ પ્રકારના કોર્સ શરૂ થાય અને ખાસ કરીને અંતરિયાળ વિસ્તાર અને સૌથી વધુ ઈન્ડસ્ટ્રીઝ આવેલી હોય તેવા વિસ્તારમાં આ પ્રકારના કોર્સ શરૂ થાય તો નોકરી કરતાં વિદ્યાર્થીઓને વર્કિંગ પ્રોફેશનલ કોર્સમાં પ્રવેશની તક મળી રહે તેમ છે.

# માત્ર શૈક્ષણિક ડીગ્રીથી નહીં પરંતુ સમાજ અને રાષ્ટ્રના કલ્યાણ માટે યોગદાનથી જીવન ખરા અર્થમાં ચરિતાર્થ બને : રાજ્યપાલ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ ખાતે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા શનિવારે પદવીદાન સમારોહમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા કુલ ૩૬ તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત વિવિધ વિષયોમાં સંશોધન પૂર્ણ કરનાર ૧૦૯ જેટલા વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની પદવી એનાયત થઈ હતી. આ પદવીદાન સમારોહના માધ્યમથી યુનિવર્સિટીની ૬ ફેકલ્ટીના જુદા જુદા કોર્સના કુલ ૨૭,૪૭૬ વિદ્યાર્થીઓને સ્નાતક, અનુસ્નાતક અને ડિપ્લોમાની પદવી પ્રાપ્ત કરી છે. રાજ્યપાલ એ જણાવ્યું હતુ કે, માત્ર શૈક્ષણિક ડીગ્રી મેળવવાથી નહીં પરંતુ સમાજ અને રાષ્ટ્રના કલ્યાણ માટે યોગદાન આપવાથી જીવન ખરા અર્થમાં ચરિતાર્થ બને છે. વિદ્યાર્થીઓએ આદર્શ શોધવા માટે બહાર નજર દોડાવવાની જરૂર નથી, ગુજરાતની ભૂમિએ સમયાંતરે ગાંધીજી, સરદાર પટેલ, દયાનંદ સરસ્વતી, ભક્ત કવિ નરસિંહ મહેતા જેવા અનેક મહાપુરુષો આપ્યા છે. જેમાંથી પ્રેરણા મેળવીને જીવનને વધુ ઉન્નત બનાવી શકાય તેમ છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન આઈઆઈએમના પૂર્વ પ્રોફેસર અને પદ્મશ્રી ડો. અનિલ કુમાર ગુપ્તાએ પદવીધારકોને સફળતા માટે ત્રણ મહત્વની બાબત પર ભાર આપતા કહ્યુ હતુ કે, જ્યારે બીજાનું દુઃખ આપણું પોતાનું લાગે, ત્યારે જ કંઈક નવું સર્જવાની પ્રેરણા મળે છે. ભક્ત કવિ નરસિંહ મહેતાનું પદ ’વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે’ આ જ વાત શીખવે છે. આ પ્રસંગે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. ના વાઈસ ચાન્સેલર ડો. પ્રતાપસિંહ ચૌહાણે સ્વાગત સંબોધનમાં જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૧૫ માં સ્થાપિત ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી એ એક દાયકામાં ખૂબ જ પ્રગતિ કરી છે.

# સોમનાથ પર્વ માટે શિક્ષકોને ‘કન્ડકટર’ બનાવાતા રોષ


## પરીક્ષા, મૂલ્યાંકન અને ચૂંટણીલક્ષી જવાબદારીઓ વચ્ચે શિક્ષકોને અન્ય કામગીરી સોંપાતા વિરોધ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં શિક્ષકોને સોંપવામાં આવેલી કામગીરીને લઈને ફરી એકવાર વિવાદ સર્જાયો છે. સોમનાથ ખાતે ‘સ્વાભિમાન પર્વ’ માટે શિક્ષકોને બસ સંચાલક (કન્ડકટર) જેવી કામગીરી સોંપવામાં આવતા આક્રોશ ફેલાયો છે. આ પર્વમાં અન્ય રાજ્યોમાંથી આવનારા શ્રદ્ધાળુઓને રેલવે સ્ટેશને લેવા જવાથી લઈને બસમાં બેસાડી તેમના નિવાસસ્થાન સુધી પહોંચાડવા સહિતની કામગીરી માટે શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે. આ વ્યવસ્થામાં શિક્ષકોને ‘રૂટ સુપરવાઈઝર’ની જવાબદારી સોંપવામાં આવી છે. શૈક્ષિક સંઘે આ આદેશ સામે વિરોધ નોંધાવી તેને તાત્કાલિક રદ કરવા માગ કરી છે. એકતરફ શાળાઓમાં પરીક્ષા ચાલી રહી છે, બીજી તરફ બોર્ડની ઉત્તરવહીઓના મૂલ્યાંકનની કામગીરી ચાલુ છે અને ત્રીજી તરફ ચૂંટણીલક્ષી કામગીરી વચ્ચે આ નવી જવાબદારી સોંપાતા રોષ જોવા મળી રહ્યો છે.સોમનાથ મંદિર ખાતે ઉજવાઈ રહેલા ‘સોમનાથ સ્વાભિમાન પર્વ’ દરમિયાન રાજ્ય સરકારના નિર્ણયે શિક્ષણ જગતમાં ગંભીર ચર્ચા જગાવી છે. ભારતના સંસ્કૃતિ અને પ્રવાસન વિભાગના આયોજન હેઠળ ૧૯ એપ્રિલથી ઉત્તર પ્રદેશ, દિલ્હી, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને હરિયાણા સહિતના રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સોમનાથ તીર્થ ખાતે પહોંચવાના છે. આ યાત્રાળુઓ માટે પ્રભાસ તીર્થ ક્ષેત્રના વિવિધ સ્થળોએ પ્રવાસની સુવિધા પૂરી પાડવા વાહનોની વ્યવસ્થા કરવામાં આવી છે, પરંતુ આ વ્યવસ્થામાં શિક્ષકોને રૂટ સુપરવાઈઝર તરીકે નિયુકત કરવામાં આવતા વિવાદ ઊભો થયો છે.શિક્ષકોને બસમાં યાત્રાળુઓને બેસાડવાથી લઈને તેમના ઉતારા સુધી સુરક્ષિત પહોંચાડવા, મુસાફરોની સંખ્યાની ગણતરી કરવી અને પાણી સહિતની અન્ય વ્યવસ્થાઓ જાળવવાની ફરજો સોંપાઈ છે. સામાન્ય રીતે આ ફરજો પ્રવાસન વિભાગના સ્ટાફની ગણાય છે, તેમ છતાં શિક્ષકોને આ કામગીરી સોંપાતા શિક્ષણ ક્ષેત્રમાં ભારે અસંતોષ ફેલાયો છે. શૈક્ષિક સંઘના પ્રમુખ મિતેશ ભટ્ટે આ મુદ્દે કડક વાંધો ઊઠાવતા જણાવ્યું હતું કે, શિક્ષકોને આવી કામગીરી સોંપવી સંપૂર્ણપણે અયોગ્ય છે. ભૂતકાળમાં સરકારે ખાતરી આપી હતી કે શિક્ષકોને બિનશૈક્ષણિક કાર્ય માત્ર શિક્ષણ સચિવની મંજૂરી અને રાષ્ટ્રહિતની તાત્કાલિક જરૂરિયાત હોય ત્યારે જ સોંપવામાં આવશે. હાલની સ્થિતિમાં આ બંનેમાંથી કોઈ પણ માપદંડ પૂર્ણ થતા નથી.

# ગુજરાત વાહન વ્યવહાર વિભાગ વિવિધ પહોંચ મારફત મતદાનની યાદ અપાવશે

## જિલ્લા ચૂંટણી તંત્રની પહેલ-ગુજરાત વાહન વ્યવહાર વિભાગના કેન્દ્રમાં જતા ગ્રાહકોને ‘મારો મત મારો અધિકાર-મતદાન અચૂક કરીએ’ ની અપીલ કરાવતો સ્ટેમ્પ જોવા મળશે


GUJARAT MOTOR VEHICLE DEPARTMENT
State Transport Department
RAJKOT Gujarat

**અબતક, રાજકોટ**

આર.ટી.ઓ. રાજકોટ દ્વારા આપવામાં આવતી વિવિધ પ્રકારની પહોંચ મારફતે મતદાતાઓને તા. ૨૬ એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી અંગે મતદાનની માહિતી આપતો સ્ટેમ્પ પણ જોવા મળી રહ્યો છે. આ સ્ટેમ્પ લોકોને તેમની મતદાન કરવાની ફરજ યાદ કરાવશે. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ‘સ્વેપ’ પ્રવૃત્તિ અંતર્ગત રાજકોટના ગુજરાત વાહન વ્યવહાર વિભાગ દ્વારા અપાતી વિવિધ પહોંચ દ્વારા તા.૨૬ ના રોજ યોજાનાર તાલુકા-જિલ્લા પંચાયત / મહાનગરપાલિકા / ગોંડલ નગરપાલિકા સામાન્ય / પેટા ચૂંટણી - ૨૦૨૬ મતદાન તારીખ અને ‘મારો મત મારો અધિકાર- મતદાન અચૂક કરીએ’ નો સંદેશ પણ આપવામાં આવી રહ્યો છે. મતદાન જાગૃતિ અર્થે અનેક સંસ્થાઓ હાલ સહયોગ આપી રહી છે. શહેર તેમજ જિલ્લા કક્ષાએ મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે પૈકી ગુજરાત વાહન વ્યવહાર વિભાગ, મહાનગરપાલિકાના જન સેવા કેન્દ્ર તેમજ ટેક્સ બ્રાન્ચમાં પણ બિલ સાથે આ સ્ટેમ્પ દ્વારા મતદાન તારીખ અને મતદાન માટે સહયોગ આપવા અપીલ કરવામાં આવી રહી છે. આર.ટી.ઓ માં બિલ માટે આવતા ગ્રાહકો કે જેઓ મતદાન કરી શકે છે તેઓ બિલ પરના આ સ્ટેમ્પ જોઈ હકારાત્મક પ્રતિભાવ દર્શાવી રહ્યા છે.

# મતદાનના બીજા દિવસે ચૂંટણી ફરજમાં રોકાયેલા સ્ટાફને રજા મળશે

## રાજ્ય ચૂંટણી આયોગના સચિવ દ્વારા સૂચના જારી કરાઈ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનું મતદાન ૨૬મી એપ્રિલ ને રવિવારે યોજાનાર છે. આ દિવસે લાંબા સમય સુધી ફરજ બજાવનારો સ્ટાફ જો બીજા દિવસે કચેરીએ હાજર ન રહી શકે તો તેમને ફરજ પર જ ગણવા સૂચના જારી કરવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી આયોગના સચિવ આર.જી. ગોહિલ દ્વારા શહેર-જિલ્લા મ્યુનિસિપલ તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરને સૂચના જારી કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, ચૂંટણી મતદાનની ૨૬મી એપ્રિલ અને પુનઃ મતદાન કરવાની જરૂર ઊભી થાય તો ૨૭મી એપ્રિલ ને સોમવારે તેમજ મત ગણતરી ૨૮મી એપ્રિલને મંગળવારે યોજવામાં આવશે.

મતદાનના દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ મતદાન પુરું થયા બાદ રીસીવિંગ સેન્ટર ઉપર મોડી રાત્રે અથવા તો જો વધુ અંતર હોય તો બીજા દિવસે વહેલી પરોઢે મતદાન સામગ્રી પરત સોંપવા પહોંચતા હોય છે. કેટલાક કિસ્સામાં મતદાન ટૂકડીઓને તબક્કાવાર રીસીવિંગ સેન્ટર પર પહોંચતા વિલંબ થતો હોય છે.

આમ, ચૂંટણી સ્ટાફ લાંબા સમયગાળા સુધી ફરજ પર હોવાથી મતદાનના બીજા દિવસે તેમને કચેરીમાં હાજરી આપવામાં મુશ્કેલી થતી હોય છે. આથી જો આવા કર્મચારીઓ મૂળ કચેરીએ હાજર ન રહી શકે તો આ દિવસને ફરજ પરની તેમની હાજરી ગણવાની રહેશે અને તેઓએ મૂળ કચેરી ખાતે હાજર થવાનું રહેશે નહીં. જ્યાં પુનઃ મતદાન યોજાય તેવા કિસ્સામાં પણ મતદાનના બીજા દિવસે જો ચાલુ દિવસ હોય તો પણ ચૂંટણી સ્ટાફને ફરજ પર ગણવાના રહેશે.

# ભાજપના ઈશારે પોલીસ મતદારો અને ટેકેદારોને ધમકાવતી હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

## કલેકટર તંત્ર દ્વારા નિષ્પક્ષ ચૂંટણી યોજવા કોંગ્રેસની માંગ

**અબતક, રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી સામાન્ય ચૂંટણીઓમાં પોલીસ તંત્રની કામગીરી સામે શહેર કોંગ્રેસે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ સોમવારે જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારીને એક લેખિત આવેદનપત્ર પાઠવીને આક્ષેપ કર્યો છે કે, પોલીસ વિભાગના કેટલાક



કર્મચારીઓ સત્તાધારી પક્ષ ભાજપના ઈશારે કામ કરીને સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરી રહ્યા છે. કલેક્ટરને કરેલી રજૂઆતમાં જણાવાયું છે કે, રાજકોટ શહેર પોલીસમાં અને ખાસ કરીને ક્રાઈમ બ્રાંચમાં ફરજ બજાવતા અમુક ગણ્યા-ગાંઠ્યા કર્મચારીઓ પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી રહ્યા છે. તેઓ ભાજપના ઈશારે હરીફ પાર્ટીઓના ટેકેદારો, સમર્થકો અને મતદારોને ધમકાવી રહ્યા છે. કોંગ્રેસનો આરોપ છે કે આ પ્રકારની ગેરબંધારણીય પ્રવૃત્તિઓને કારણે શહેરમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજાય તેવું વાતાવરણ રહ્યું નથી.

કોંગ્રેસે પોતાના પત્રમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, પોલીસ તંત્ર પોતાની બંધારણીય ફરજ ચૂકી રહ્યું છે. શાસક પક્ષને ખુશ કરવા માટે વિપક્ષી નેતાઓ અને કાર્યકર્તાઓને ખોટી ફરિયાદોમાં ફિટ કરી દેવામાં આવે છે. આવા કૃત્યોથી સમગ્ર શહેર પોલીસ તંત્ર બદનામ થઈ રહ્યું છે. શહેર કોંગ્રેસ પ્રમુખે ચીમકી ઉચ્ચારી છે કે, જો પોલીસ તંત્રના આવા ભ્રષ્ટ અને પક્ષપાતી કર્મચારીઓ સામે ચૂંટણી પંચ અને કલેક્ટર દ્વારા કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો એક રાષ્ટ્રીય રાજકીય પક્ષ તરીકે કોંગ્રેસ માટે આ ચૂંટણીઓ લડવી અશક્ય બની જશે. તેમણે ન્યાયિક અને વહીવટી વડા તરીકે કલેક્ટરને આ મામલે તાત્કાલિક અને યોગ્ય ન્યાયોચિત કાર્યવાહી કરવા અપીલ કરી છે.

# સૌરાષ્ટ્ર ૨૧ હજારથી વધુ વિધાર્થીઓએ પીએસઆઈની પરીક્ષા આપી

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યમાં ઈલેક્શન ફીવર વચ્ચે રાજ્ય પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ સબ ઈન્સ્પેક્ટર બનવા માટેની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં રાજકોટ, વડોદરા, સુરત અને અમદાવાદ એમ ૪ કેન્દ્રો પરથી આ પરીક્ષા લેવામાં આવી રહી છે. જેમાં રાજકોટમાં સૌરાષ્ટ્રના ૨૧,૫૦૦ ઉમેદવારો પરીક્ષા આપવા માટે પહોંચ્યા હતા.

રાજકોટ શહેરના ૭૪ પરીક્ષા કેન્દ્ર પર ૭૧૯ વર્ગખંડમાં પીએસઆઇ બનવા માટેની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારના શેસનમાં ૯:૩૦થી ૧૨:૩૦ સુધી પ્રિલિમ્સનું પેપર અને બપોરના સેશનમાં ૩થી ૬ વાગ્યા સુધી મેઈન્સ એક્ઝામ લેવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓના ઉમેદવારોની પરીક્ષા રાજકોટમાં આયોજિત કરવામાં આવી હતી. પરીક્ષાર્થીઓએ કહ્યું હતું કે, નાનપણથી પોલીસ બનવાનું સ્વપન હવે સાકાર થશે.


# રણછોડદાસજી બાપુ આશ્રમમાં ઉજવાશે ધર્મરાજા વ્રત

## અધિક જેઠ પુરૂષોત્તમ વદ ૧૪ દિવસે સૂર્યનારાયણ વ્રત ઉજવણી માટે બહેનોને નામ નોંધાવવા અનુરોધ

**અબતક, રાજકોટ**

રાજકોટના સુપ્રસિધ્ધ રણછોડદાસજી બાપુ આશ્રમ સદગુરુ સદન ટ્રસ્ટ દ્વારા અધિક જેઠ,પવિત્ર પુરુષોત્તમ માસમાં સર્વ તો ભદ્ર મંડળની ઉજવણી નિમિત્તે ધર્મરાજા વ્રત ઉજવવામાં આવશે.

ભગવાન રણછોડદાસજી બાપુએ કહ્યું હતું કે આશ્રમ ૬૮ તીર્થ જેટલું પવિત્ર છે અને આશ્રમમાં જ ચાર ધામ છે એટલે આશ્રમમાં પૂજા, પાઠ, વ્રત, જપ કરવાથી અનંત ગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. રણછોડદાસજી બાપુ આશ્રમમાં તા,૧૪ જૂન રવિવારના રોજ પુરુષોત્તમ અધિક



૧૪/૬ રવિવારે સવારે ૯ વાગે મંડળના દિવ્ય દર્શન કરવામાં આવશે, રણછોડદાસજી બાપુ ના સાનિધ્યમાં જેઠ માસ વધ ૧૪ ના રોજ સમૂહ સર્વતો ભદ્ર મંડળ મહોત્સવ યોજાશે. ધર્મરાજા સૂર્યનારાયણ તથા અખંડ એકાદશી નિમિત્તે ઉજવાનારા તપ માંબહેનોને વહેલા તે પહેલા ના ધોરણે નામ નોંધાવવા જણાવ્યું છે નિજ મંદિરમાં સમૂહ પૂજન અને મહાપ્રસાદ નો લાભ ભાવિકોને આપવામાં આવશે આ અંગે વધુ માહિતી માટે સદગુરુ સદન ટ્રસ્ટ રાજકોટ ૯૫૮૬૩ ૦૮૧૭૮ નો સંપર્ક કરવા જણાવ્યું છે

# ઓછું મતદાન થશે તો ભાજપને મોટું નુકશાન : કોંગ્રેસ માટે ફાયદો

## કાળઝાળ ગરમી, વેકેશનનો માહોલ અને નવા ઉમેદવારોના કારણે મતદાનની સંખ્યાની ટકાવારી ૫૦ ટકા આસપાસ રહે તેવા સંકેતો

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની ચૂંટણીના મતદાનના આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. શહેરના ૧૮ વોર્ડ પૈકી એક પણ વોર્ડમાં ચુંટણી જેવો માહોલ દેખાતો નથી. પ્રચારમાં પણ તમામ રાજકીય પક્ષોના ઉમેદવારોને મતદારોનો ખુબ જ ફીક્કો પ્રતિસાદ મળી રહ્યો છે. આગામી બે દિવસ પછી કાળઝાળ ગરમીનો નવો રાઉન્ડ આવી રહ્યો છે. મતદાનના દિવસે જ પારો ૪૩ ડિગ્રીને આસપાસ રહે તેવી શખ્યતા છે. આવામાં જો ઓછુ મતદાન થશે તો ભાજપને મોટું નુકશાન થવાની પણ ભીતિ દેખાઈ રહી છે જો આવુ થશે તો કોંગ્રેસને ફાયદો થશે. વેકેશનનો માહોલ અને નવા અજાણ્યા ઉમેદવારોના કારણે પણ મતદાનની ટકાવારી પર વિપરીત અસર પડી શકે છે.

મતદાનના આડે હવે ગણીને છ દિવસ બાકી રહ્યા છે. છતાં એક પણ વોર્ડમાં ચૂંટણી જેવો માહોલ દેખાતો નથી. સવારે માંડ બે કલાક પ્રચાર કરે ત્યાં આકાશમાંથી અગન વર્ષા થવા માંડે છે. તેના કારણે રાજકીય પક્ષો અને ઉમેદવારોએ બિસ્તરા-પોટલા બાંધી લેવા પડે છે. સાંજે ૫:૩૦ કલાક પછી મતદાનમાં નિકળવું પડે છે. બીજી તરફ કેટલીક મોટી જ્ઞાતિઓને ટિકિટ આપવામાં ભાજપે મોટી ભૂલ કરી છે જેના કારણે કેટલાક સમાજમાં ભારો ભાર નારાજગી જોવા મળી રહી છે. એક પછી એક પ્રદેશના મોટા નેતાઓ રાજકોટ આવી પ્રચારમાં જોડાઈ રહ્યા છે. પરંતુ મતદારોનો ફિક્કો પ્રતિસાદ રાજકીય પક્ષોની ચિંતામાં સતત વધારો કરી રહ્યો છે. ગત વર્ષે મતદાનની ટકાવારી ૫૦ ટકાથી થોડીક વધુ રહેવા પામી હતી. ત્યારે ભાજપ ૭૨માંથી ૬૮ બેઠકો જીત્યું હતું. હવે જો આ વખતે માહોલ અલગ જ છે. કેટલાક વોર્ડમાં ઉમેદવારોની પસંદગીને લઈ કાર્યકરોમાં ભારોભાર નારાજગી જોવા મળી રહી છે. વર્ષોથી પક્ષ સાથે જોડાયેલા આગેવાનો પણ પ્રચારમાં જોડાતા ન હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. બીજી તરફ રઘુવંશી સમાજની વસ્તી મોટા પ્રમાણમાં છે. ભાજપ દ્વારા ત્રણ ટિકિટ આપવામાં આવી છે. પરંતુ ત્રણેય મહિલા ઉમેદવાર હોવાના કારણે રઘુવંશી સમાજમાં નારાજગી જોવા મળી રહી છે. ઉમેદવારોની પસંદગી પક્ષ માટે સૌથી મોટી ચિંતાનો વિષય બની ગયો છે. બીજી તરફ કેટલાક વોર્ડમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારો પણ જોર કરી રહ્યા છે. અગાઉની ચૂંટણીમાં ભાજપ માટે ક્યારેય ન હોય તેવો ચિંતાજનક માહોલ આ વખતે જોવા મળી રહ્યો છે.


પક્ષના નેતાઓ પણ હવે સ્વીકારવા માડ્યા છે કે, સત્તા આવી જશે તો પણ પરિણામ ૨૦૨૧ જેવું રહેશે નહીં. અનેક વોર્ડમાં પેનલો તુટવાનો ભય પણ જણાઈ રહ્યું છે. આઈ.બી.ના રિપોર્ટ અનુસાર કેટલાક વોર્ડમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારો મજબુત હોવાના કારણે ભાજપ સામે મોટો પડકાર ઉભો કરી રહ્યા છે. રાજકોટવાસીઓએ ભલે ત્રીજા રાજકીય પક્ષને સ્વીકાર્યો ન હોય પરંતુ આ વખતે થોડુ ચિત્ર અલગ દેખાઈ રહ્યું છે. બની શકે કે, આમ આદમી પાર્ટી પણ પોતાનું ખાતુ ખોલાવામાં સફળ રહે બીજી તરફ કોંગ્રેસને વિશ્વાસ છે કે, તેઓ આ વખતે ખુબ જ સારૂ પ્રદર્શન કરશે હવે બધ્ધુ મતદાનની ટકાવારી પર ટકેલું છે. જો મતદાન ૫૦ ટકાથી ઓછું થશે તો આમ આદમી પાર્ટી અને કોંગ્રેસને ફાયદો થશે. મતદાનની ટકાવારી ૫૦ ટકા કે તેથી વધુની રહેશે તો ભાજપને ચોક્કસ ફાયદો મળી શકે તેમ છે. અગાઉ પોતાના મનગમતા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી હોય ત્યારે કાર્યકરો મતદારોને બુથ સુધી ખેંચી લાવવા મહેનત કરતા હતાં પરંતુ આ વખતે ભાજપમા કાર્યકરો અને આગેવાનોને રસ ઓછો દેખાઈ રહ્યો છે. કે ખુદ સાંસદ પ્રચારમાં નિકળે તો તેની સાથે પણ ગણ્યા ગાઠ્યા લોકો સાથે દેખાતા હોય છે. ટિકિટ ફાળવણીને લઈને ધારાસભ્ય સામે તો કાર્યકરોની નારાજગી ઉમેદવારો જાહેર થયાના પ્રથમ દિવસથી જ દેખાઈ રહી છે. હવે મતદાનના દિવસે જો આ નારાજગી ઈવીએમમાં ઠલવાશે તો સત્તાધારી પક્ષને થોડો મુશ્કેલીનો સામનો કરવો પડશે. કાળઝાળ ગરમી, વેકેશનનો માહોલ અને ઉમેદવારોની પસંદગી ૧૦૦ ટકા મતદાનની ટકાવારી પર અસર કરે તેવું હાલ દેખાઈ રહ્યું છે.

# બાંગ્લાદેશમાં ભારતના રાજદૂત તરીકે ભાજપના દિનેશ ત્રિવેદીના નામનો પ્રસ્તાવ

## ૯૦ના દાયકા પછી પાડોશી દેશમાં ભારતની આ પહેલી મોટી રાજકીય નિમણૂંક હશે

**અબતક નવી દિલ્હી**

ભારત સરકારે પશ્ચિમ બંગાળ ભાજપના નેતા અને પૂર્વ રેલવે મંત્રી દિનેશ ત્રિવેદીને બાંગ્લાદેશમાં ભારતના આગામી હાઈ કમિશનર (રાજદૂત) તરીકે નીમવાનો પ્રસ્તાવ મૂક્યો છે. હાલમાં ભારત સરકાર બાંગ્લાદેશની મંજૂરીની રાહ જોઈ રહી છે. સામાન્ય રીતે વિદેશોમાં રાજદૂત તરીકે ઈન્ડિયન ફોરેન સર્વિસ અધિકારીઓની નિમણૂક થતી હોય છે, પરંતુ દિનેશ ત્રિવેદી એક રાજકારણી છે.



૯૦ના દાયકા પછી પાડોશી દેશમાં ભારતની આ પહેલી મોટી રાજકીય નિમણૂક હશે. ૭૫ વર્ષીય ત્રિવેદી લોકસભા અને રાજ્યસભાના સભ્ય રહી ચૂક્યા છે. તેઓ કેન્દ્રમાં રેલવે મંત્રી અને આરોગ્ય રાજ્ય મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે.

બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર પડ્યા બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં તણાવ આવ્યો છે. આવી સ્થિતિમાં એક અનુભવી નેતાને ત્યાં મોકલવા પાછળનો હેતુ સંબંધોને ફરીથી પાટા પર લાવવાનો છે.

### સોમનાથ સ્થાપના દિન સ્વાભિમાન પર્વ નિમિતે

# ઉત્તર પ્રદેશનાં ૧૦૦૮ શ્રધ્ધાળુઓ ટ્રેન મારફત કાલે આવશે સોમનાથ દાદાના દર્શને

## સોમનાથ મંદિર અસ્મીતા મહોત્સવમાં દેશભરના ભાવિકોનો સોમનાથમાં ત્રણ દિ'નો મુકામ

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ભારતના બાર જયોર્તિલિંગ પ્રથમ ભગવાન શ્રી સોમનાથ મહાદેવ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા વૈશાખ સુદ પાંચમ ૧૧-૫-૧૯૫૧ના રોજ તત્કાલીન ભારતના રાષ્ટ્રપતિ ડોકટર રાજેન્દ્રપ્રસાદના હસ્તે થયેલ.

આ પાવનકારી દિવસ અને તારીખ એમ બંને રીતે સોમનાથ ટ્રસ્ટ સોમનાથ મહાદેવ મંદિરે વિશેષ પુજા-શણગાર સહિતના વિવિધ કાર્યક્રમો યોજે છે. ચાલુ વરસનું મહત્વ એ છે કે ઈ.સ. ૧૦૨૬માં આક્રમણકારીઓએ મંદિર ઉપર આક્રમણ કરેલ જે સ્થળે જ સોમનાથ મંદિર રાષ્ટ્રની અસ્મિતા સમું આજેય અડીખમ છે. જે ઘટનાને ૧૦૦૦ વર્ષ પુરા થાય છે. જેના અનુસંધાને સ્વાભિમાન પર્વ રાષ્ટ્રમાં ઉજવણીના ભાગ રૂપે ઉત્તર પ્રદેશના લખનૌથી ૧૦૦૮ શ્રધ્ધાળુઓ આવતીકાલે રેલવે દ્વારા સોમનાથ દર્શન અને જાણકારી માટે અત્રે ત્રણ દિવસ માટે આવી રહ્યા છે. આજ રીતે મધ્યપ્રદેશ, હરિયાણા, સહિતના ભારતના વિવિધ રાજયોમાંથી ખાસ ટ્રેનો જુદાજુદા મહિનાઓમાં સોમનાથ આવશે.

સોમનાથ ખાતે પણ ૧૧ મે એ ખાસ સ્વાભિમાન પર્વ કાર્યક્રમ યોજાય તેવી વકી છે. જેને આખરી ઓપ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ પૂર્ણ થયાબાદ વિધિવત તૈયારીઓ આયોજનો શરૂ થઈ જશે.

### બહુ થયું... સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિશ્વના ભલા માટે ખુલ્લું મુકો!

# અમેરિકા-ઈરાનને માલવાહક જહાજો ન રોકવા દક્ષિણ કોરિયા અને ભારત સંયુક્ત અપીલ કરશે

## દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગની ભારત મુલાકાત વૈશ્વિક પડકારો વચ્ચે બંને દેશોએ સાથે મળીને કામ કરવા પર ભાર

**અબતક, નવી દિલ્હી**

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગ તેમની સ્ટેટ વિઝિટ પર ભારત પહોંચ્યા છે. આ મુલાકાત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે વધતી જતી ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા વચ્ચે કોરિયા અને ભારતે ઉભરતા વૈશ્વિક નેતાઓ તરીકે સાથે મળીને કામ કરવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે બહુપક્ષીયવાદ વધતા પડકારોનો સામનો કરી રહ્યો છે, ત્યારે આ ૨ દેશો સાથે મળીને તેને એક નવી દિશા આપી શકે છે.લી જે મ્યુંગે જણાવ્યું હતું કે બહુપક્ષીય ટ્રેડિંગ સિસ્ટમ હેઠળ કોરિયાએ નોંધપાત્ર આર્થિક વૃદ્ધિ હાંસલ કરી છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત તેના આર્થિક વ્યાપ અને ગતિશીલતા સાથે નવા વૈશ્વિક નિયમોને આકાર આપવા માટે ખૂબ જ સારી સ્થિતિમાં છે. ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે વેપાર, ટેકનોલોજી અને શિપ-બિલ્ડીંગ જેવા મુખ્ય ક્ષેત્રોમાં વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી માટે આ મુલાકાત અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે.ક્રિટિકલ મિનરલ્સમાં ચીનના વર્ચસ્વ અંગે વાત કરતા રાષ્ટ્રપતિએ સ્પષ્ટ કર્યું હતું કે કોઈપણ ૧ દેશ પર વધુ પડતી નિર્ભરતા ઘટાડવી હવે અસ્તિત્વનો પ્રશ્ન બની ગયો છે. આ બાબત ભારત અને દક્ષિણ કોરિયા બંનેની આર્થિક સુરક્ષા સાથે સીધી રીતે સંકળાયેલી છે. બંને દેશો આ નિર્ભરતા ઘટાડવા અને સપ્લાય ચેન મજબૂત કરવા માટે સક્રિયપણે કામ કરશે.



### સંરક્ષણ અને વ્યૂહાત્મક ભાગીદારી પર વિશેષ ધ્યાન

સચિન પરાશર અને અલ્પુ સિંહ સાથેના ઈન્ટરવ્યુમાં દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગે ભારત સાથેની વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી માટે તેમનું વિઝન શેર કર્યું હતું. જેમાં વેપાર, ટેકનોલોજી, ક્રિટિકલ મિનરલ્સ અને ડિફેન્સની સાથે શિપ-બિલ્ડીંગ જેવા ક્ષેત્રો પર ભાર મૂકવામાં આવ્યો છે. દક્ષિણ કોરિયા આ ક્ષેત્રોમાં વૈશ્વિક લીડર છે, જે ટેકનોલોજી અને મેન્યુફેક્ચરિંગનો સીધો લાભ ભારતને પણ ભવિષ્યમાં મળી શકે છે.

હોર્મુઝ કટોકટી અંગે વાત કરતા તેમણે કહ્યું કે મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવી બંને દેશો માટે જરૂરી છે.

દક્ષિણ કોરિયા આ મુખ્ય એનર્જી જળમાર્ગમાં નેવિગેશનની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા ભારત સાથે મળીને કામ કરશે.

ડિફેન્સ સેકટરમાં સહયોગ અંગે તેમણે જણાવ્યું હતું કે કોરિયા સંરક્ષણ ઉપકરણોના ભારતના ''સ્વતંત્ર ઉત્પાદન'' ને સંપૂર્ણ ટેકો આપશે, અને સાથે મળીને જોઈન્ટ ટેકનોલોજી ડેવલપમેન્ટ તેમજ કોપ્રોડકશન માટેની શક્યતાઓ પણ શોધશે.

# ન હોય ...માછલી પાણીના ધોધમાં ઉપર ચડે છે!!!

## માત્ર ૩ થી ૫ સેમીની આ નાનકડી માછલીને ૫૦ ફૂટનો ધોધ ચઢતા લગભગ ૧૦ કલાક જેટલો સમય લાગે છે

**અબતક રાજકોટ**

કુદરતની દુનિયા અજાયબીઓથી ભરેલી છે. સામાન્ય રીતે આપણે માછલીઓને પાણીમાં તરતી જોઈ છે, પરંતુ વૈજ્ઞાનિકોએ આફ્રિકાના કોંગોમાં એક એવી માછલી શોધી કાઢી છે જે પક્ષીની જેમ હવામાં ઉડતી નથી, પણ પહાડ ચઢતા પર્વતારોહકની જેમ સીધો ઊભો ધોધ ચઢી જાય છે. આ નાનકડી માછલીને ૫૦ ફૂટનો ધોધ ચઢતા લગભગ ૧૦ કલાક જેટલો સમય લાગે છે.તે થોડું અંતર કાપીને આરામ કરે છે અને પછી આગળ વધે છે. રસપ્રદ વાત એ છે કે માત્ર ૩ થી ૫ સેમીની નાની માછલીઓ જ આ પરાક્રમ કરી શકે છે. મોટી માછલીઓ વજન વધારે હોવાને કારણે ચઢી શકતી નથી. જો પાણીનો વેગ વધી જાય તો માછલી નીચે પછડાય છે. જો તે સીધી પાણીમાં પડે તો ફરી પ્રયત્ન કરે છે, પણ જો પથ્થર પર પછડાય તો તેનું મૃત્યુ પણ થઈ શકે છે.



### કેવી રીતે ચઢે છે આ માછલી?

પેરાકનેરિયા થાઈસી નામની આ માછલી (જેને 'શેલિયર' ફિશ પણ કહેવાય છે) આશરે ૧૫ મીટર (લગભગ ૫૦ ફૂટ) ઊંચા લુવિલોમ્બો ધોધ પર ચઢાણ કરે છે. આ માછલીના શરીરમાં ખાસ પ્રકારના હૂક જેવી રચના હોય છે, જેનાથી તે પથ્થરને વળગી રહે છે અને ફિન્સ (પાંખ)ની મદદથી ઉપર તરફ સરકે છે.

# ઈટલીમાં ગુરૂદ્વારાની બહાર બે શીખો ઠાર મરાયા

## પોલીસને ઘટનાસ્થળેથી કારતૂસના ૧૦ ખાલી ખોખા મળી આવ્યા

**અબતક**

ઈટાલીના કોવો શહેરમાં વૈશાખીના તહેવાર દરમિયાન એક હૃદયદ્રાવક ઘટના બની છે. શુક્રવારે મોડી રાત્રે જ્યારે બે ભારતીય પુરુષો ગુરુદ્વારા (જે હાલ વેરહાઉસમાં કાર્યરત છે) માં દર્શન કરીને બહાર નીકળી રહ્યા હતા, ત્યારે અજાણ્યા હુમલાખોરે તેમના પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેમાં ૪૮ વર્ષીય રજિંદર સિંહ (કોવોના રહેવાસી) અને ૪૮ વર્ષીય ગુરમીત સિંહ (અજ્ઞાડેલોના રહેવાસી) હતા.હુમલાખોર કારમાં આવ્યો હતો, બંને વ્યક્તિઓ પર ગોળીઓ ચલાવી અને તરત જ ફરાર થઈ ગયો. પોલીસને ઘટનાસ્થળેથી કારતૂસના ૧૦ ખાલી ખોખા મળી આવ્યા છે. પોલીસે આને કોઈ અચાનક થયેલો ઝઘડો નહીં, પરંતુ ''કોલ્ડ બ્લડેડ મર્ડર'' (પૂર્વ આયોજિત હત્યા) ગણાવીને તપાસ તેજ કરી છે. વૈશાખી જેવા મોટા તહેવાર પર જ્યારે લોકો એકઠા થતા હોય, ત્યારે આવી હિંસા સામુદાયિક સુરક્ષા સામે પ્રશ્નો ઉભા કરે છે. આ કોઈ આકસ્મિક ઘટના નથી પણ પ્લાનિંગ સાથે થયેલી હત્યા છે, જે ગુનાખોરીના બદલાતા સ્વરૂપને દર્શાવે છે.



# હવે શરીરમાં ઓગળી જાય તેવા સ્ટેન્ટ આવ્યા!!!

## આ નળી ઓપરેશન પછીના શરૂઆતના ૬ અઠવાડિયા સુધી નળીને ખુલ્લી રાખે અને ત્યારબાદ ધીમે-ધીમે શરીરમાં શોષાઈ જાય

**અબતક રાજકોટ**

બેંગલુરુની આઈઆઈએસસીના સંશોધકો અને એક જાણીતા સર્જને મળીને તબીબી જગતમાં ક્રાંતિ લાવી શકે તેવું એક નવું ઉપકરણ બનાવ્યું છે. આ એક એવું 'સ્ટેન્ટ' (નળી) છે જે શરીરમાં કામ પૂરું થયા પછી આપમેળે ઓગળી જાય છે.

આઈઆઈએસસીના વૈજ્ઞાનિકો અને એસ્ટર સીએમઆઈ હોસ્પિટલના લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો. સોનલ અસ્થાનાએ સાથે મળીને આ તૈયાર કર્યું છે. આ ઉપકરણને 'અસ્થાના સ્ટેન્ટ' નામ આપવામાં આવ્યું છે.



દર્દીને સ્ટેન્ટ કઢાવવા માટે ફરીથી એનેસ્થેસિયા કે ચીરા મુકવાની જરૂર નહીં રહે. એક જ વારના ઓપરેશનમાં કામ પૂરું થઈ જવાથી હોસ્પિટલનો વધારાનો મોટો ખર્ચ બચશે. આ સંપૂર્ણ ભારતીય સંશોધન છે અને હવે તેને વ્યવસાયિક ધોરણે બનાવવા માટે લાઈસન્સ પણ આપી દેવામાં આવ્યું છે, જેનો અર્થ છે કે ટૂંક સમયમાં તે સામાન્ય દર્દીઓ માટે ઉપલબ્ધ થશે.સ્ટેન્ટમાં ખાસ હૂક અને માર્કર્સ છે જેનાથી તે સરકી જતું નથી અને ડોકટરો એક્સ-રે દ્વારા તેની તપાસ પણ કરી શકે છે. આ શોધ એવા હજારો દર્દીઓ માટે આશીર્વાદ સમાન છે જેઓ લિવર કે પેટની ગંભીર સર્જરીમાંથી પસાર થાય છે અને ઓપરેશન પછીની ગૂંચવણોથી ડરે છે.

### નવીનતા શું છે અને કેવી રીતે કામ કરે છે?

સામાન્ય રીતે લિવર કે પેટના ઓપરેશન પછી પિત્તની નળી ખુલ્લી રાખવા માટે પ્લાસ્ટિકની નળી (સ્ટેન્ટ) મુકવામાં આવે છે, જેને કાઢવા માટે બીજું ઓપરેશન કરવું પડે છે. જ્યારે આ નવું સ્ટેન્ટ પોલીડિયોક્સાનોન નામના પદાર્થમાંથી બનેલું છે, જે શરીરમાં જ ઓગળી જાય છે. આ નળી ઓપરેશન પછીના શરૂઆતના ૬ અઠવાડિયા (જ્યારે રૂઝ આવવાની વધુ જરૂર હોય) સુધી નળીને ખુલ્લી રાખે છે અને ત્યારબાદ ધીમે-ધીમે શરીરમાં શોષાઈ જાય છે.

# જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં બસ પલટી જતાં ૨૦ના મોત: અનેક ઘાયલ

## વળાંક પર બસનું ટાયર ફાટ્યું હતું, જેના પછી પૂરઝડપે આવી રહેલી બસ બેકાબૂ બની બચાવ કામગીરી ચાલુ

**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. ઉધમપુરના રામનગરના કાગોત વિસ્તારમાં એક મુસાફર બસ પલટી ગઈ છે અને આ દર્દનાક અકસ્માતમાં ૨૦ લોકોના મોત થયા છે. અકસ્માત બાદ બચાવ કામગીરી ચાલુ છે, જેમાં પોલીસ, પ્રશાસન અને સ્થાનિક લોકો મદદ કરી રહ્યા છે. બીજી તરફ ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર બસ રામનગરથી ઉધમપુર તરફ જઈ રહી હતી, ત્યારે જાલો વિસ્તાર પાસે અચાનક આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના કારણોની હાલમાં ખબર પડી શકી નથી અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, આ અકસ્માત બેદરકારીભર્યા ડ્રાઈવિંગને કારણે થયો હતો. એક વળાંક પર બસનું ટાયર ફાટ્યું હતું, જેના પછી પૂરઝડપે આવી રહેલી બસ બેકાબૂ બની ગઈ હતી.ઘટનાની જાણ થતાની સાથે જ પોલીસ અને સ્થાનિક પ્રશાસનની



ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત તેમજ બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. બચાવ ટુકડી દ્વારા ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલો અને તબીબી કેન્દ્રોમાં દાખલ કરવામાં આવી રહ્યા છે. પ્રશાસને જણાવ્યું કે ઘાયલોની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને તેમને શક્ય તમામ તબીબી સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

આ દર્દનાક અકસ્માત પર મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ દુઃખ વ્યકત કર્યું છે. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, તેમણે રામનગરથી ઉધમપુર જઈ રહેલી મુસાફર બસ સાથે થયેલા દુઃખદ માર્ગ અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે પોતાની હાર્દિક સંવેદના વ્યકત કરી અને ઘાયલોના વહેલા સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી. મુખ્યમંત્રીએ ખાતરી આપી કે સરકાર દુઃખની આ ઘડીમાં પીડિતો અને તેમના પરિવારો સાથે મક્કમતાથી ઉભી છે.

જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ કહ્યું, ''ઉધમપુરમાં થયેલો આ દુઃખદ માર્ગ અકસ્માત હૃદયદ્રાવક છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. ઈશ્વર તેમને શક્તિ આપે. હું ઘાયલોના વહેલા સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું. મેં જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ,એસડીઆરએફ અને આરોગ્ય વિભાગને નિર્દેશ આપ્યા છે કે તેઓ પ્રભાવિત લોકોને શક્ય તમામ સહાય પૂરી પાડે.


# કષાયોના ત્યાગથી કર્મમુક્તિ સુધી: વર્ષીતપ એટલે આંતરિક વિજયની આરાધના

## અબતક વિશેષ કાર્યક્રમમાં રાષ્ટ્રસંત નમ્રમુનિના શિષ્યાઓ દ્વારા વર્ષીતપનું અમૃત ચિંતન

**અબતક, રાજકોટ**

વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીયાના પવિત્ર અવસરે જૈન શાસનમાં વર્ષીતપના પારણાનો મહોત્સવ ઉજવાય છે. આ અવસરે ’અબતક’ ના વિશેષ કાર્યક્રમમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ ના અનુયાયીઓ અને દીદીઓએ વર્ષીતપના મહિમા, આત્મશુદ્ધિ અને માનવ સેવાના વિવિધ પ્રકલ્પો પર ઊંડાણપૂર્વક પ્રકાશ પાડ્યો હતો. આ ચિંતન દ્વારા શ્રોતાઓને તપ અને ત્યાગના માર્ગે ચાલીને પુણ્યનું ભાથું બાંધવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા

વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીયા, જૈન શાસનમાં તપ અને ત્યાગનો સર્વોચ્ચ મહિમા ધરાવતો પવિત્ર દિવસ છે. આ એ જ દિવસ છે જ્યારે પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવે ૪૦૦ દિવસની કઠિન અને નિરાહાર સાધના બાદ શ્રેયાંશકુમારના હસ્તે શેરડીના રસથી પારણું કર્યું હતું. આ ઐતિહાસિક અને આધ્યાત્મિક ઘટનાની સ્મૃતિમાં આજે પણ હજારો આરાધકો વર્ષીતપની કઠિન સાધના દ્વારા આત્માને શુદ્ધ કરવાનો પ્રયાસ કરે છે. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ ની પ્રેરણાથી વહી રહેલી સંસ્કાર અને સેવાની આ સરવાણી વિશે ’અબતક’ ના વિશેષ કાર્યક્રમમાં ગુરુદેવના શિષ્યાઓ અને અનુયાયીઓએ વર્ષીતપના આધ્યાત્મિક રહસ્યો અને વિવિધ સામાજિક મિશનો પર પ્રેરણાદાયી ચિંતન રજૂ કરીને જનમાનસમાં ભકિતનો માહોલ સર્જ્યો હતો.





**વર્ષીતપ એ આત્માને પરમાત્મા સાથે જોડતી અમોઘ ચાવી છેઃ ધારા દીદી, દીપલ દીદી, કાનન દીદી, પૂર્વી દીદી અને સ્નેહા દીદી અને મનોજભાઈડિલીવાળા એ પીરસ્યું જ્ઞાનનું ભાથું**

### લુક એન લર્નઃ સંસ્કાર અને ચરિત્ર નિર્માણનું કેન્દ્ર

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી ૨૦૦૭માં સ્થાપિત ’લુક એન લર્ન’ સંસ્થા ૨ થી ૧૬ વર્ષના બાળકોમાં મૂલ્યોનું સિંચન કરી રહી છે. શિક્ષણ ભવિષ્ય બનાવે છે, પણ સંસ્કારો ચરિત્ર બનાવે છે. ચાઈલ્ડ સાયકોલોજી આધારિત કરિક્યુલમ અને ૮૦૦થી વધુ સમર્પિત શિક્ષકો છે. ૧૦૦થી વધુ સેન્ટર્સ દ્વારા અત્યાર સુધી ૧.૭૫ લાખથી વધુ બાળકો તેનો લાભ લઈ રહ્યા છે. ૨૦૦૯થી કાર્યરત, હાલ ૯ શાખાઓમાં ૮૦૦થી વધુ બાળકો સંસ્કારિત થઈ રહ્યા છે. ગામડાંથી શહેર સુધી ’ભાવિના ભગવાન’ બનાવવાનું લક્ષ્ય રાખતી આ સંસ્થામાં જોડાવા માટે સંપર્ક કરોઃ ૯૮૯૮૮ ૭૫૭૫૫

### આધુનિક યુગમાં સેવા અને આધ્યાત્મિકતાનો સમન્વયઃ પૂર્વી દીદી

પૂર્વી દીદીએ પરમ ગુરુદેવની અસીમ કૃપાથી કાર્યરત વિવિધ સેવાકીય પ્રકલ્પોની માહિતી આપી. બાળકો માટે ’લૂક એન લર્ન’ દ્વારા સંસ્કાર સિંચન, ’અર્હમ યુવા સેવા ગ્રુપ’ દ્વારા પસ્તીથી પરોપકાર અને જીવદયાના કાર્યો, તથા ’સંબોધિ સત્સંગ’ દ્વારા આત્માને સત્યની દિશા આપવાના ભગીરથ કાર્યો થઈ રહ્યા છે. આજના ડિજિટલ યુગમાં મનને સ્થિર રાખવા ’ડિવાઈન ડ્રાઈવ મિશન’ પણ અત્યંત મહત્વનું યોગદાન આપી રહ્યું છે.

### વર્ષીતપઃ મન અને ઈન્દ્રિયો પર કાબૂ મેળવવાનું શ્રેષ્ઠ માધ્યમ :ધારા દીદી

‘અબતક’ સાથેની ખાસ વાતચીતમાં ધારા દીદીએ જણાવ્યું કે વર્ષીતપ એ માત્ર ઉપવાસની પરંપરા નથી, પરંતુ તે અડગતાની પરમ સાધના છે. ભગવાન ઋષભદેવે ૪૦૦ દિવસ સુધી કોઈ પણ ફરિયાદ વગર જે સમતા જાળવી, તે જ ક્ષમતા આ તપ દ્વારા આરાધકોમાં પ્રગટે છે. ૧૨ પ્રકારના બાહ્ય અને આભ્યંતર તપ દ્વારા આત્માને કર્મમુક્ત કરવાની આ ઉત્તમ ચાવી છે. તપ એ માત્ર ભૂખ્યા રહેવું નથી, પણ એ ધૈર્ય, શૌર્ય અને આત્મશુદ્ધિનું કારણ છે જે આત્માને પરમાત્મા સાથે જોડે છે.

### આત્મ-વિજયની અનોખી આરાધના :દીપલ દીદી

દીપલ દીદીએ વર્ષીતપના આંતરિક પાસાઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, આ તપ દરમિયાન આરાધકો માત્ર આહારનો ત્યાગ નથી કરતા, પરંતુ ક્રોધ, માન, માયા અને લોભ જેવા ચાર કષાયો પર વિજય મેળવવાની સાધના કરે છે. ૨૦ માળાનો જાપ, સામાયિક, પ્રતિક્રમણ અને બ્રહ્મચર્ય પાલન એ આ તપના અનિવાર્ય અંગો છે. તેમણે ઉમેર્યું કે આ તપ ભૌગોલિક સીમાઓમાં બંધાયેલું નથી; જો મનની મક્કમતા હોય તો ભારત હોય કે વિદેશ, ગમે ત્યાં રહીને આ આત્મ શૌર્યની આરાધના કરી શકાય છે.

### જૈનત્વ એ સંસ્કાર છે, કોઈ જ્ઞાતિના બંધન નથી : કાનન દીદી

કાનન દીદીએ સ્પષ્ટ કર્યું કે જૈન ધર્મની ફિલોસોફી સાર્વત્રિક છે. તેમણે ઉદાહરણ આપ્યું કે ૨૪ તીર્થંકરો ક્ષત્રિય હતા અને ૧૧ ગણધરો બ્રાહ્મણ કુળના હતા, જે દર્શાવે છે કે આ ધર્મ કોઈ જ્ઞાતિ પૂરતો મર્યાદિત નથી.

વર્તમાનમાં પણ રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબના આશીર્વાદથી અનેક જૈનેતર પરિવારો જૈન તપ-આરાધનામાં જોડાઈ રહ્યા છે.

તેમનું સચોટ સૂત્ર હતુંઃ ‘‘ઘણા લોકો જન્મથી જૈન હોય છે, તો ઘણાપોતાના કર્મોથી જૈન બને છે.

### સંસ્કારિત પેઢીનું ઘડતરઃ ‘લુક એન લર્ન જૈન જ્ઞાનધામ’:સ્નેહા દીદી

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની પ્રેરણાથી ૨૦૦૭ માં સ્થાપિત આ સંસ્થા ‘‘શિક્ષણ ભવિષ્ય બનાવે છે, પણ સંસ્કારો ચરિત્ર બનાવે છે‘‘ ના વિઝન સાથે કાર્યરત છે. અત્યાર સુધી ૧.૭૫ લાખથી વધુ બાળકો સંસ્કારિત થયા છે.

રાજકોટમાં ૨૦૦૯ થી શરૂ થયેલી ૯ શાખાઓમાં હાલ ૮૦૦ થી વધુ બાળકો ’ભાવિના ભગવાન’ બનવાની તાલીમ લઈ રહ્યા છે. આ જ્ઞાનધામ મિશનમાં જોડાવા ઈચ્છતા લોકોએ સ્નેહા દીદીનો સંપર્ક કરવા વિનંતી કરાઈ છે.

‘જય પરશુરામ’ના નાદ સાથે

# ભગવાન પરશુરામની શોભાયાત્રામાં બ્રહ્મતેજ અને ભક્તિના સંગમના થયા દર્શન

## પારંપરિક પોશાક, સુશોભિત રથ અને સાંસ્કૃતિક કાર્યક્રમોએ આકર્ષણ જમાવ્યું; આશાપુરા ફાર્મ ખાતે મહાઆરતી અને મહાપ્રસાદ સાથે પૂર્ણાહુતિ









**અબતક, રાજકોટ**

અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજના પવિત્ર પર્વે આજે રાજકોટના રાજમાર્ગો ‘બ્રહ્મમય’ બન્યા હતા. સમગ્ર ભૂદેવ સમાજ દ્વારા ભગવાન પરશુરામના જન્મોત્સવની અભૂતપૂર્વ અને દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. શહેરના મુખ્ય માર્ગો પર નીકળેલી આકર્ષક શોભાયાત્રામાં હજારોની સંખ્યામાં ભૂદેવો પારંપરિક પોશાકમાં સજ્જ થઈને જોડાયા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિ અને ઉત્સાહના રંગે રંગાયું હતું.શોભાયાત્રામાં ભગવાન પરશુરામની ભવ્ય મૂર્તિ સાથેના સુશોભિત રથ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. શોભાયાત્રા શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર ફરી હતી, જ્યાં ઠેર-ઠેર પુષ્પવર્ષા સાથે તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ‘‘જય પરશુરામ‘‘ અને ‘‘જય લંકેશ‘‘ ના નાદથી રાજકોટના માર્ગો ગુંજી ઉઠ્યા હતા. શોભાયાત્રાની સાથે વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને શસ્ત્ર પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.શહેરના રાજમાર્ગો પર ભ્રમણ કર્યા બાદ આ શોભાયાત્રા શીતલ પાર્ક પાસે આવેલા આશાપુરા ફાર્મ ખાતે પહોંચી હતી. અહીં રાત્રિના સમયે ભગવાન પરશુરામ દાદાની ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી. ત્યારબાદ બ્રહ્મ પરિવારો માટે મહારાસ અને મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં ભૂદેવો ઉમટી પડ્યા હતા.

### પરશુરામ દાદા સનાતન હિન્દુ ધર્મના આરાધ્ય દેવઃ જયેશ દવે



અબતક સાથેની ખાસ વાતચીત દરમિયાન અગ્રણી જયેશ દવેએ જણાવ્યું હતું કે, ‘‘આજે અખાત્રીજના પવિત્ર દિવસે ભૂદેવોના આરાદ્ય દેવ એવા ભગવાન પરશુરામ દાદાનો જન્મોત્સવ છે. ભારતભરમાં આદિકાળથી અખાત્રીજને વણજોયું મુહૂર્ત માનવામાં આવે છે. ભગવાન પરશુરામ માત્ર બ્રાહ્મણોના જ નહીં, પરંતુ સમગ્ર સનાતન હિન્દુ ધર્મના આરાધ્ય દેવ છે. જે રીતે સમગ્ર ભારતમાં આ દિવસની ઉજવણી થાય છે, તેવી જ રીતે આજે રાજકોટમાં પણ હજારો ભૂદેવોની ઉપસ્થિતિમાં શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

# સુરજદેવળ મંદિરના ભૂમિ દાતા દરબાર રાણીગબાપુ ખાચરની પ્રતિમાનું મહામંડલેશ્વર કણીરામબાપુના હસ્તે અનાવરણ

## કાઠી ક્ષત્રિય સમાજના આસ્થાકેન્દ્ર નવા સુરજદેવળ મંદિરે ઉપવાસ પર્વે ભવ્ય કાર્યક્રમઃ સંતો, મહંતો અને સમાજના અગ્રણીઓ રહ્યા ઉપસ્થિતિ











**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

કાઠી ક્ષત્રિય સમાજનું આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર એવા ઈષ્ટદેવ ભગવાન શ્રી સૂર્યનારાયણના મંદિર નવા સુરજદેવળ મંદિર મુકામે ઉપવાસ પર્વ નિમિત્તે મંદિરના મુખ્ય ભૂમિ દાતા દરબાર રાણીગબાપુ સોમલાબાપુ ખાચર (ચોટીલા)ની પ્રતિમાનું દુધરેજ જગ્યાના મહંત મહામંડલેશ્વર કણીરામબાપુના વરદ હસ્તે ભાવપૂર્ણ વાતાવરણમાં અનાવરણ કરવામાં આવ્યું હતું.

દિવ્ય સંતો, મહંતો તેમજ સમાજના આગેવાનો, યુવાનો અને ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. દરબાર રાણીગબાપુ ખાચર (ચોટીલા)ના પરિવાર દ્વારા આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું.

નવા સુરજદેવળ મંદિર કાઠી ક્ષત્રિય સમાજ માટે સૂર્યનારાયણ ભગવાનના આસ્થા કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત છે. મંદિર નિર્માણમાં દરબાર શ્રી રાણીગબાપુ સોમલાબાપુ ખાચરનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. તેમણે મંદિર માટે મુખ્ય ભૂમિનું દાન કર્યું હતું. તેમની સેવા અને સમર્પણને બિરદાવવા સમાજ દ્વારા આ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે.મહામંડલેશ્વર કણીરામબાપુએ આ પ્રસંગે આશીર્વચન પાઠવતાં જણાવ્યું કે દાનવીરોના કારણે જ સમાજના ધાર્મિક સ્થાનકોનું નિર્માણ શક્ય બને છે. રાણીગબાપુ જેવા દાતાઓ સમાજ માટે પ્રેરણારૂપ છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ’જય સૂર્યનારાયણ’ના નાદથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું.

# સ્પોર્ટ્સ અબતક

# પ્રિયાંશ-કોનોલોની ફટકાબાજી: પંજાબની સતત પાંચમી જીત, લખનઉને ૫૪ રને હરાવ્યું

## પહાડ જેવા સ્કોરનો પીછો કરવા ઉતરેલી લખનઉની ટીમ ૨૦ ઓવરમાં માત્ર ૨૦૦ રન જ બનાવી શકી: ૧૧ પોઈન્ટ સાથે ટેબલમાં ટોપ પર યથાવત પંજાબ



**અબતક, રાજકોટ**

પંજાબ કિંગ્સે લખનઊ સુપર જાયન્ટ્સને ૫૪ રનથી હરાવીને ૧૧ પોઈન્ટ સાથે મોખરે સ્થાન વધુ મજબૂત કર્યું હતું. હજી પણ શ્રેયસ ઐયરની ટીમ એકમાત્ર એવી ટીમ છે જે અપરાજિત છે. લખનઊની ટીમ સતત ત્રીજી મેચ હારતાં આઠમા સ્થાને જતી રહી છે. બેંગ્લૂરુ અને રાજસ્થાન આઠ-આઠ પોઈન્ટ સાથે બીજા-ત્રીજા સ્થાને છે.પંજાબનો ઓપનર અને મેન ઑફ ધ મેચ પ્રિયાંશ આર્ય (૯૩ રન, ૩૭ બોલ, નવ સિક્સર, ચાર ફોર) અને ઑસ્ટ્રેલિયન ખેલાડી કૂપર કોનોલી (૮૭ રન, ૪૬ બોલ, સાત સિક્સર, આઠ ફોર) પંજાબની રેકોર્ડ-બ્રેક ઈનિંગ્સના બે મુખ્ય સ્ટાર હતા. તેમની વચ્ચે બીજી વિકેટ માટે ફક્ત ૮૦ બોલમાં ૧૮૨ રનની વિક્રમી ભાગીદારી થઈ હતી. કોનોની ફક્ત ચાર રન પર હતો ત્યારે તેને બે જીવતદાન મળ્યા હતા જે છેવટે લખનઊને ભારે પડ્યા. મોહસિન ખાનના એક બોલમાં કોનોલી એલબીડબલ્યૂમાં આઉટ હતો, પરંતુ લખનઊની ટીમે ડીઆરએસમાં રિવ્યૂ ન લેવાની ભૂલ કરી હતી. ત્યાર બાદ ખુદ મોહસિન ખાને પોતાના જ બોલમાં કોનોલીનો કેચ છોડ્યો હતો.

પંજાબે આ વખતના વિક્રમજનક ૨૫૪ રનના સ્કોર સાથે લખનઊને ૨૫૫ રનનો જ તોતિંગ લક્ષ્યાંક આપ્યો એના બોજ તળે રિષભ પંતની ટીમ દબાઈ ગઈ હતી. ૬૧મા રને પ્રથમ વિકેટ અને ૧૦૯ રનના સ્કોર પર બીજી વિકેટ પડ્યા બાદ આ ટીમે બે-ત્રણ ઓવરના અંતરમાં પછીની વિકેટો ગુમાવી હતી. મુકુલ ચૌધરી (૨૧ અણનમ, ૧૭ બોલ, એક સિક્સર, એક ફોર) અણનમ રહ્યો હતો. પંજાબના માર્કો યેનસેને બે વિકેટ તેમ જ અર્શદીપ સિંહ, વિજયકુમાર વૈશાક તથા યુઝવેન્દ્ર ચહેલે એક-એક વિકેટ મેળવી હતી.

ખુદ પંત ૪૩ રનથી આગળ નહોતો વધી શકયો અને અર્શદીપ સિંહના બોલમાં વિકેટકીપર પ્રભસિમરન સિંહનો શિકાર થયો હતો. ઓપનર મિચલ માર્શનું પણ ફક્ત ૪૦ રનનું યોગદાન હતું, જ્યારે સાથી ઓપનર આયુષ બદોનીનો માત્ર ૩૫ રનનો ફાળો હતો. ટૂંકમાં, લખનઊનો એક પણ બેટ્સમેન લાંબી ઈનિંગ્સ રમવામાં સફળ નહોતો થયો. એઈડન માર્કરમ (૪૨ રન, બાવીસ બોલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)ને ઓપનિંગને બદલે મિડલ-ઑર્ડરમાં મોકલવામાં આવ્યો હતો અને પ્રમાણમાં તે સારું રમ્યો હતો.

### પંજાબની ઈનિંગ્સમાં ૨૧ સિક્સરનો વરસાદ

એ પહેલાં, પોઈન્ટ્સ ટેબલની મોખરાની ટીમ પંજાબે લખનઊ સામે પ્રથમ બેટિંગનું આમંત્રણ મળ્યા બાદ લાભ ઉઠાવ્યો હતો અને આ વખતની સીઝનના સર્વોચ્ચ ટીમ-સ્કોર સાથે દમદાર પર્ફોર્મ કર્યું. પંજાબે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૫૪ રન કર્યા. એ સાથે, બેંગ્લૂરુનો (ચેન્નઈ સામે ૩/૨૫૦)નો વિક્રમ તૂટી ગયો હતો. લખનઊ માટે ૨૫૫ રનનો તોતિંગ લક્ષ્યાંક મેળવવો ખૂબ મુશ્કેલ છે. ઓપનર પ્રિયાંશ આર્ય (૯૩ રન) અને કૂપર કોનોલી (૮૭ રન) વચ્ચે બીજી વિકેટ માટે ફક્ત ૮૦ બોલમાં ૧૮૨ રનની જે વિક્રમી ભાગીદારી થઈ એ મેચ-વિનિંગ સાબિત થઈ હતી. સ્ટોઈનિસ (૨૯ રન) અને શશાંક સિંહ (૧૭ રન) વચ્ચે ૧૭ બોલમાં ૪૪ રનની પાર્ટનરશિપ થઈ હતી. આખી ઈનિંગ્સમાં કુલ ૨૧ છગ્ગા ફટકાવામાં આવ્યા હતા.

### પંજાબ કિંગ્સ માટે ત્રીજી ૧૫૦ થી વધુ રનની પાર્ટનરશીપ

પંજાબ કિંગ્સ તેની શરૂઆતની સીઝનથી જ આઈપીએલ ટીર૦ લીગનો ભાગ છે, પરંતુ હજુ સુધી એક પણ ટ્રોફી જીતી શકી નથી. પરંતુ છેલ્લી કેટલાક સીઝનમાં તેમનું પ્રદર્શન પ્રભાવશાળી રહ્યું છે. લખનૌ સુપર જાયન્ટ્સ સામેની મેચમાં પ્રિયાંશ આર્ય અને કૂપર કોનોલી વચ્ચે બીજી વિકેટ માટે ૧૮૨ રનની પાર્ટનરશીપ આઈપીએલમાં પંજાબ કિંગ્સ માટે ૧૫૦ કે તેથી વધુ રનની માત્ર ત્રીજી પાર્ટનરશીપ છે.




### પ્રિયાંશે વૈભવની બરાબરી કરી ઈશાન, યશસ્વી, રાહુલ, રજતનો રેકોર્ડ તોડ્યો

પ્રિયાંશ આર્યાએ આ મેચમાં ૧૯ બોલમાં અડધી સદી ફટકારી હતી અને તે આઈપીએલમાં ૨૦થી ઓછા બોલમાં સૌથી વધુ વખત અડધી સદી ફટકારનારા ભારતીય બેટ્સમેનોની યાદીમાં વૈભવ સાથે સંયુક્ત રીતે બીજા ક્રમે આવી ગયો છે. પ્રિયાંશે આ લીગમાં ત્રીજી વખત ૨૦થી ઓછા બોલમાં અડધી સદી ફટકારવાનું પરાક્રમ કર્યું છે, જ્યારે વૈભવ પણ ત્રણ વખત આવું કરી ચૂક્યો છે. આ સાથે જ પ્રિયાંશે રજત પાટીદાર, યશસ્વી જયસ્વાલ, ઈશાન કિશન અને કેએલ રાહુલને એકસાથે પાછળ છોડી દીધા છે. આ ચારેય બેટ્સમેનોએ આઈપીએલમાં ૨-૨ વખત ૨૦થી ઓછા બોલમાં અડધી સદી ફટકારવાની સિદ્ધિ મેળવી છે.

# રાજસ્થાનના રોયલ્સને ચાર વિકેટે હરાવી કોલકતાએ પ્રથમ જીત મેળવી

## ૧૫૭ રનનો ટાર્ગેટ કોલકતાએ બે બોલ બાકી રહેતા વટાવ્યો: રિંકુસિંઘની ફિફ્ટી



**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬નો ૨૮મો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાયો હતો. કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાયેલી આ મેચમાં કેકેઆરએ ૪ વિકેટે જીત મેળવી.આઈપીએલની આ સીઝનમાં કેકેઆરની આ પ્રથમ જીત છે. મુકાબલાની વાત કરીએ તો ટોસ જીતીને રાજસ્થાન રોયલ્સે પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. રાજસ્થાને વૈભવના ૪૬ રનના દમ પર કેકેઆર સામે ૧૫૬ રનનો લક્ષ્યાંક રાખ્યો હતો, જેને છેલ્લી ઓવરમાં ચેઝ કરી લેવામાં આવ્યો હતો.

૧૫૭ રનનો ટાર્ગેટ સર કરવામાં ઉતરેલી કેકેઆરની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. ટીમના બંને ઓપનર ટિમ સીફર્ટ અને અજિંક્ય રહાણે પોતાનું ખાતું પણ ખોલાવી શક્યા ન હતા. ત્યારબાદ કેમરૂન ગ્રીને ૨૭ રન બનાવીને ઈનિંગને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે સ્ટમ્પિંગ આઉટ થયો હતો.

ત્યારબાદ અંગકૃષ રઘુવંશી પાસેથી ટીમને ઘણી આશા હતી, પરંતુ તે પણ ૧૦ રન બનાવીને આઉટ થઈ ગયો હતો.

ત્યારબાદ પોવેલ પણ કંઈ ખાસ કરી શક્યો નહોતો અને ૨૩ રન બનાવીને આઉટ થયો હતો. પરંતુ રિન્કુ સિંહ અને અનુકૂલ રોયે મોરચો સંભાળ્યો હતો. બંને વચ્ચે અડધી સદીની ભાગીદારી થઈ હતી. રિન્કુ સિંહે અણનમ ૩૪ બોલમાં ૫૩ રનની ઈનિંગ રમી હતી. જ્યારે અનુકૂલે ૧૬ બોલમાં અણનમ ૨૯ રન બનાવ્યા હતા. રિન્કુએ પોતાની ઈનિંગમાં ૫ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા હતા.આઈપીએલની ચાલુ સીઝનમાં કેકેઆરની આ પ્રથમ જીત છે. આ જીત સાથે કેકેઆરની ટીમ પોઈન્ટ ટેબલમાં ૯મા નંબરે આવી ગઈ છે અને મુંબઈની ટીમ છેલ્લા સ્થાને પહોંચી ગઈ છે.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી રાજસ્થાનની ઈનિંગની શરૂઆત વૈભવ સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલે કરી હતી. છઠ્ઠી ઓવરમાં બંનેએ ટીમનો સ્કોર ૫૦ને પાર પહોંચાડી દીધો હતો. ૯મી ઓવરમાં રાજસ્થાનની ટીમને પ્રથમ ઝટકો લાગ્યો જ્યારે વૈભવ સૂર્યવંશી પોતાની વિકેટ ગુમાવી બેઠો. વૈભવને વરુણે પોતાની ફિરકીમાં ફસાવ્યો હતો, વૈભવ ૨૮ બોલમાં ૪૬ રન બનાવીને આઉટ થયો હતો. વૈભવે ૬ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા હતા. ત્યારબાદ યશસ્વી જયસ્વાલ પણ ૧૧મી ઓવરમાં પોતાની વિકેટ ગુમાવી બેઠો હતો. વળી, ધ્રુવ જુરેલ પણ સસ્તામાં આઉટ થયો હતો. જુરેલના બેટથી માત્ર ૫ રન આવ્યા હતા. રાજસ્થાનની ટીમ ૯ વિકેટ ગુમાવીને ૧૫૫ રન જ બનાવી શકી હતી. વરુણ ચક્રવર્તીએ ૩ વિકેટ ઝડપી હતી.

### વરૂણે ટીર૦ કેરિયરમાં ૨૦૦ વિકેટ પૂર્ણ કરી રચ્યો ઈતિહાસ

ચક્રવર્તીએ તેની ૨૦૦મી વિકેટ વૈભવ સૂર્યવંશીને આઉટ કરીને મેળવી હતી. તેણે પોતાની પ્રથમ ઓવરમાં જ ફ્લાઈટેડ બોલ પર બેટ્સમેનને ફસાવ્યો હતો, જ્યાં ડીપ મિડવિકેટ પર રમનદીપ સિંહે કેચ પકડ્યો હતો. રાજસ્થાને ટોસ જીત્યા બાદ પ્રથમ બેટિંગ કરતા ઝડપી શરૂઆત કરી હતી. યશસ્વી જયસ્વાલ અને સૂર્યવંશીએ પાવરપ્લેમાં ૬૩ રન જોડ્યા હતા. ચક્રવર્તીએ ૩/૧૪ નો શાનદાર સ્પેલ નાખ્યો. તેણે એક જ સ્પેલમાં સતત ઓવરો નાખીને રાજસ્થાનની કમર તોડી નાખી હતી.



### જ્યાં સુધી ક્રિઝ પર હઈશ, વિરીધીઓના હાથમાંથી મેચ છીનવી શકું છું: સૂર્યવંશી

રાજસ્થાન રોયલ્સના ૧૫ વર્ષીય યુવા સ્ટાર વૈભવ સૂર્યવંશીએ આઈપીએલ ૨૦૨૬માં તેમની વિસ્ફોટક બેટિંગથી દરેકને ચોંકાવી દીધા છે. તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં વૈભવે વિરોધી ટીમોને સીધી ચેતવણી આપી છે. તેમણે કહ્યું, હું જેટલી વાર પણ ગ્રાઉન્ડ પર હોઉં, અને ડોમિનેટ કરીને રમું તો મેચ વિરોધીઓના હાથમાંથી છીનવી શકું છું.

આ નિવેદન આઈપીએલ ૨૦૨૬માં વૈભવના અત્યાર સુધીના અદ્ભુત પ્રદર્શનને જોતાં વધુ મહત્વપૂર્ણ બની જાય છે. તેઓ રાજસ્થાન રોયલ્સ તરફથી અત્યાર સુધીના સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. ૬ મેચોમાં તેમણે ૨૪૬ રન બનાવ્યા છે, જેમાં સરેરાશ ૪૧.૦૦ અને આકર્ષક સ્ટ્રાઈક રેટ ૨૩૬.૫૪ છે. આવા સ્ટ્રાઈક રેટ સાથે તેઓ બોલરોને ખુલ્લેઆમ ધમકાવી રહ્યા છે અને મેચની દિશા એકલા હાથે બદલી નાખે છે.

# મુંબઈ ઈન્ડિયન આજે અમદાવાદમાં ગુજરાત ટાઈટન્સ સાથે ટકરાશે

## અમદાવાદમાં મુંબઈ એક પણ મેચ જીત્યું નથી: રોહિત શર્મા અને ગીલ પર રહેશે નજર



**અબતક, રાજકોટ**

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૯ સીઝનની ૩૧મી લીગ મેચ ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે આજે ટક્કર છે.બધાની નજર આ મેચ પર રહેશે,કારણ કે તે બંને ટીમો માટે ભવિષ્યની સંભાવનાઓની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ છે.ગુજરાત અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે,જ્યાં ગુજરાત ટાઈટન્સ અત્યાર સુધી પ્રભુત્વ ધરાવે છે.બંને ટીમો માટે આ સિઝન અસમાન રહી છે,જેમાં મુંબઈ ઈન્ડિયન્સની સ્થિતિ ખાસ કરીને ખરાબ છે, પાંચ મેચ રમ્યા પછી માત્ર એક મેચ જીતી છે અને હાલમાં પોઈન્ટ ટેબલમાં તળિયે છે. ગુજરાત ટાઈટન્સે પણ પાંચ મેચ રમી છે, જેમાંથી ત્રણ જીતી છે.ગુજરાત ટાઈટન્સનો મુંબઈ ઈન્ડિયન્સ પર હાથ ઉપર છે.ગુજરાત ટાઈટન્સ, જેણે અત્યાર સુધીમાં એક વખત આઈપીએલ ટ્રોફી જીતી છે,તેનો મુંબઈ ઈન્ડિયન્સ સામે આઈપીએલ રેકોર્ડ મજબૂત છે.બંને ટીમો વચ્ચે અત્યાર સુધીમાં કુલ આઠ મેચ રમાઈ છે,જેમાં ગુજરાત ટાઈટન્સ પાંચ જીતી છે,જ્યારે મુંબઈ ઈન્ડિયન્સ ફક્ત ત્રણ જીતી છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બંને ટીમો વચ્ચેના રેકોર્ડ પર નજર કરીએ તો,ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ કુલ ચાર મેચ રમ્યા છે, જેમાં ગુજરાતની ટીમે બધી જ મેચ જીતી છે.આ રેકોર્ડને ધ્યાનમાં લેતા મુંબઈ ઈન્ડિયન્સ માટે આ મેચ સરળ લાગતી નથી.ગયા સિઝનમાં,બંને ટીમોએ ત્રણ મેચ રમી હતી,જેમાં ગુજરાત ટાઈટન્સ બે જીતી હતી,જ્યારે મુંબઈ ઈન્ડિયન્સ ફક્ત એક જ જીતી શક્યું હતું.આ મેચમાં જે બે ખેલાડીઓનું ધ્યાન રહેશે તેઓ રોહિત શર્મા અને શુભમન ગિલ છે.રોહિત શર્મા,જે પાછલી મેચમાં અનફિટનેસને કારણે પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રહ્યો હતો.તેણે આ મેચ પહેલા નેટ્સમાં બેટિંગ પ્રેક્ટિસ કરી હતી,જે સૂચવે છે કે તે આ મેચમાં રમશે. દરમિયાન, ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલ,જે છેલ્લી કેટલીક મેચોમાં બેટથી સારું પ્રદર્શન કરી રહ્યો છે,તે આ મેચમાં બધાની નજર હેઠળ રહેશે.



# બીજી ટીર૦માં આફ્રિકાએ ભારતને ૮ વિકેટ હરાવી ૨-૦ની લીડ મેળવી

## ૧૪૮ રનનો ટાર્ગેટ આફ્રિકાની મહિલાઓએ ૧૭.૧ ઓવરમાં વટાવ્યો, સેફાલીની ફિફટી એળે ગઈ

**અબતક, રાજકોટ**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ હાલમાં સાઉથ આફ્રિકાની મહિલા ક્રિકેટ ટીમ સામે ૫ મેચની ટીર૦ સિરીઝ રમી રહી છે. સાઉથ આફ્રિકાએ સિરીઝની પહેલી મેચ જીતી હતી, જ્યારે ૧૯ એપ્રિલે રમાયેલી બીજી મેચમાં સાઉથ આફ્રિકાએ ભારતને ૮ વિકેટથી હરાવ્યું હતું. જીત સાથે સાઉથ આફ્રિકાએ સિરીઝમાં ૨-૦ની લીડ મેળવી લીધી છે. ભારત માટે શેફાલી વર્માએ અડધી સદી ફટકારી હતી. તેના સિવાય અન્ય કોઈ બેટ્સમેન ખાસ પ્રભાવ પાડી શકયા નહીં.પ્રથમ બેટિંગ કરતા ભારતીય મહિલા ટીમે ૨૦ ઓવરમાં ૧૪૭/૧૦ રન બનાવ્યા. ઓપનર શેફાલી વર્માએ ૩૮ બોલમાં ૫૭ રન બનાવ્યા, જ્યારે સ્મૃતિ મંધાનાએ ૭ બોલમાં ૧૨ રન બનાવ્યા. જેમીમા રોડ્રિગ્સ ૪ બોલમાં ૨ રન બનાવીને આઉટ થઈ ગઈ.

પોતાની ડેબ્યૂ મેચ રમી રહેલી અનુષ્કા શર્માએ ૩૧ બોલમાં ૨૮ રન બનાવ્યા.દરમિયાન હરમનપ્રીત કૌરે ૯ બોલમાં ૧૨ રન બનાવ્યા.

દીપ્તિ શર્મા અને રિચા ઘોષે પણ સંઘર્ષ કર્યો, તેમને અનુક્રમે ૧ અને ૩ રન બનાવ્યા. તુમી સેખુખુને અને ક્લો ટ્રાયોને શાનદાર બોલિંગ કરી અને ૩-૩ વિકેટ લીધી.૧૪૮ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી સાઉથ આફ્રિકાની ઓપનર લૌરા વોલ્વાર્ડ્ટ અને સુને લુસે શાનદાર બેટિંગ પ્રદર્શન કર્યું. લૌરાએ ૩૪ બોલમાં ૫૪ રન બનાવ્યા, જ્યારે લુસે ૪૬ બોલમાં ૫૭ રન બનાવ્યા. તેમને પહેલી વિકેટ માટે ૭૨ બોલમાં ૧૦૬ રનની ઓપનિંગ પાર્ટનરશીપ કરી.ત્યાંથી સાઉથ આફ્રિકાએ મેચનું પાસું ફેરવી નાખ્યું અને લગભગ જીત નિશ્ચિત કરી દીધી.

સાઉથ આફ્રિકાએ ૧૭.૧ ઓવરમાં ૨ વિકેટે ૧૪૮ રન બનાવીને ૮ વિકેટે મેચ જીતી લીધી. શ્રેયંકા પાટિલ એકમાત્ર ભારતીય વિકેટ લેનાર બોલર હતી. તેણે ૪ ઓવરમાં ૩૫ રન આપ્યા અને ૨ વિકેટ ઝડપી.




# આટકોટ નજીક અકસ્માતમાં મંગેતરની નજર સામે યુવતીનું મોત

## કંકુ પગલાની ખરીદી કરવા જતી વેળા એ રોંગ સાઈડમાં ધસી આવેલી કાર સાથે કાર ધડાકા ભેર અથડાઈ: મંગેતર અને તેના ભાઈને ઈજા

**અબતક,રાજકોટ**

આટકોટ નજીક ખારચીયા ગામ પાસે રોંગ સાઈડમાં ધસી આવેલી કારે સામેથી આવી રહેલી કારને હડફેટે લેતા અકસ્માતનની ઘટનામાં જસદણની યુવતીનું મોત થયું હતું. જ્યારે તેની સાથે રહેલ તેના મંગેતર અને મંગેતરના ભાઈને ઈજા પહોંચી હતી. ચાર મહિના પૂર્વે સગાઈ થયા બાદ યુવતી મંગેતર સાથે કંકુ પગલા માટેની ખરીદી કરવા જતી હતી દરમિયાન અકસ્માતની આ ઘટના બની હતી. આહીર પરિવારમાં કલ્પાંત છવાઈ ગયો હતો. આ બનાવ અંગે લાઠીમાં બગીચા પ્લોટ વિસ્તારમાં રહેતા હિતેશભાઈ મધુભાઈ ડેર (ઉ.વ. ૨૪) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગ્રાન્ડ વીટારા નંબર જીજે ૧૧ ડીબી ૦૮૪૫ ના ચાલક નું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે બે ભાઈમાં સૌથી નાનો છે તેના મોટાભાઈ સંજયની જસદણમાં રહેતા નાથુભાઈ નાનકુભાઈ ભુતૈયાની પુત્રી વૈશાલી સાથે ચાર મહિના પૂર્વે સગાઈ થઈ હતી. ગઈકાલે સવારના આઠેક વાગ્યે મિત્રની નેકસન કાર નંબર જીજે ૩ કેપી ૧૯૩૯ લઈ યુવાન તથા તેના મોટાભાઈ સંજય ગોંડલ





તથા રાજકોટમાં ભાભીના કંકુ પગલા કરાવવાના હોય જેથી તે માટે ખરીદી કરવા ભાઈના સસરાના ઘરે જસદણ સવારે નવ વાગ્યે પહોંચ્યા હતા. બાદમાં ભાભી વૈશાલીબેનને સાથે લઈ ત્રણેય અહીંથી ખરીદી કરવા માટે ગોંડલ જવા માટે નીકળ્યા હતા. કાર ફરિયાદી યુવાન હિતેશ ડેર ચલાવતો હતો. દરમિયાન દસેક વાગ્યે આસપાસ આટકોટ ગોંડલ રોડ પર ખારખીયા ગામથી આગળ અચાનક બ્લુ કલરની ગ્રાન્ડ વિટેરા કારના ચાલકે રોંગ સાઈડમાં વાહન ચલાવી યુવાનની કાર સાથે અકસ્માત સર્જ્યો હતો બાદમાં યુવાને કારમાંથી બહાર નીકળી જતા તેના ભાભી વૈશાલીબેનના કપાળ પરથી લોહી નીકળતું હતું તેમજ તેના ભાઈ સંજય પણ બેભાન થઈ ગયો હતો. બાદમાં ૧૦૮ મારફત યુવાન તેના ભાભી વૈશાલી અને સંજયને સારવાર માટે આટકોટની કે.ડી. પરવડીયા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા અહીં યુવાનના ભાભી વૈશાલીબેન ને જોઈ તપાસી ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. જ્યારે યુવક અને તેના ભાઈને ઈજાઓ પહોંચી હોય અહીં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, અકસ્માતમાં મોતને ભેટનાર જસદણની યુવતી વૈશાલી નાથુભાઈ ભુતૈયા ત્રણ બહેનના પરિવારમાં વચેટ હતી. લાઠીના સંજય સાથે સગાઈ થયા બાદ મંગેતર સાથે કંકુ પગલા માટેની ખરીદી કરવા જતા હતા. દરમિયાન અકસ્માતની આ ઘટનામાં યુવતીએ જીવ ગુમાવતા બંને પરિવારોમાં કલ્પાંત છવાઈ ગયો હતો. અકસ્માતની આ ઘટના અંગે હિતેશ ડેરની ફરિયાદ પરથી આટકોટ પોલીસે ગ્રાન્ડ વીટેરા નંબર જીજે ૧૧ ડીબી ૦૮૪૫ ના ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### ત્રણ-ચાર વર્ષમાં નાણા ડબલ કરવાની લાલચ

# ગોંડલના વૃધ્ધને રાજકોટના શખ્સે રૂ.૧.૫૬ કરોડનો ચુનો ચોંપડ્યો

## સિનિયર સિટીઝન્સના ઘરે રસોઈ બનાવવા આવતી મહિલાના પતિએ મંત્રીઓ સાથે સંબંધ હોવાનું કહી મિલકતમાં રોકાણ કરાવી છેતરપિંડી કરી

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલની બેંક સોસાયટી વિસ્તારમાં રહેતા ૮૮ વર્ષીય નિવૃત્ત વૃદ્ધને મિલકતોમાં રોકાણ કરી ત્રણ-ચાર વર્ષમાં રકમ ડબલ કરી આપવાની લાલચ આપી રૂ. ૧,૫૬,૬૫,૦૦૦/- પડાવી લેવા અંગે રાજકોટના શખ્સ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી દયાળજીભાઈ દેવરાજભાઈ મકવાણા (ઉ.વ. ૮૮) એ ગોંડલ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, આશરે સાત વર્ષ પહેલાં તેમના ઘરે રસોઈ બનાવવા આવતા કાજલબેનના પતિ રાજેશભાઈ સુરેશચંદ્ર શાહ રહે. રાજકોટ સાથે તેમની મિત્રતા થઈ હતી. રાજેશભાઈએ પોતાને મોટા મંત્રીઓ સાથે સંબંધ હોવાનું કહી ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા. રાજેશભાઈએ દયાળજીભાઈને એવી લાલચ આપી હતી કે જો તેઓ મિલકતોમાં રોકાણ કરશે તો મંત્રીઓ દ્વારા ત્રણ-ચાર વર્ષમાં તેમના નાણાં ડબલ કરી આપવામાં આવશે. વૃદ્ધે પોતાની આજીવન કમાણી, પ્લોટ વેચાણની રકમ, પ્રોવિડન્ટ ફંડ અને શેર વેચાણના નાણાં મળીને કુલ રૂ. ૧,૫૬,૬૫,૦૦૦/- વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાન રાજેશભાઈ ને અલગ-અલગ ૨૩ જેટલી મિલકતોમાં રોકાણ કરવા માટે આપ્યા હતા. રાજેશભાઈએ વૃદ્ધના પરિવારજનોને આ વ્યવહારની જાણ ન થાય તે માટે તેમનો એન્ડ્રોઈડ ફોન બંધ કરાવી સાદો મોબાઈલ ખરીદાવ્યો હતો, જેથી લોકેશન કે વાતચીત ટ્રેક ન થઈ શકે. જ્યારે વૃદ્ધે રોકાણના દસ્તાવેજો માંગ્યા ત્યારે આરોપી મંત્રીઓનું બહાનું કાઢી વાત ટાળતો હતો.સમય મર્યાદા પૂર્ણ થતા દયાળજીભાઈ એ જ્યારે પોતાના પૈસા પાછા માંગ્યા, ત્યારે આરોપી રાજેશભાઈએ પૈસા આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. છેવટે છેતરાયા હોવાનો અહેસાસ થતા દયાળજીભાઈએ પોલીસનું શરણું લીધું હતુ. પોલીસે આરોપી રાજેશભાઈ સુરેશચંદ્ર શાહ વિરુદ્ધ બીએનએસએસની કલમ ૧૭૩ અને આઈ.પી.સી. કલમ ૪૨૦ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લૂંટના ગુનામાં બેલડીની ચાર્જસીટ બાદની જામીન અરજી ફગાવી

## યશ પ્લાસ્ટોકપેક કંપનીમા બુકાનીધારી છ શખ્સોએ શ્રમિકોને હથિયાર બતાવી રોકડની લૂંટ ચલાવી તી

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના મોવૈયામાં ઈન્ડસ્ટ્રી એરિયામાં આવેલ યશ પ્લાસ્ટોકપેક કંપની મા પાંચ માસ પૂર્વે શ્રમિકોને હથિયાર બતાવી ૩૫૭૦૦ની રોકડની લૂંટ ચલાવવાના ગુનામાં જેલ હવાલે રહેલી દાહોદની નામચીન બેલડીની ચાર્જસીટ બાદની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. પડધરી તાલુકાના મોવૈયામાં ઈન્ડસ્ટ્રી એરિયામાં આવેલ યશ પ્લાસ્ટોકપેક કંપની નું કારખાનામા ગત તારીખ ૧૫-૧૧-૨૦૨૫ ના રોજ બુકાનીધારી છ વ્યકિતઓ કારખાનામાં ગેરકાયદે પ્રવેશ કરી મજૂરોને છરી અને લોખંડની ટોમી બતાવી પગાર ના રૂપિયા ૨૭૦૦૦ તેમજ બાજુમાં ઓરડીમાં રહેતા મજૂરોના મળી ૩૬૭૦૦રોકડ, પાનકાર્ડ આધારકાર્ડ સહિતના ડોક્યુમેન્ટની લૂંટ કરી ભાગી ગયા અંગેની લૂંટ કર્યા અંગેની રાહુલભાઈ સુરેશભાઈ ચૌહાણ ફરિયાદ નોંધાવી હતી. પડધરી પોલીસે તે ગુનામાં છ આરોપીઓની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કરેલ અને ગુના ને લગતો પૂરતો પુરાવો મળી આવતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

ચાર્જશીટ થયા બાદ જેલમાં રહેલા આરોપી રાકેશ રાડીયા પલાસ અને રાજુ સાવસીંગ બારીયા (રહે બંને દાહોદ) એ જામીન ઉપર છૂટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજી નો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપીઓએ છરી તથા ટોમી જેવા હથિયારો ધારણ કરી મજૂરો પાસેથી રોકડની લૂંટ કરી છે. આરોપીઓ સામે અગાઉ ગુનાઓ પણ નોંધાયેલા છે જો તેને જામીન આપવામાં આવશે તો તેઓ ફરી પાછા આવા ગુના આચરશે અને તેને કાયદાનો કોઈ ડર રહેશે નહીં તેથી તેની જામીન અરજી રદ કરવા રજૂઆત કરી હતી તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ ટી. એસ બ્રહ્મભટ્ટે બંને આરોપીઓની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરી છે આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલા હતા

# ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટના સજાનો હુકમ કાયમી રાખતી સેશન્સ કોર્ટ

## સુરેન્દ્રનગર એનજીઓ એસોસિએશનના પ્રમુખ અને સેક્રેટરીને બે ચેક પરત ફરવાના એક વર્ષની સજા ફટકારી તી

**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર એનજીઓ એસોસિએશનના પ્રમુખ અને સેક્રેટરીને બે ચેક પરત ફરવાના ગુનામાં નીચેની કોર્ટે ફટકારેલી સજાનો હુકમ સેશન્સ અદાલતે કાયમી રાખતો હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ સુરેન્દ્રનગર એનજીઓ એસોસિએશનના પ્રમુખ કમલેશભાઈ હસમુખભાઈ ભટ્ટ તથા સેક્રેટરી અલ્પેશભાઈ હસમુખભાઈ ભટ્ટએ રાજકોટમાં આવેલ વીઝટેક કોમ્પ્યુટર એન્ડ હાર્ડવેરના માલિક જીગ્નેશભાઈ ખોડાભાઈ વડોદરીયા પાસેથી નવા ટેબલેટની ખરીદી કરેલ અને તેના બિલ તથા રૂ.૧૦ લાખ ઉછીના લીધા હતા અને રાજકોટમાં રહેતા રાજેશભાઈ મશરૂ પાસે એનજીઓ એસોસિએશનનું ડેટા એન્ટ્રીનું કામ કરાવ્યું હતું. જે રૂપિયાની ચુકવણી માટે જીગ્નેશભાઈ વડોદરીયાને રૂ.૧૯ લાખ અને રાજેશભાઈ મશરૂને રૂ. ૪.૮૧ લાખનો ચેક આપ્યો હતો. જે બંને ચેક પરત ફરતા કોર્ટમાં ચેક રીટર્નની જુદી જુદી બે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે કેસ અદાલતમાં ચાલી જતા નીચેની કોર્ટે સુરેન્દ્રનગર એનજીઓ એસોસિએશનના પ્રમુખ કમલેશભાઈ ભટ્ટ અને સેક્રેટરી અલ્પેશભાઈ ભટ્ટને એક વર્ષની સજા અને ચેક મુજબની રકમ વળતર પેટે ચૂકવવા હુકમ કર્યો હતો જે હુકમ સામે એનજીઓ એસોસિએશનના પ્રમુખ અને સેક્રેટરીએ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી જે અપીલ ચાલી જતા બંને પક્ષની રજૂઆત બાદ ફરિયાદ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલોને ધ્યાને લઈ ઉપલી કોર્ટે નીચેની કોર્ટનો સજા અને વળતરનો હુકમ યથાવત રાખી પ્રમુખ અને સેક્રેટરીને નીચેની અદાલતમાં સરેન્ડર થવા હુકમ કર્યો છે.

આ કેસમાં મૂળ ફરિયાદ પક્ષે રાજકોટના એડવોકેટ રાજેશ કે. મહેતા, ધવલ પી. મહેતા, ગૌરવ પી. મહેતા, હિતેશભાઈ મહેતા અને સુરેન્દ્રસિંહ જાડેજા રોકાયા હતા.

# તબીબ પાસે ખંડણી માગવાના કેસમાં પત્રકારના આગોતરા જામીન મંજૂર

## હોસ્પિટલના અંગત પળોના વીડિયો વાયરલ કરી ૫૦ લાખ માગ્યાની એક ડઝન શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી

**અબતક, રાજકોટ**

શહેરમાં સાધુ વાસવાણી રોડ ઉપર આવેલ ગૌતમ કિલનિકના તબીબને અંગત પળોનો વિડીયો વાયરલ કરવાની ધમકી આપી ખંડણી માંગવાના ચકચારી કેસમાં સંડોવાયેલા પત્રકારની આગોતરા જામીન અરજી અદાલત દ્વારા મંજૂર કરવામાં આવી છે.શહેરમાં સાધુ વાસવાણી રોડ ઉપર આવેલ ગૌતમ કિલનિકના ડો. સંદીપ પતંજલી પાલાને અજાણ્યા નંબરમાંથી ફોન કરી તમારી હોસ્પિટલના અંગત પળોના વિડિયો મોકલી રૂ.૫૦ લાખની ખંડણી માંગી ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવી હતી. જે ગુનામાં રાજકોટના જુદા જુદા અખબારના ૧૨ જેટલા કથિત પત્રકારો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. જે ગુનામાં સંડોવાયેલા જીગર સોઢાએ પોલીસ ધરપકડની દહેશતે કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને કોર્ટ દ્વારા જીગર સોઢાની આગોતરા જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે. આ કેસમાં બચાવ પક્ષે સિનિયર ધારાશાસ્ત્રી બકુલભાઈ રાજાણી અને કોમલબેન રાવલ રોકાયા હતા.





# પીડિતાને બ્લેકમેઈલિંગ ધમકી સવા ચાર લાખ પડાવવાના ગુનામાં શિક્ષિકાના જામીન મંજૂર

## દુષ્કર્મના ન્યૂડ ફોટો અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી શિક્ષક અને શિક્ષિકા રૂ.૪.૨૫ લાખ પડાવાનો આરોપ

**અબતક, રાજકોટ**

શહેરના યુવતી ઉપર દુષ્કર્મ ગુજારી ન્યૂડ ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપી રૂ.૪.૨૫ લાખ પડાવવાના ગુનામાં સંડોવાયેલી શિક્ષિકાના હાઈકોર્ટ દ્વારા જામીન મંજૂર કરવામાં આવ્યા છે. શહેરમાં રહેતી યુવતીએ મોરબી જિલ્લાની સરકારી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા પ્રીતિ ઘેટિયા અને પડધરી તાલુકાની રોહિશાળા ગામની સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા મુકેશ સોલંકીએ દુષ્કર્મ ગુજારી બ્લેકમેઈલિંગ કરી ૪.૨૫ લાખની ખંડણી પડાવી અને ધમકી આપ્યા અંગેની યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.શિક્ષક-શિક્ષિકા વિરૂદ્ધ દુષ્કર્મ,ધમકી, ગુનાહિત ષડયંત્ર સહિતની કલમો હેઠળ ગુનો નોંધાવ્યો હતો. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે બંનેએ એક સંપ કરી વારંવાર દુષ્કર્મનો શિકાર બનાવી હતી. યુવતી સાથે દુષ્કર્મ આચર્યા બાદ ન્યૂડ ફોટો અને વીડિયો બનાવ્યા હતા. આ વીડિયો સાથે તેને બ્લેકમેઈલિંગ કરવાનું શરૂ કર્યું '' જો કોઈને કહીશ તો વીડિયો-ફોટો વાયરલ કરી દઈશું. ફોટો જાહેર કરવાની ધમકી આપી ૪.૨૫ લાખથી વધુની રકમ પડાવી લીધાનો આરોપ પણ છે. લગ્ન નક્કી થઈ ગયા હતા તે પણ રોકાવ્યા હતા બાદ ચાર્જિંગ વાયરથી માર માર્યો હતો. યુનિવર્સિટી પોલીસે શિક્ષિકા પ્રીતિ ઘેટિયાની ધરપકડ કરી છે. મહિલા પ્રિતીબેન ઘેટીયાના સેશન્સ કોર્ટએ જામીન રદ કરતા હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલી જતા બંને પક્ષની રજૂઆત બાદ બચાવ પક્ષના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ હાઈકોર્ટે પ્રીતિબેન ઘેટીયાને જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે.આ કેસમાં પ્રીતીબેન ઘેટીયા વતી એડવોકેટ અમિત ગડારા, હાઈકોર્ટમા એડવોકેટ ડેનીશ એ. વિરાણી અને સંદીપભાઈ પટેલ રોકાયા હતા.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૨૫૯ | ૩૩૯ | ૬૨૨ |
| લીંબુ | ૫૪૧ | ૧૮૦૭ | ૩૭૧૪ |
| સાકરટેટી | ૧૪૮ | ૧૫૪ | ૩૦૧ |
| તરબુચ | ૧૩૧ | ૧૦૪ | ૨૫૨ |
| પપૈયા | ૨૯ | ૭૧ | ૧૫૨ |
| બટેટા | ૩૬૦૦ | ૯૪ | ૨૫૯ |
| ડુંગળી સુકી | ૨૬૭૫ | ૪૫ | ૨૫૩ |
| ટમેટા | ૮૬૧ | ૨૦૭ | ૩૭૨ |
| સુરણ | ૪ | ૮૧૪ | ૧૦૩૧ |
| કોથમરી | ૩૩૪ | ૨૧૦ | ૩૬૬ |
| મુળા | ૪૨ | ૪૨૧ | ૬૨૪ |
| રીંગણા | ૫૨૧ | ૧૦૨ | ૨૦૧ |
| કોબીજ | ૩૫૩ | ૬૫ | ૧૦૬ |
| ફલાવર | ૧૮૬ | ૨૮૨ | ૪૦૪ |
| ભીંડો | ૩૩૪ | ૨૨૯ | ૪૫૮ |
| ગુવાર | ૧૫૮ | ૪૯૬ | ૬૮૮ |
| ચોળાસીંગ | ૧૦૪ | ૫૦૨ | ૭૬૧ |
| ટીંડોળા | ૩૫ | ૩૦૧ | ૬૧૧ |
| દુધી | ૪૧૦ | ૭૮ | ૧૪૨ |
| કારેલા | ૭૧ | ૩૪૬ | ૫૦૩ |
| સરગવો | ૫૬ | ૨૭૧ | ૫૫૨ |
| તુરીયા | ૫૧ | ૨૩૮ | ૫૧૧ |
| પરવર | ૨ | ૬૩૯ | ૮૫૨ |
| કાકડી | ૩૬૮ | ૧૮૭ | ૩૭૯ |
| ગાજર | ૩૭૬ | ૨૨૮ | ૪૦૨ |
| વટાણા | ૪૪ | ૧૨૫૧ | ૧૬૩૩ |
| ગલકા | ૯૧ | ૨૦૧ | ૩૩૪ |
| બીટ | ૧૯૪ | ૮૫ | ૧૮૪ |
| મેથી | ૧૯૬ | ૩૦૨ | ૫૧૮ |
| ડુંગળી લીલી | ૧૬૯ | ૧૮૨ | ૩૦૨ |
| આદુ | ૧૧૪ | ૮૧૧ | ૧૦૧૮ |
| મરચા લીલા | ૧૧૧૪ | ૩૮૨ | ૬૦૮ |
| મકાઈ લીલી | ૮૮ | ૧૪૪ | ૨૮૬ |
| ગુંદા | ૧૭ | ૨૫૬ | ૪૫૪ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૧૦૦ | ૧૫૫૦ | ૧૭૯૦ |
| ઘઉં લોકવન | ૪૦૦૦ | ૪૩૦ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૧૧૦૦૦ | ૪૩૭ | ૬૦૫ |
| જુવાર સફેદ | ૪૫૦ | ૭૧૧ | ૮૬૮ |
| જુવાર લાલ | ૪૦ | ૮૨૦ | ૯૮૦ |
| જુવાર પીળી | ૨૪૦ | ૪૩૦ | ૪૭૨ |
| બાજરી | ૪૫ | ૩૦૦ | ૩૯૦ |
| મકાઈ | ૬૦ | ૨૯૧ | ૪૫૪ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૨૦ | ૧૫૨૦ |
| ચણા પીળા | ૦ | ૯૧૧ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૦ | ૧૧૧૧ | ૧૭૭૫ |
| અડદ | ૨૪૦ | ૧૨૫૦ | ૧૫૫૧ |
| મગ | ૨૪૦ | ૯૦૦ | ૧૬૭૦ |
| વાલ દેશી | ૧૦૦ | ૭૫૦ | ૧૨૫૦ |
| ચોળી | ૩૫ | ૧૧૦૦ | ૧૬૫૦ |
| વટાણા | ૧૧૪૦ | ૬૫૦ | ૧૦૮૦ |
| રાજમા | ૩૬૦ | ૬૫૦ | ૧૭૫૦ |
| સીંગદાણા | ૬ | ૧૮૧૦ | ૧૮૮૪ |
| મગફળી જાડી | ૪૦૦ | ૧૨૮૦ | ૧૫૧૦ |
| મગફળી જીણી | ૫૦૦ | ૧૩૩૦ | ૧૬૧૫ |
| અળશી | ૬ | ૧૨૦૬ | ૧૪૦૪ |
| તલી | ૨૬૦ | ૧૮૦૦ | ૨૧૬૦ |
| એરંડા | ૨૫૦૦ | ૧૧૮૦ | ૧૨૪૮ |
| અજમો | ૨૦ | ૧૭૫૦ | ૨૪૦૦ |
| સુવા | ૨૨ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૪૦ | ૮૦૦ | ૧૦૮૪ |
| સીંગફાડા | ૩૩૦ | ૧૨૫૦ | ૧૭૯૫ |
| કાળા તલ | ૧૪૪ | ૩૦૬૦ | ૩૮૪૦ |
| લસણ | ૦ | ૭૫૦ | ૧૫૫૦ |
| ધાણા | ૧૧૦૦ | ૨૨૮૦ | ૨૪૮૦ |
| મરચા સુકા | ૨૦૦ | ૨૦૦૦ | ૬૦૫૦ |
| ધાણી | ૫૦૦ | ૨૩૦૦ | ૨૬૮૦ |
| વરીયાળી | ૬૦૦ | ૧૪૦૦ | ૨૪૩૫ |
| જીરૂ | ૧૭૦૦ | ૩૫૫૦ | ૪૧૦૦ |
| રાય | ૦ | ૧૦૦૦ | ૧૫૨૦ |
| મેથી | ૨૨૦૦ | ૧૧૩૦ | ૧૭૮૦ |
| ઈસબગુલ | ૪ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૭૦ | ૯૪૫ | ૧૧૩૫ |
| કલોંજી | ૭૦૦ | ૨૭૦૦ | ૩૩૯૦ |
| રાયડો | ૦ | ૮૮૦ | ૧૨૦૭ |

# ક્લેઈમ પકવવાની કોશિશના ગુનામાં આરોપીને શંકાનો લાભ

## ઈન્સ્યોરન્સ કંપનીના બોગસ લેટરના આધારે એક લાખનો ક્લેઈમ પકવવાની કોશિશ કરી

**અબતક, રાજકોટ**

ઈન્સ્યોરન્સ કંપનીના બોગસ લેટરના આધારે એક લાખનો ક્લેઈમ પકવવાની કોશિશ ના ગુનામાં પકડાયેલા આરોપીને અદાલતે શંકાનો લાભ આપી છૂટકારો ફરમાવ્યો હતો.આ અંગેની હકીકત મુજબ રાજુભાઈ જાદવભાઈ ટીલારાની પુત્રી કિરણ રમતી હતી ત્યારે છકડો રિક્ષા બેદરકારીથી ચલાવી બાળકીને ફ્રેકચર અને માથાના ભાગે ગંભીર ઈજા કર્યા અંગે વીમા કંપની સામે એક લાખના વળતરના ક્લેઈમ કેસ દાખલ કર્યો હતો. જેમાં રજૂ થયેલા કન્ફર્મ લેટર અને અન્ય દસ્તાવેજો અંગે ઈન્સ્યોરન્સ કંપનીને શંકા જતા તેમણે ઈન્વેસ્ટીગેટર વિજય શર્મા (રિટાયર્ડ ડીવાયએસપી)ને મોકલેલ, તેની તપાસમાં આર.ટી.ઓ.માં રજૂ કરેલ કાગળો રાજકોટમાં કોટેચા ચોક, સૌરાષ્ટ્ર હાઈસ્કુલ પાસે રહેતા મારુતિ ફાઈનાન્સ ઓફિસના કર્મચારી જીતેન્દ્ર હનુમાનપ્રસાદે નેશનલ ઈન્સ્યોરેશન કંપનીવાળો બોગસ કન્ફર્મ લેટર બનાવી અને છકડો રિક્ષા અન્યના નામે ટ્રાન્સફર કરાવવા માટે આર.ટી.ઓ.માં રજૂ કરી મારુતિ ફાઈનાન્સ કંપનીમાંથી રિક્ષા માલિકને લોન આપી અને કંપનીનો બોગસ દસ્તાવેજ આર.ટી.ઓ.માં રજૂ કરેલ હોવાનું ખુલતા ઈન્સ્યોરન્સ કંપનીના કાંતિભાઈ મદલાણીએ એ. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. આ કેસ ન્યાયમૂર્તિ વી.ડી. મોઢની કોર્ટમાં ચાલતા ઈન્સ્યોરન્સ કંપનીના કર્મચારીના નમુના લીધેલ નથી, અને કન્ફર્મેશન લેટર કોના હસ્તાક્ષર ભરી તથા કંપનીના સિક્કા, રબ્બર સ્ટેમ્પ લગાવેલ બનાવટી છે.આર.ટી.ઓ.અધીકારીનુ નિવેદન લીધેલ નથી કોર્ટમાં રજુ થયેલ સીડી એફ.એસ.એલ.માં મોકલેલ નથી આમ ફરીયાદ પક્ષ ગુન્હો સાબીત કરી શકેલ ન હોય આરોપી જીતેન્દ્ર કુમાર હનુમાન જૈનને શંકાનો લાભ આપી છોડી મુકેલ હતો.આ કેસમાં આરોપી એડવોકેટ દિલીપભાઈ પટેલ, કલ્પેશ નસિત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી તથા આસિસ્ટન્ટ તરીકે ઈશા કણજારીયા રોકાયા હતા.

# આર્યનગરમાં મકાનમાં જુગાર રમતા ઈમિટેશનના છ કારીગરો ઝડપાયા

## વિજય પ્લોટમાં જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા ચાર પકડાયા

**અબતક, રાજકોટ**

શહેરનાપેડક રોડ પર આર્યનગરમાં મકાનમાં જુગાર રમતા છ શખસોને ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી લઈ પટ્ટમાંથી રોકડ રૂ.૨૬,૬૦૦ કબજે કર્યા હતાં. જ્યારે એ ડિવિઝન પોલીસે વિજય પ્લોટમાં જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા ચાર શખસોને ઝડપી લીધા હતાં.

જુગારના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ એ.એન. પરમારની રાહબરી હેઠળ હેડ કોન્સ્ટેબલ અર્જુનભાઈ ડવ, કોન્સ્ટેબલ મયુરસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલની મહત્વ દરમિયાન મળેલી બાતમીના આધારે પેડક રોડ પર આર્યનગર (ઉ.વ. ૨૧) માં રહેતા બીરૂ ન્યાદિયો આલદાર મરાઠાના મકાનમાં દરોડો પાડ્યો હતો. પોલીસે અહીં જુગાર રમતા છ શખસોને ઝડપી લીધા હતા. જેમાં બીરુ (ઉ.વ.૪૦) ઉપરાંત ધનાજી અબાસો આલદાર (ઉ.વ. ૩૨), મનસુર ગુલાબભાઈ બિલવડે (ઉ.વ. ૩૬), સાગર બાનુદાસ દુદાળ(ઉ.વ. ૩૪), અશ્વિન રવજીભાઈ (ઉ.વ. ૪૧) અને અક્ષય યશવંતે (ઉ.વ. ૨૪)નો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ રૂપિયા ૨૬,૬૦૦ કબજે કર્યા હતા. જુગાર રમતા ઝડપાયેલા આ શખસો ઈમીટેશનના કારીગર છે આરોપી બીરૂ નાલ ઉઘરાવી જુગાર રમાડતો હતો.જુગારના અન્ય દરોડામાં એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ જે.વી.વાઢીયાની રાહબરી હેઠળ પી.એસ.આઈ એસ.એન. રાણાની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ કનુભાઈ બસીયા, ધર્મેશભાઈ ખાંડેખા, ધર્મેશભાઈ પરમાર સહિતનો સ્ટાફને મળેલી બાતમીના આધારે વિજય પ્લોટ શેરી નંબર ૧૧ સુઝુકીના શોરૂમની બાજુમાં જાહેર રોડ પર ઘોડી પાસાનો જુગાર રમતા ચાર શખસોને ઝડપી લીધા હતા જેમાં જયેશ ભાવસિંહભાઈ જરીયા, અશોક માધુસંગભાઈ જરીયા, મહંમદ સિદ્દીકભાઈ પરમાર અને બકુલ બાલશંકર મહેતાનો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ રૂપિયા ૨૧૧૦ કબજે કર્યા હતા.

અખાત્રીજના મુહૂર્તથી

# તાલાલા યાર્ડમાં કેસર કેરીની હરાજીનો પ્રારંભ: ગૌ માતાના લાભાર્થે પ્રથમ બોક્સનું ૧૭૦૦૦માં વેચાણ

## તલાલા યાર્ડમાં પ્રથમ દિવસે ૧૦.૪૦૦ બોક્સની આવક, સૌરાષ્ટ્રના વેપારીઓનો કેરી ખરીદવા તાલાલામાં મુકામ

### ગૌ માતાના લાભાર્થે પ્રથમ બોક્સ ૧૭૦૦૦માં વેચાયુ પાંચ બોક્સના ૫૭,૭૭૦ ગૌશાળામાં અર્પણ



તાલાલા માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરી ના મૂરતના સોદા અગાઉ યાર્ડની પરંપરા મુજબ અલગ-અલગ પાંચ પેઢીના વેપારીઓએ પ્રથમ બોક્સ ગૌ માતાના લાભાર્થે વેચવાની પરંપરા આ વખતે પણ યથાવત રાખી હતી, નવિ સીઝન ના શ્રી ગણેશ કરવાના મુરતમાં ભોલે બાબા મેંગો નું પ્રથમ બોક્સ ૧૭૦૦૦, ભાગ્યોદય મેંગો, ૧૧૫૫૧, કિસાન મેંગો ૧૧૧૧૧, ભાગ્યલક્ષ્મી મેંગો ૧૦૧૧૧, રામદૂત મેંગો ૮૦૦૦ નું પ્રથમ બોક્સ વેચાયું હતું આ પાંચ પેઢી દ્વારા પ્રથમ કેરીના બોકસની કુલ આવક ૫૭૭૭૦ વિવિધ ગૌશાળાઓને અર્પણ કરવામાં આવી હતી





**અબતક, લીલાધર હરવાણી, તાલાલા**

ફળોની મહારાણી ગીરની કેસર કેરી ની સીઝન નો ગઈકાલે ધામધૂમથી પ્રારંભ થઈ ચૂક્યો છે અખાત્રીજ ના મુરતે તા, ૧૯ એપ્રિલે તાલાલા યાર્ડમાં કેસર કેરી ની હરાજીની પ્રારંભ થયો હતો, તાલાલા યાર્ડની પરંપરા મુજબ કેસર કેરીની હરાજી નારંભે ગૌમાતા ના લાભાર્થે પ્રથમ બોક્સનું વેચાણ થાય છે ગઈકાલે પાંચ પેઢીઓના વેપારીઓએ પ્રથમ બોકસગો માતાના લાભાર્થે વેચાણ કરી નવી સિઝનના શ્રી ગણેશ કર્યા હતા જેમાં ભોલે બાબા મેંગો ના પ્રથમ બોકસ ૧૭૦૦૦, મહત્તમ ભાવે વેચાયું હતું. પ્રથમ દિવસે ૧૦૪૦૦ બોકસની આવક થઈ હતી, મુરતના દિવસે કેસર કેરીના બોકસના રૂપિયા ૧૨૫૦ મા વેચાણ થયું હતું અને સૌથી નબળા માલ ના કેરીનો ભાવ ૪૫૦ રહેવા પામ્યા હતા. તાલાલા માર્કેટિંગ યાર્ડ ગીરની કેસર કેરી વેચાણનું મુખ્ય કેન્દ્ર હોય ગયા વખતે પ્રથમ દિવસે ૧૦ કિલોના ૧૪૫૦૦ બોક્સની આવક થઈ હતી, અને સારામાં સારી કેરીના બોક્સના ૧૫૦૦ મા વેચાવ થયું હતું આ વર્ષે બોક્સ ની આવક અને ભાવમાં પ્રારંભિક ઘટાડો જોવા મળ્યો છે, કેસર કેરીના ભાવ ગત વર્ષની સરખામણી આ વર્ષે ઓછો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, પરંતુ કેરીનો પાકપાછોતરો વધુ હોય તેમ પ્રથમ દિવસે કેરી વેચવા આવેલા ખેડૂતોએ પોતાનો મત વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ વખતે પાક પાછોતરો હોય કેરીનો ભાવ સમતલ રહેશે,

અખાત્રીજના મુહર્તે ગઈકાલે તાલાલા યાર્ડમાં કેસર કેરીની સીઝનના પ્રથમ દિવસે કેરી અને ફ્રુટ ના વેપારીઓ તાલાળામાં ઉમટી પડ્યા હતા તાલાલા માર્કેટિંગ યાર્ડ કેસર કેરીની હરાજી નાપ્રારંભે યાર્ડના ચેરમેન સંજયભાઈ શિંગાળા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અમિતભાઈ ઉનડકટ, સહકારી બેંકના ડાયરેક્ટર ભુપતભાઈ હિરપરા, ખેડૂત આગેવાન મહેન્દ્રભાઈ પિઠીયા સહિતના આગેવાનો એ કેસર કેરી ની નવી સિઝનનો ઉમળકાભેર આવકાર આપી ખેડૂતોને સારા ભાવની શુભેચ્છા પાઠવી હતી ત્યારના સેક્રેટરી રમેશભાઈ ડાંડ અને કર્મચારીઓએ યાર્ડની હરરાજીની વ્યવસ્થા ગોઠવી હતી.

મહત્વનું છે કે સૌરાષ્ટ્રમાં દર વર્ષે અંદાજે ૩ લાખ ૩૪ હજાર મેટ્રિક ટનથી વધુ કેસર કેરીનું ઉત્પાદન થાય છે. જોકે આ વર્ષે કેરીનું ઉત્પાદન ઓછું રહેતા લાંબા ગાળે કેરીના ભાવમાં ઘટાડો થાય તેવી શક્યતા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. અને કેરીની આવકને પગલે માર્કેટ યાર્ડમાં વેપારીઓ અને ખેડૂતોને પૂરતી વ્યવસ્થા મળી રહે તે પ્રમાણેનું આયોજન કરાઈ રહ્યું છે. ચાલુ વર્ષે સિઝન ગત વર્ષ ૨૬ એપ્રિલ ૨૦૨૫ કરતા સાત દિવસ વહેલી શરૂ થઈ છે. જોકે, કમોસમી વરસાદ અને માવઠાની અસરને કારણે ઉત્પાદનમાં ઘટાડો જોવા મળ્યો છે. ગત વર્ષે પ્રથમ દિવસે ૧૪,૫૦૦ બોક્સની આવક સામે આ વર્ષે ૪,૧૦૦ બોક્સનો ઘટાડો નોંધાયો છે.ખેડૂતો અન્ય શહેરો જેવા કે જૂનાગઢ કે રાજકોટ જવાને બદલે તાલાલા યાર્ડને વધુ પસંદ કરે છે, કારણ કે અન્ય યાર્ડમાં ૧૦% સામે અહીં માત્ર ૮% કમિશન લાગે છે. વાહન ભાડાનો ખર્ચ ઓછો આવે છે અને ઘરઆંગણે જ માર્કેટ મળે છે.આ સિઝન આગામી ૫૦ થી ૬૦ દિવસ સુધી ચાલશે. જેમ જેમ આવક વધશે તેમ આઈસ્ક્રીમ, પલ્પ અને સોફ્ટડ્રિંક બનાવતી મોટી કંપનીઓ પણ ખરીદી માટે મેદાનમાં ઉતરશે.

# સૌરાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ખર્ચ પર નજર રાખવા નિરીક્ષકોની નિમણુંક

### જિલ્લા મુજબ નિરીક્ષકોના નામ

૧. રાજકોટ મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયત અમદાવાદથી સહાયક રાજ્યવેરા કમિશનર અમૃત પરમાર
૨. જામનગર મહાનગરપાલિકા અને સિક્કા નગરપાલિકા જૂનાગઢ કચેરીના સહાયક કમિશનર સંકેત બોઘરા
૩. અમરેલી જિલ્લોતથા ગીર સોમનાથની કેટલીક નગરપાલિકા ભાવનગરથી સહાયક કમિશનર કિશનલાલ ચાવડા
૪. મોરબી મહાનગરપાલિકા અને અન્ય અમદાવાદથી સહાયક રાજ્યવેરા કમિશનર મોની ઉપાધ્યાય
૫.જૂનાગઢ જિલ્લો રાજકોટ કચેરીના અધિકારી કલ્પેન હિરપરા
૬. દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને પેટા ચૂંટણી અમદાવાદથી વેરા કમિશનર ભુપતભાઈ ડાંગર

### નાણાકીય લેણદેણ પર વોચ, રજીસ્ટર અને વાઉચરની કડક તપાસ થશે, નિયત સમયમર્યાદામાં ખર્ચના હિસાબો રજૂ કરવા આદેશ

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગે સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય તેમજ પેટા ચૂંટણીઓને વધુ પારદર્શક અને નિષ્પક્ષ બનાવવા માટે મહત્વનું પગલું ભર્યું છે. સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ચૂંટણી ખર્ચ પર કડક નજર રાખવા માટે ખાસ ખર્ચ નિરીક્ષકોની નિયુક્તિ કરવામાં આવી છે. આ નિરીક્ષકો રાજ્યવેરા કમિશનર કચેરીના અનુભવી અધિકારીઓ છે, જેઓ નાણાકીય લેણ-દેણ, ખર્ચના રજીસ્ટર તથા વાઉચરની વિગતવાર તપાસ કરશે.

રાજકોટ મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ માટે અમદાવાદથી સહાયક રાજ્યવેરા કમિશનર અમૃત પરમારને ખર્ચ નિરીક્ષક તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. તેવી જ રીતે જામનગર મહાનગરપાલિકા અને સિક્કા નગરપાલિકા માટે જૂનાગઢ કચેરીના સહાયક કમિશનર સંકેત બોઘરાની નિમણૂક કરવામાં આવી છે. આ અધિકારીઓ ઉમેદવારોના ખર્ચના રજીસ્ટર અને વાઉચરની નિયમોનુસાર તપાસ કરશે. અમરેલી જિલ્લાની તમામ તાલુકા પંચાયતો અને છ નગરપાલિકાઓ માટે ભાવનગરથી સહાયક કમિશનર કિશનલાલ ચાવડાની નિમણૂક કરવામાં આવી છે. તેમને જ ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ-પાટણ, ઉના અને સુત્રાપાડા જેવી નગરપાલિકાઓ પર દેખરેખ રાખવાની પણ જવાબદારી સોંપાઈ છે.

મોરબીમાં મહાનગરપાલિકા અને અન્ય નગરપાલિકાઓ માટે અમદાવાદથી સહાયક રાજ્યવેરા કમિશનર મોની ઉપાધ્યાયને તૈનાત કરવામાં આવ્યા છે. જૂનાગઢ જિલ્લા માટે રાજકોટ કચેરીના અધિકારી કલ્પેન હિરપરા તથા દેવભૂમિ દ્વારકા અને પોરબંદર મહાનગરપાલિકા અને જિલ્લાની પેટા ચૂંટણીઓ માટે અમદાવાદથી વેરા કમિશનર ભુપતભાઈ ડાંગરની નિમણૂક થઈ છે. દ્વારકાની સલાયા અને જૂનાગઢની બાંટવા નગરપાલિકામાં પેટા ચૂંટણીઓ યોજાવાની હોવાથી ત્યાં વિશેષ તકેદારી રાખવામાં આવશે. આ નિરીક્ષકો ચૂંટણી દરમિયાન ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ખર્ચ પર ચાંપતી નજર રાખશે.

આ નિમણૂકને કારણે ઉમેદવારોને સાવધાન રહેવાની જરૂર છે. તેઓએ ચૂંટણી ખર્ચના તમામ વિવરણો સાચી રીતે રેકોર્ડ કરવા અને સમયસર જમા કરાવવા જોઈએ. કોઈપણ પ્રકારના અનિયમિતતા અથવા અતિશય ખર્ચથી બચવું જરૂરી છે, કારણ કે નિરીક્ષકો તેની કડક તપાસ કરશે.

આ વ્યવસ્થા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને વધુ મજબૂત અને વિશ્વાસપાત્ર બનાવવામાં મદદરૂપ થશે તેવી આશા છે.


પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ
અબતક ® સાંધ્ય દૈનિક

વાર્ષિક લવાજમ યોજના
૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭

યોજના નં. ૧
લવાજમ
રૂ.૧૧૧૧/-
બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ




યોજના નં. ૨
લવાજમ
રૂ.૧૨૨૫/-
પ્રીમીયમ ૧ કિલો ચા




વિશેષ નોંધ:
(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળ: અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.
આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234